આપણા જ આચાર્ય
શ્રીપુરુષોત્તમજી લેખવાલા

શ્રીપુરુષોત્તમજી

ગુજરાતી : ભાદરવા સુદ અગિયારસ



પીતાંબરસુતઃ ખ્યાતઃ પુરુષોત્તમસંજ્ઞકઃ। ભાષ્યાદિગ્રંથ જાતસ્ય વ્યાખ્યાતા વેદશાસ્ત્રવિદ્।।

શ્રીપીતાંબરજીના શ્રીપુરુષોત્તમજી નામના પુત્ર પ્રસિદ્ધ છે. આપશ્રી ભાષ્ય વગેરે ગ્રંથોના વ્યાખ્યાતા અને વેદશાસ્ત્રોના જાણકાર હતા.

સંકલન - લેખન :

ડૉ. પીયૂષ પરીખ

અનુક્રમણિકા

(૧) ગુરુવંદના અર્પણ

(૨) પૂ.પા., ગો. શ્રી (ડૉ.) વાગીશકુમારજીનો ઋણસ્વીકાર

(૩) પૂ.પા. ગો. શ્રી (ડૉ.) વાગીશકુમારજીનાં આશીર્વચનો

(૪) પૂ.પા. ગો. શ્રી શરદબાવાનો ઋણસ્વીકાર

(૫) પ.ભ. બ્રહ્મર્ષિ, અધ્યા. (ડૉ.) કેશવરામ કાશીરામ શાસ્ત્રીજીનો ઋણસ્વીકાર

(૬) પ.ભ. બ્રહ્મર્ષિ, અધ્યા. (ડૉ.) કેશવરામ કાશીરામ શાસ્ત્રીજીના આશીર્વચનો

(૭) પ.ભ. બ્રહ્મર્ષિ નવનિતપ્રિય શાસ્ત્રીજીના આશીર્વચનો

(૮) હૃદયની બે વાતો

(૯) શ્રીપુરુષોત્તમજીના જીવન વિશે અનિર્ણિત માહિતી

(૧૦) શ્રીપુરુષોત્તમજીના પ્રાકટ્ય - વખતના સમયની દેશ-સંપ્રદાયની પરિસ્થિતિ ૩

(૧૧) શ્રીપુરુષોત્તમજીનું પ્રાકટ્ય અને જન્માક્ષર ૫

(૧૨) શ્રીપુરુષોત્તમજીનો વંશ પરિચય ૭

(૧૩) શ્રીપુરુષોત્તમજીના માતાપિતા-વિદ્યાગુરુ તથા પ્રાકટ્ય - સ્થળ ૮

(૧૪) શ્રીપુરુષોત્તમજીની બાલ્યાવસ્થા ૯

(૧૫) શ્રીપુરુષોત્તમજીનો વિદ્યાભ્યાસ ૧૦

(૧૬) શ્રીપુરુષોત્તમજીનો ગૃહસ્થાશ્રમ ૧૨

(૧૭) શ્રીપુરુષોત્તમજીના ગૃહસ્થાશ્રમ દરમ્યાનના કેટલાક ઉલ્લેખનીય પ્રસંગો ૧૭

(૧૮) શ્રીપુરુષોત્તમજીની કલારુચિ ૨૦

(૧૯) શ્રીપુરુષોત્તમજીનું લેખનકાર્ય તથા વિદ્યાનુરાગ ૨૨
(૨૦) શ્રીપુરુષોત્તમજીની લેખનશૈલી ૨૩
(૨૧) શ્રીપુરુષોત્તમજીના વ્યક્તિત્વની અને વિચારોની કેટલીક વિશેષતાઓ - વિશિષ્ટતાઓ ૨૪
(૨૨) શ્રીપુરુષોત્તમજીના આકૃતિર્ગુણાન્ કથયતિ ૩૦
(૨૩) શ્રીપુરુષોત્તમજીનો દિગ્વિજય ૩૦
(૨૪) શ્રીપુરુષોત્તમજીનો અપ્પય દીક્ષિત સાથે શાસ્ત્રાર્થ અને અપ્પય દીક્ષિત રચીત શિવતત્ત્વવિવેક ગ્રંથ ૩૧
(૨૫) શ્રીપુરુષોત્તમજીનો પ્રહસ્તવાદ ૩૪
(૨૬) શ્રીપુરુષોત્તમજી - લિખિત ગ્રંથો ૪૧
(૨૭) શ્રીપુરુષોત્તમજી - લિખિત અવતારવાદાવલિ ૪૨
(૨૮) શ્રીપુરુષોત્તમજી - લિખિત પ્રહસ્તવાદ અને તેની ટીકા ૪૩
(૨૯) સેવ્યસ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી ૪૬
(૩૦) ગુરુ તરીકે શ્રીપુરુષોત્તમજી ૪૮
(૩૧) શ્રીહરિરાયજી મહાપ્રભુજીની દૃષ્ટિમાં શ્રીપુરુષોત્તમજી ૫૦
(૩૨) શ્રીપુરુષોત્તમજીની અદ્વિતીયતા ૫૧



તૃતિયગૃહ – પીઠાધીશ

પૂ.પા., ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી

(કાંકરોલી-વડોદરા)

આપશ્રીનાં ચરણકમલોમાં આ પુસ્તિકા સદૈન્ય અર્પણ કરિયે છીયે.
સૌ. વર્ષા અને ડૉ. પીયૂષ પરીખના દંડવત્ પ્રણામ

હે ગુરુદેવ!
આપ જ અશક્યને સુશક્ય કરો છો.
આપ જ દુર્બોધને સુબોધ કરો છો.

આ પુસ્તિકા વિશે હૃદયની બે વાતો

પાટણ મારી જન્મભૂમિ. અહીં પૂ. દાદીમા ગો.વા. ચંદનબા, પૂ. માસીબા ગો.વા. મંગુબા, ગો.વા. પૂ. નર્મદાશંકર મુખિયાજી કાકા, ગો.વા.પૂ. જમુફઈબા, પ.ભ.પૂ. શ્રીરમણિકભાઈ તથા પ.ભ., પૂ.શ્રી વ્રજરત્નમામાએ પુષ્ટિમાર્ગીય સંસ્કારોનું મારામાં સિંચન કર્યું.

તબીબ બની ઈ.સ. ૧૯૭૬માં ભરૂચ આવ્યો ત્યારે મારી પાસે તબીબી ઉપાધિ સાથે માર્ગીય સંસ્કારોની અલૌકિક મૂડી હતી. આ સંસ્કારોને લીધે જ પ્રભુએ મને પ.ભ. શ્રીવૈકુંઠભાઈ મેળવી આપ્યા. પ.ભ. શ્રીવૈકુંઠભાઈની કા'નીથી કોક વાર વિદ્વાન શાસ્ત્રીજીનો અને ગોસ્વામી બાલકોનો અલૌકિક લાભ મળતો રહ્યો.

આશરે ચારેક વર્ષ બાદ પ.ભ. શ્રીવૈકુંઠભાઈ મને સુરત લઈ ગયા. અહીં મને મોટા મંદિરમાં પૂ.ગો. શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (પૂ. દાદજી)ના દર્શન થયાં. આપશ્રીના ચરણસ્પર્શ લીધા. આ પ્રથમ જ મુલાકાત આપશ્રી સાથેની. આપે પ્રથમ મુલકાતમાં જ મારા પર અહૈતુકી કૃપા કરતાં અજ્ઞા કરી કે પીયૂષભાઈ, તમે અમારા જ છો. ભાદરવા મહિનાને શરૂ થવામાં એ વખતે થોડા દિવસો બાકી હતા. આપશ્રીએ આજ્ઞા કરી કે પીયૂષભાઈ, આ વખતે શ્રીપુરુષોત્તમજી લેખવાલાના જીવચરિત્ર પર એક વકતવ્ય સુરત આવીને આપો. સાનંદાશ્ચર્ય અનુભવતાં મેં આજ્ઞા શિરોમાન્ય કરી. પ.ભ. શ્રીવૈકુંઠભાઈ મને શ્રીચિમનલાલજી શાસ્ત્રીજી પાસે લઈ ગયા. ત્યાંથી શ્રીપુરુષોત્તમજી વિશે કંઈક સાહિત્ય મળ્યું. પ્રભુએ તૈયારી કરાવી અને શ્રીપુરુષોત્તમજીના જન્મદિને સુરત, મોટા મંદિરમાં, પૂ. દાદાજીના બેઠક - સભાગૃહમાં, પૂ. દાદાજીની છત્રછાયામાં, નિ.લી. ગો. શ્રીબાલકુષ્ણલાલજી બાવા તથા પૂ.પા. ગો. શ્રીવલ્લભબાવાશ્રીની ઉપસ્થિતિમાં મેં સુરતના વૈષ્ણવો સમક્ષ પ્રવચન કર્યું આ મારું સાંપ્રદાયિક પ્રથમ જાહેર પ્રવચન હતું.

એ દિવસથી મારા મનમાં શ્રીપુરુષોત્તમજી લેખવાલા વિશે લખવાનું બીજ વવાયું હતું. સમય જતાં એ નિરીક્ષણ પણ કર્યું કે સ્વમાર્ગમાં અનેક સમર્થ આચાર્ય બાલકો થઈ ગયા છે. શ્રીગોપીનાથજી અને શ્રીપુરુષોત્તમજી લેખવાલા એઓમાં આગવું સ્થાન ધરાવે છે. આમ છતાં વૈષ્ણવી સમાજમાં

આ બે આચાર્યો વિશે જાણકારી ખાસ નથી, એટલું જ નહિ આ બે સમર્થ આચાર્યો વિશે કંઈક ઉપેક્ષા જેવું લાગે છે. મારા મનમાં આ બે આચાર્યો વિશે લખવાનો મનોરથ તીવ્ર બનતો ગયો. ફલ-સ્વરૂપે ગયા વર્ષે આપણા આચાર્ય 'શ્રીગોપીનાથજી'ની પુસ્તિકાનું સંકલન તેમ લેખન ગુરુકપાથી થયું.

શ્રીપુરુષોત્તમજી લેખવાલાએ તો મારી મનોભૂમિમાં શ્રીગોપીનાથજી કરતાં પણ પહેલો પ્રવેશ કરેલો. પ્રભુકૃપાથી આજે ૨૪ વર્ષ બાદ મનમાં ધરબાયેલું બીજ પુસ્તિકાકારે ફલિત થઈ રહ્યું છે, આનો મને અત્યંત આનંદ છે. પ.પૂ. દાદાજીનું વારંવાર સ્મરણ થાય છે. આપશ્રીએ રોપેલું બીજ આજે ફલિત થયું છે. આપશ્રીના આશીર્વાદનો અને કૃપાનો આ પરિપાક છે. આ મંગલ અવસરે આપશ્રીના ચરણયુગ્મમાં કોટિ કોટિ દંડવત્ પ્રણામ નિવેદિત કરું છું. પ.પૂ. દાદાજી તરફના મારા ભાવને એક શાયરની બે પંક્તિઓમાં થોડા ફેરફાર સાથે આ રીતે લખું છું. :

''યહ બતા દો કિ આપશ્રી કો દિલ સે ભૂલાઊં કૈસે
આપશ્રી કી યાદોં કે ચિરાગોં કો બુઝાઊં કૈસે ?''

આ પુસ્તિકા માટે શ્રીરમેશભાઈ પરીખના પુસ્તક 'શ્રીપુરુષોત્તમજી' તથા ડૉ. એ. ડી. શાસ્ત્રીના પુસ્તક Purushottamji : A Study નો સાથ કર્યો છે. આ બંને મહાનુભાવોનો ખૂબ જ આભારી છું.

શ્રીપુરુષોત્તમજીનાં ચિત્રજી માટે 'નિકુંજનાયક શ્રીનાથજી' - શ્રીમતી રેખાબહેન ભરતભાઈ રાજપોપટ, સંપાદક - તથા શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટનાં શ્રીમતી વસંતબહેન ર. પરીખનો પણ એટલો જ અભારી છું.

પ.ભ. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી લિખિત - શ્રીભાગવત - રસાસ્વાદ તથા પુષ્ટિપુલિન ગ્રંથ પણ મને આ લેખનમાં ઉપયોગી થયા છે. આપનો પણ આભાર.

વ્યવસાય સાથે આ પ્રકારની નામસેવા કરવી મારા માટે અઘરું કામ છે, પણ મરાં પત્ની સૌ. વર્ષાએ મારે અદા કરવાની સામાજિક ફરજો નિભાવી લઈ, મને આ નામસેવામાં ખૂબ મદદ કરી છે એનો આભારી છું. શ્રીવૈકુંઠભાઈ ભગતે પણ પ્રુફ સેવા કરી છે, એઓનો પણ આભારી છું.

દાસાનુદાસ પીયૂષના વંદન

શ્રીપુરુષોત્તમજીના જીવન વિશે અનિર્ણિત માહિતી

- એક મત અનુસાર શ્રીપુરુષોત્તમજીને ચાર પત્નીઓ હતાં.

- એક મત અનુસાર આપશ્રીને ત્રણ પત્નીઓ હતાં.

- પત્રાવલંબન ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ લખ્યો છે. આ ગ્રંથની ૩૧મી કારિકાની શ્રીપુરુષોત્તમજીએ પુર્તિ કરી છે. આવો એક મત છે. આ જ કારિકા માટે બીજો મત છે કે આ કારિકા શ્રીમહાપ્રભુજીએ લખેલી જ, પણ પ્રાપ્ત થતી ન હતી, શ્રીપુરુષોત્તમજીને એ પ્રાપ્ત થઈ અને શ્રીમહાપ્રભુજીએ જ એ લખી છે એવું શ્રીપુરુષોત્તમજીએ સ્પષ્ટ કરી એ કારિકાનો સમાવેશ કર્યો.

- શ્રીપુરુષોત્તમજીનાં માતૃચરણ વિશે કોઈ માહિતી નથી.

- આપશ્રીએ ક્યાં ભૂતલત્યાગ કર્યો એની પણ ચોક્કસ માહિતી નથી. આપશ્રી ભૂતલ પર કેટલાં વર્ષો બિરાજ્યા એ માહિતી પણ નિશ્ચિતપણે પ્રાપ્ત થતી નથી.

- આપશ્રીનું નવ લાખ શ્લોક - પ્રમાણેનું સઘળું સાહિત્ય ઉપલબ્ધ નથી.

આ મુદ્દાઓ તરફ એટલા માટે ધ્યાન દોરું છું કે આવા અતુલિત સામાર્થ્યવાળા આચાર્યશ્રી માટે પણ માર્ગમાં ચોક્કસ કોઈ એકવાક્યતા મળતી નથી. આ માટે વૈષ્ણવ સમાજે આત્મમંથન કરવું રહ્યું.

આ પુસ્તિકા મારા પૂર્વજો
(બેચરદાસ ગલાલદાસના કુટુંબમાં થયેલા ભગદીયો)
તથા જેની વસમી વિદાયે મારા જીવન-વહેણને
વ્રજાધિપની સંમુખ વહાવ્યું તેવાં
મારા ગો.વા. પત્ની (ડૉ. વીણા)
અને
પુત્રો (ચિરાગ અને ચિંતન)ના
સ્મણાર્થે પ્રસિદ્ધ કરું છું.

ડૉ. પીયૂષ પરીખ

શ્રીવલ્લભ:

ભૂતલ પર ત્રણ વંશો એવા થયા છે કે જે સ્મરણ કરવા યોગ્ય છે : ત્રેતાયુગમાં રઘુવંશ, દ્વાપરયુગમાં યદુવંશ અને કલિયુગમાં વલ્લભવંશ.

રઘુવંશમાં શ્રીરામચંદ્રજીનું પ્રાકટ્ય થયું. એઓ મર્યાદાપુરુષોત્તમ હતા. શ્રીકૃષ્ણચંદ્રના એઓ હાસ્યાવતાર હતા, યદુવંશમાં શ્રીકૃષ્ણચંદ્રજીનું પ્રાકટ્ય થયું. સારસ્વત કલ્પમાં, ગોકુલમાં પ્રગટેલા શ્રીકૃષ્ણ તો પુષ્ટિપુરુષોત્તમ છે, સર્વ અવતારોના અવતારી છે.

રઘુવંશ અનો યદુવંશમાં ક્રમશ: મર્યાદાપુરુષોત્તમ અનેપુષ્ટિપુરુષોત્તમનું પ્રાકટ્ય થયું, પણ વશં તો મૂળ પુરુષ રઘુ અને યદુના નામથી જ વિખ્યાત થયા છે.

કલિયુગમાં શ્વેતવારાહ કલ્પના વલ્લભવંશની આ બે વંશ કરતાં વિશિષ્ટતા છે. શ્રીવલ્લભનું સ્વરૂપ ત્રિતયાત્મક છે. પૂર્ણબ્રહ્મ શ્રીકૃષ્ણના મુખારવિંદનું આપશ્રી પ્રાકટ્ય છે. આપશ્રીનું પ્રાકટ્ય આંધ્રપ્રદેશના તૈલંગ કુળમાં થયેલું. આ કુળની વંશપરંપરામાં થયેલા પૂર્વ પુરુષો હતા, શ્રીગોવિંદાચાર્ય, એમના પુત્ર શ્રીવલ્લભ દીક્ષિત તથા એમના પુત્ર શ્રીયજ્ઞનારાયણ ભટ્ટ, પુષ્ટિસંપ્રદાયમાં શ્રીયજ્ઞનારાણ ભટ્ટને મૂળ પુરુષ તરીકે ઓળખવામાં આવે છે. એઓ વેદનો અવતાર મનાતા. એમણે એમના જીવનકાળ દરમ્યાન ૩૨ સોમયજ્ઞો કરેલા. એક વખત સોમયજ્ઞની પૂર્ણાહૂતિ વખતે સ્વયં ભગવાન શ્રીમદનમોહનજી પ્રકટ થયેલા અને આશીર્વાદ આપતાં કહ્યું કે તમારા વંશમાં સો સોમયજ્ઞ પૂર્ણ થશે, ત્યારે હું તમારે ત્યાં પ્રગટ થઈશ. સ્વધર્મનું રક્ષણ કરીશ.

શ્રીયજ્ઞનારાયણ ભટ્ટના પુત્ર થયા શ્રીગંગાધર ભટ્ટ, એઓ શ્રીમહાદેવજીના અવતાર મનાતા. એમણે પોતાના જીવનકાળ દરમ્યાન ૨૮ સોમયજ્ઞો કર્યા. એમના પુત્ર શ્રીગણપતિ ભટ્ટ થયા. એઓ ગણપતિના જ અવતાર મનાતા. એમણે પોતાના જીવનકાળમાં ૩૦ સોમયજ્ઞો કર્યા. એમના પુત્ર શ્રીબાલંભટ્ટ (વલ્લભ ભટ્ટ) થયા. એમણે પાંચ સોમયજ્ઞો કર્યા. એમના બે પુત્રો થયા : શ્રીલક્ષ્મણ ભટ્ટજી અને શ્રીજનાર્દન ભટ્ટ. શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ પાંચ સોમયજ્ઞો કર્યા. આ સાથે આ વંશમાં સો સોમયજ્ઞો પૂરા થયા અને સાક્ષાત્ પ્રભુ શ્રીવલ્લભસ્વરૂપે પ્રકટ થયા.

જે વંશમાં આપ પ્રકટ્યા તે વંશ રઘુ તથા યદુવંશની જેમ પૂર્વપુરુષ શ્રીગોવિંદાચાર્યના નામથી ન ઓળખાયો, મૂળ પુરુષ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટના નામથી પણ ન ઓળખાયો, પણ શ્રીવલ્લભના નામથી આ વંશ ઓળખાયો.

વલ્લભવંશની વિશેષતા એ છે એકધારી વિદ્વત્તા અને સાહિત્યસેવા. પૂર્વપુરુષ શ્રીગંગાધર ભટ્ટે ‘મીમાંસારહસ્ય’ ગ્રંથ રચ્યો. શ્રીગણપતિ ભટ્ટે ‘સર્વતંત્રનિગ્રહ’ નામનો ગ્રંથ રચ્યો. બાલંભટ્ટે ઘણા ગ્રંથો રચ્યા તેથી એઓ ‘દશગ્રંથી’ તરીકે ઓળખાતા. શ્રીવલ્લભે ૮૪ ગ્રંથો રચ્યાનું માનય છે, પણ હાલમાં એ પૈકીના ૩૧ ગ્રંથો પ્રાપ્ત છે. શ્રીવલ્લભના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીએ ‘સાધનદીપિકા’ તથા ‘શિક્ષાશ્લોકાઃ’ એમ બે ગ્રંથો લખ્યા. નાના પુત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ લગભગ ૫૦ જેટલા ગ્રંથો રચ્યા છે. શ્રીગુસાંઈજીથી લઈ આજ પર્યંત શ્રીવલ્લભવંશ સતત સાહિત્યસેવા કરતો રહ્યો છે.

કવિ નાનાલાલ શ્રીવલ્લભવંશને બિરાદવતાં લખે છે : ‘‘જગતના ઈતિહાસમાં આ જ એક અજોડ વંશ છે જે વંશમાં સતત સાડા ચારસો વર્ષ સુધી એકધારી વિદ્વત્તા અને સાહિત્યસેવાનાં દર્શન થાય છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી અને એમના વંશજોની આવી સાહિત્યોપાસના જગતના ઈતિહાસમાં અદ્વિતીય અને અમર છે.’’

શ્રીગુસાંઈજીના સેવક બાલકવિ ગોપાલદાસજી એટલે જ સ્વરચિત ‘શ્રીવલ્લભાખ્યાન’માં ગાય છે : ‘‘નિત્ય પ્રતિ ક્ષણ ક્ષણ સમરિયે શ્રીવલ્લભનો પરિવાર રે રસના.’’

આવા અલૌકિક કુળમાં, સંવત ૧૭૧૪માં એક અદ્‌ભૂત બાળકનું પ્રાકટ્ય થયું. જે પોતાની નામસેવાથી ‘લેખાવાળા’ તથા પોતાના કામથી ‘દશદિગંતવિજયી’ તરીકે ઓળખાયા, એ બાલક જ આપણા ચરિત્રનાયક ‘શ્રીપુરુષોત્તમજી’. કેટલાક મહાનુભાવો આપશ્રીને શ્રીગોપીનાથજીનું પ્રાકટ્ય કહે છે, કેટલાક આપશ્રીને ‘પ્રમાણસાગર’ તરીકે ગણે છે.

શ્રીપુરુષોત્તમજીના પ્રાકટ્ય - વખતના સમયની દેશપરિસ્થિતિ [૧]

આશરે ૩૪૫ વર્ષ પહેલાંનો કાળ હતો. શ્રીમહાપ્રભુજીએ લખેલા ‘કૃષ્ણાશ્રય’ ગ્રંથમાં ‘મ્લેચ્છાક્રાંતેષુ દેશેષુ’માં વર્ણિત દેશપરિસ્થિતિ હતી. ભારતવર્ષમાં બહાદુરશાહ પછી આવેલો મુહમ્મદશાહ નામનો મુઘલ શાસક એ વેળા હતો. પરિણામે મુઘલ - સર્વોપરિતાનો ભ્રમ હજુ અમુક પ્રમાણમાં જળવાઈ રહ્યો હતો, પણ વાસ્તવમાં નિરંતર સ્વતંત્ર રાજ્યો સામ્રાજ્યથી અળગાં થઈ સ્થપાઈ રહ્યાં હતાં.

ફારસી ભાષાનો પ્રભાવ સાહિત્યમાં ખૂબ જ હતો. ફારસી ભાષામાં લખનારા ભારતીય કવિઓમાં ફૈઝી અને બેદિલ અત્યંત લોકપ્રિય હતા.

સ્થાપત્ય અને ચિત્રકલામાં પણ મુસ્લિમ શૈલી પ્રકટ થતી હતી. ટૂંકમાં, સમગ્ર રીતે યવન - આક્રમણ હતું જ. વધારામાં અંગ્રેજી પ્રભાવ પણ ધીરે ધીરે વધતો જતો હતો. મોટા ભાગની વસ્તીને આંગલ પરિવેશ ગમતો અને સ્વીકારાતો.

સંપ્રદાયની પરિસ્થિતિ [૨]

વિપરીત સમયની અસરો તત્કાલીન સંપ્રદાયો પર પડ્યા વગર પણ કેમ રહે ?

શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઈજીએ, શ્રીગુસાંઈજી પછી શ્રીગોકુલનાથજીએ, શ્રીગોકુલનાથજી પછી શ્રીહરિરાયજીએ ઉત્તરોત્તર પુષ્ટિમાર્ગની વિજયપતાકા સર્વત્ર ફરકાવી. શ્રીહરિરાયજીએ ૧૨૦ વર્ષ બિરાજી શુદ્ધ પુષ્ટિનું દાન સ્વશરણાગત જીવોને કર્યું. શ્રીહરિરાયજીની કૃપાથી અનેક વૈષ્ણવોને પ્રભુકૃપાનું ફલ મળ્યું. શ્રીગોકુળનાથજી તથા શ્રીહરિરાયજીનાં હૃદય એટલાં તો ઉદાર હતાં કે નીચ અને ઉચ્ચનો ભેદ રાખ્યા વિના સર્વને ભજનાનંદનો અનુભવ કરવાનો અધિકાર આપ્યો. બ્રાહ્મણ કે અન્ય ત્રૈવર્ણિકથી એ ભજનાનંદરસિક ભક્તો કોઈ પણ પ્રકારે ન્યૂન નથી એમ એઓશ્રી માનતા.

---

૧. ભારતનો ઈતિહાસ, લેખક કોકા અન્તોનોવા અને ગ્રિગોરી કો તો વ્સકીના આધારે.

૨. પુષ્ટિભક્તિસુધા સંવત ૧૯૮૫, પૃષ્ઠ ૫૨ (52)ના આધારે.

શ્રીહરિરાયજી જેવા સમર્થ બાલક બિરાજતા હતા ત્યાં સુધી સંપ્રદાયને ઘણી મદદ હતી, પણ આપશ્રી નિજલીલામાં પધાર્યા પછી કેટલાક વિપરીત દુરાચારોનો સ્વમાર્ગમાં પ્રવેશ થયો. કેવલ કૃષ્ણ જ સર્વ પ્રેમનો વિષય છે એની વિસ્મૃતિ થી, શ્રીકૃષ્ણમાં જ પરમ નિરોધાત્મક પ્રેમ પ્રાપ્ત કરવાનું ભુલાઈ ગયું. આને લીધે પુષ્ટિસંપ્રદાય પર આક્ષેપો અને ટીકાઓનાં વાદળ ઘેરાયાં હતાં.

આ પરિસ્થિતિમાં પુષ્ટિમાર્ગને વિશેષ સુદઢ કરવાની પ્રભુઈચ્છા થઈ હશે. પરિણામે પ્રમેયની સાથે પ્રમાણને પણ નિખારે, પ્રસરાવે એવા બાલકનું પ્રાકટ્ય શ્રીવલ્લભાચાર્યજીની સાતમી પેઢીએ થયું. આ વખતે ગો. શ્રીહરિરાયજીની પૌઢ અવસ્થા હતી. આ બાલકે સમકાલીન દરેક પુરુષ કરતાં શ્રેષ્ઠતમ પુરુષાર્થથી માર્ગીય સેવા કરી પોતાના નામને સાર્થક કર્યું. આ બાલક એ જ આપણા ચરિત્રનાયક ગો.શ્રીપુરુષોત્તમજી.

સાંપ્રત કાળમાં પુષ્ટિ સંપ્રદાયે કિરીટભાઈજી નામના વંચકનો ખૂબ જ વિરોધ કર્યો છે. આવા ભાઈજીના ભરમાવાથી આક્રાંત, પુષ્ટિસંપ્રદાયને શ્રીપુરુષોત્તમજીની કેટલી બધી આવશ્યકતા છે એ આપશ્રીએ 'સિદ્ધાંતરહસ્ય'ના 'બ્રહ્મસંબંધકરણાત્' શ્લોકની ટીકામાં જે વિચારો રજૂ કર્યા છે તેના આધારે સરલતાથી નક્કી થઈ જાય છે. અહીં ટીકામાં શ્રીપુરુષોત્તમચરણ જણાવે છે:

''एवं सति ये पूर्वं भगवत्सेवका: कुतश्चनहेतोरिहागतास्तेषामेवार्थेऽयं मार्ग इति त एव ब्रह्मसंबन्धकरणेन तेन निवृत्तसर्वदेषा भवन्ति । त एव च तत्राधिकुर्वन्ति।'' શ્રીમહાપ્રભુજી ષષ્ઠ સ્કંધ નિબંધમાં આજ્ઞા કરે છે કે જે લોકો ભગવત્સસેવકો છે અને કોઈક કારણવશ ભગવત્સેવકપણાથી અલગ થયા છે તેવાઓનાં જ પાપોનો નિઃશેષ નાશ જલદીથી થાય છે.

આ આજ્ઞા પ્રમાણે જે લોકો પૂર્વમાં એટલે કે ભૂતલમાં આવતાં પહેલાં ભગવત્સેવકો હતા, તેમણે કરેલા અપરાધોથી અહીં ભૂતલમાં આવ્યા, એઓના માટે જ આ પુષ્ટિમાર્ગ છે અને એવાઓના જ બ્રહ્મસંબંધ કરવાથી સર્વદોષો નિવૃત્ત થાય છે. પરિણામે એ લોકો ભગવત્સેવાના અધિકારી થાય છે. બ્રહ્મસંબંધ ભગવદનુગ્રહરૂપ છે, આથી આ માર્ગના અધિકારી જીવો, જે કોઈક કારણથી સદોષ બન્યા છે તે જ, આ મંત્રથી નિર્દોષ થાય છે. બીજા

માર્ગના અધિકારીઓના દોષો બ્રહ્મસંબંધથી નિવૃત્ત નથી થતા આવા અન્યમાર્ગીયનાં સેવા - સમર્પણ પુષ્ટિપુરુષોત્તમ સ્વીકારતા નથી જ.

શ્રીપુરુષોત્તમજીનું પ્રાકટ્ય

આપશ્રીનું પ્રાકટ્ય વિ.સં. ૧૭૧૪માં પ્રાય: શ્રીગોકુલમાં થયું. સાંપ્રદાયિક એક માન્યતા પ્રાકટ્ય સંવત ૧૭૨૪ ગણાવે છે, પણ નાથદ્વારાના શ્રીનૃસિંહલાલજી પંડ્યા પાસેથી શ્રીપુરુષોત્તમજીના જન્માક્ષર પ્રાપ્ત થયેલ એના આધારે આપનું પ્રાકટ્ય વિ.સં. ૧૭૧૪ બરોબર છે.

શ્રીપુરુષોત્તમજીના જન્માક્ષર

।। श्री १।।।

संवत १७१८ शक: १५७९ भाद्रपद शुकल १० चंद्रवार १८/४ परं ११ तिथौ प्राकट्य. उत्तरापाढा न. घटी ३६/३६ अति गैन योग. घ कन्यासंक्रान्ति गतांशा: ६ इष्ट घटी ३३/० गो. श्रीपीताम्बरजी गृहे श्रीपुरुषोत्तमजी जन्म

अथ जन्म



આપશ્રીના પ્રાકટ્યનો શુભ દિન ભાદરવા સુદ એકાદશીનો એટલે કે દાનએકાદશીનો હતો. આપશ્રીના જીવનનું દર્શન કરતાં ખૂબ જ સૂચક આ દિન લાગે છે.

ભાદરવા મહિનામાં તાપ આકરો હોય છે. આપશ્રીના પ્રાકટ્ય વખતે પરમાર્ગીઓ અને વિમાર્ગીઓની ટીકાનો તાપ પુષ્ટિમાર્ગ માટે, ભાદરવાના તાપ જેવો જ આકરો હતો, આ થયો આધિભૌતિક તાપ. માર્ગની આ પરિસ્થિતિના કારણે પુષ્ટિસ્થ જીવોને આધ્યાત્મિક તાપ હતો અને સ્વમાર્ગનું આચરણ કરતાં પ્રભુના સ્વરૂપાનંદને કેમ પ્રાપ્ત કરીશું ? તેવો આધિદૈવિક તાપ પણ હતો. સારસ્વત કલ્પમાં શ્રીકૃષ્ણાચંદ્ર - પુરુષોત્તમે વ્રજવાસીઓના તાપનું હરણ કરેલું. પોતાના પ્રાકટ્યથી, સ્વરૂપથી અને વેણુનાદ વગેરે લીલીઓથી.

શ્રીપુરુષોત્તમજીએ પોતાના નામસેવાબળથી પ્રમાણરૂપ પ્રમેયથી માર્ગ પરનો ટીકાઓ - રૂપી તાપ તથા ભક્તોના આધ્યાત્મિક અને આધિદૈવિક તાપ દૂર કર્યા.

સુદી પક્ષ દેવોનો છે. આપશ્રી પણ દૈવી જીવો માટે પક્ષપાતી છે એવું સૂચન આમાં છે. માર્ગ અને વૈષ્ણવો પર અજ્ઞાનજન્ય વાદનું અંધારું છવાયેલું હતું એ નષ્ટ કરી પુષ્ટિમાર્ગીય જ્ઞાનના પ્રકાશથી અજવાળું કરવા આપ પ્રકટ્યા એનું સૂચન છે.

એકાદશી એટલે જીવની અગિયાર ઇંદ્રિયોનો પ્રભુમાં નિરોધ કરાવનાર. શ્રીપુરુષોત્તમજીએ શ્રીમહાપ્રભુજીના 'નિરોધલક્ષણ' ગ્રંથમાં વર્ણવેલા ઇંદ્રિયોના નિરોધને જે તે સમયના મોટા ભાગની વૈષ્ણવી સૃષ્ટિ ભૂલી ગયેલી અને પોતાના ટીકાગ્રંથો દ્વારા ફરી દૃઢ કરાવ્યો એવું સૂચન થાય છે.

આ દિવસ દાન - એકાદશી તરીકે ઓળખાયો, કારણ કે પ્રભુએ દાણલીલા દ્વારા શ્રીગોપીજનોના માનનું મર્દન કર્યું. શ્રીપુરુષોત્તમજીએ પોતાની નામલીલા દ્વારા દશે દિશાઓના પંડિતોનું માનમર્દન કર્યું.

આ દિવસ પરિવર્તિની એકાદશી[1] પણ કહેવાય છે. મહર્ષિ શ્વફલ્કના પુત્ર તથા કંસરાજાના મંત્રી અક્રૂરજી, કૃષ્ણ બળદેવને લેવા શ્રીગોકુલ આવ્યા. શ્રીરામ-કૃષ્ણના ચરણારવિંદની રજ જોતાં ભાવવિભોર થઈ લોટ્યા, પરિણામે કંસથી થયેલો દુ:સંગ તેમજ અહંભાવ દૂર થયા.

આવું પરિવર્તન શ્રીપુરુષોત્તમજીએ એ વખતની વૈષ્ણવ સૃષ્ટિ, જે દુ:સંગથી અવળા માર્ગે વળી હતી, તેને આપશ્રીના આચાર્યોચિત આચરણ તથા વાઙ્મય દ્વારા સ્વમાર્ગે વાળી.

પ્રભુ દાન એકાદશીએ મુકુટ[2] ધારણ કરે છે, એ રસદાનની તત્પરતા છે. એમાં ઉદ્બોધક ભાવ છે. શ્રીપુરુષોત્તમજી પણ એ સમયમાં વૈષ્ણવી સૃષ્ટિમાં મુકુટ જેમ શોભ્યા છે. પોતાના વાઙ્મય - દાનથી વૈષ્ણવી સૃષ્ટિને રસદાન કર્યું છે, ઉદ્દબોધન કર્યું છે.

પ્રભુ આ દિવસે કાછની[3] ધરે છે. મોટાં નાનાં સૌને એકત્રિત કરવાનો એમાં ભવા છે. શ્રીપુરુષોત્તમજીએ પણ યવન અને આંગ્લ પ્રભાવમાં આવીને વેરણ - છેરણ થતી પુષ્ટિસૃષ્ટિને એકત્રિત કરી.

૧,૨,૩ પરિવર્તિની એકાદશી : મુકુટ કાછનીનો ભાવ વ્રતોત્સવ ભાવના, સંપાદક - બાબુભાઈ સવાણી પુસ્તકના આધારે પાન નં. ૪૭ (47).

શ્રીપુરુષોત્તમજી નો વંશ પરિચય


શ્રીવલ્લભાચાર્યજી
શ્રીગોપીનાથજી
શ્રીવિઠ્ઠલનાથજી
શ્રીપુરુષોત્તમજી
શ્રીગિરિધરજી
શ્રીગોવિંદરાયજી
શ્રીબાલકૃષ્ણજી
શ્રીગોકુલનાથજી
શ્રીરઘુનાથજી
શ્રીયદુનાથજી
શ્રીઘનશ્યામજી
શ્રીદ્વારકેશજી
શ્રીવ્રજનાથજી
શ્રીવ્રજભૂષણજી
શ્રીપીતાંબરજી
શ્રીવ્રજાલંકારજી
શ્રીપુરુષોત્તમજી
શ્રીકૃષ્ણચંદ્રજી
શ્રીશ્યામલાલજી
શ્રીયદુપતિજી
શ્રીવ્રજપાલજી
શ્રીવ્રજરાજજી
શ્રીપીતાંબરજી
શ્રીપુરુષોત્તમજી

આપશ્રીનાં માતાપિતા, વિદ્યાગુરુ તથા પ્રાકટ્ય - સ્થલ :[૧]

આપશ્રીનાં માતૃચરણનું નામ જાણવા નથી મળતું. આપશ્રીના પિતૃચરણોનું નામ શ્રીપીતાંબરજી હતું. શ્રીપીતાંબરજીના પિતૃચરણોનું નામ શ્રીયદુપતિજી હતું. શ્રીયદુપતિજીના પિતાશ્રી શ્રીપીતાંબરજી હતા. શ્રીપીતાંબરજીના પિતૃચરણો શ્રીબાલકૃષ્ણજી (શ્રીગુસાંઈજીના તૃતીય પુત્ર) હતા. આમ શ્રીપુરુષોત્તમજીનું પ્રાકટ્ય ત્રીજા ગૃહમાં થયું.

આપશ્રીને ગો.શ્રીવ્રજરાયજીએ ગોદ લીધેલા. શ્રીવ્રજરાયજી પણ તૃતીય ગૃહમાં પ્રગટ થયેલા. શ્રીગુસાંઈજીના તૃતીય બાલક શ્રીબાલકૃષ્ણજીના છ બાલકો પૈકી ચોથા બાલક શ્રીપીતાંબરજીના એક પુત્ર શ્રીશ્યમલાલજી હતા અને એમના એક પુત્ર એ ગો.શ્રીવ્રજરાયજી હતા. બાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ શ્રીગુસાંઈજીએ છઠ્ઠા લાલ શ્રીયદુનાથજીને પધરાવી આપેલ. આ બાલકૃષ્ણલાલજીના સ્વરૂપને લઈ શ્રીવ્રજરાયજી સુરત બિરાજ્યા, અહીં જ સ્થિર થયા. આમ શ્રીપુરુષોત્તમજી સુરતની ગાદીએ ગોદે પધાર્યા.

શ્રીપુરુષોત્તમજીના વિદ્યાધ્યયનામાં એમને ગોદે લેનાર ગો.શ્રીવ્રજરાયજીની તીક્ષ્ણ જ્ઞાનપ્રતિભાનો ફાળો પણ છે.

આપશ્રીના વિદ્યાગુરુ ગો.શ્રીકૃષ્ણચંદ્રજી હતા. ગો. શ્રીકૃષ્ણચંદ્રજીના પિતાશ્રીનું નામ ગો. શ્રીવ્રજનાથજી હતું, જેઓ શ્રીબાલકૃષ્ણજીના (શ્રીગુસાંઈજીના તૃતીય પુત્ર) ના દ્વિતીય પુત્ર હતા. આ ગો. શ્રી કૃષ્ણચંદ્રજી 'शास्त्रवित्तम' તરીકે પણ ઓળખાતા હતા. આપે 'भावप्रकाशिकावृत्ति' નામનો ગ્રંથ લખ્યો છે એવી માન્યતા છે. આથી કહી શકાય કે ગો. શ્રીકૃષ્ણચંદ્રજી સર્વશાસ્ત્રોના અને સંપ્રદાયિક તત્ત્વજ્ઞાનના પ્રગાઢ વિદ્વાન હતા.

આથી જ શ્રીપુરુષોત્તમજીના જીવન - ફલકમાં વિદ્યાગુરુ શ્રીકૃષ્ણચંદ્રજીની અમીટ છાપ છે. આથી જ આ ઋણનો સ્વીકાર કરતા હોય એમ આપે સ્વરચિત 'अणुभाष्यप्रकाश' માં આરંભે પોતાના સમર્થ વિદ્યાગુરુ શ્રીકૃષ્ણચંદ્રજીને મંગલાચરણમાં પ્રણામ કર્યા છે.

---

૧. વંશપરિચય: શ્રીપુરુષોત્તમજી મહારાજ. લે. હરિશંકર ઓમકારજી શાસ્ત્રી 'વેદાંત-વિશારદ'ના આધારે.

तत्पुत्रान् सह सूनुभिर्निजगुरून् श्रीकृष्णचन्द्राह्वयान्
भक्त्या नौमि पितामहं यदुपतिं तातं च पीताम्बरम् ।
वन्दे च व्रजराजमन्वयमणिं यद्रोचिषामादृशो-
प्यासीन्मूर्ध्नि कृपापरः प्रभुवरः श्रीबालकृष्णः स्वयम् ।।

- ભાષ્યપ્રકાશનું મંગલાચરણ

શ્રીપુરુષોત્તમજીનું પ્રાકટ્ય શ્રીમદ્‌ગોકુલમાં થયું હોવાનું મનાય છે.

બાલ્યાવસ્થા

શ્રીવ્રજરાયજી મહારાજ સુરત પધારેલા. શ્રીબાલકૃષ્ણપ્રભુ, શ્રીગુસાંઈજીના છઠ્ઠા લાલ શ્રીયદુનાથજીને પધરાવી આપેલું સ્વરૂપ એઓ સાથે પધરાવી લાવેલા. શ્રીબાલકૃષ્ણ પ્રભુ માટે આપે સુંદર મંદિર સિદ્ધ કરાવ્યું. આપશ્રી નિઃસંતાન હતા, આથી શ્રીપુરુષોત્તમજી (આપણા ચરિત્રનાયક)ને ગોદ લીધા. ત્યારબાદ શ્રીપુરુષોત્તમજી સુરત પધાર્યા અને ત્યાં જ બિરાજ્યા.

બાલ્યવસ્થામાં જ આપશ્રી પર શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રીબાલકૃષ્ણજીની કૃપા થયેલી. આ ત્રણેય સ્વરૂપોએ બાલ પુરુષોત્તમજીને પ્રકટ દર્શન આપેલાં. આ માટે માર્ગમાં એક આખ્યાયિકા પ્રચલિત છે.

એકવાર શ્રીવ્રજરાયજી મહારાજ પરદેશ પધારેલા. મંદિરમાં બાલ પુરુષોત્તમજી તથા આપના માતૃચરણો બિરાજતાં હતાં. એ વખતે સુરતમાં એક માયાવાદી પંડિત આવ્યો હતો. શ્રીગોકુલનાથજીના સમયમાં થયેલ ચિદ્રૂપ સંન્યાસી જ જાણે જોઈ લોને. આ પંડિતે શાસ્ત્રાર્થ માટે આહ્‌વાન કર્યું. શ્રીપુરુષોત્તમજીનાં માતૃચરણે એ પંડિતને આજ્ઞા કરી કે ત્રણ દિવસ પછી મારો પુત્ર તમારી સાથે શાસ્ત્રાર્થ કરશે.

શ્રીમાતૃચરણોએ શ્રીપુરુષોત્તમજીને આજ્ઞા કરી કે આપ એકાંત સ્થાનમાં બિરાજી ત્રણ દિવસ અને રાત શ્રીસર્વોત્તમસ્તોત્રના પાઠ કરો, શ્રીમહાપ્રભુજી તમારા પર અવશ્ય કૃપા કરશે. આ આજ્ઞાનું પાલન થયું. એકાંત સ્થાનમાં શ્રીસર્વોત્તમજીના પાઠ કરતાં બોત્તેર કલાક પૂર્ણ થયા અને આપશ્રીની સંમુખ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા શ્રીબાલકૃષ્ણપ્રભુ સ્વયં પ્રકટ થયા અને આજ્ઞા કરી કે આપ સંપ્રદાયના દરેક ગ્રંથની શરૂઆત તેમ અંતનું અવગાહન કરો, આપને એ સર્વ શાસ્ત્રો હૃદયારૂઢ થશે અને આપ વિજયી થશો.

આપે આ ત્રણે સ્વરૂપોને દંડવત્ પ્રણામ કર્યા. આજ્ઞા મુજબ સર્વ ગ્રંથોનું અવગાહન કર્યું, સંપૂર્ણ જ્ઞાન થયું. આ પ્રકારે અલૌકિક પ્રમેયબલથી વિદ્યા સંપાદિત થઈ. પછી માતુશ્રીએ ભગવત્પ્રસાદી માલા ધરાવી આશીર્વાદ આપ્યા. ફલસ્વરૂપે ચોથા દિવસે બાલ પુરુષોત્તમજીએ માયાવાદી સાથે શાસ્ત્રાર્થ કર્યો અને એને હરાવ્યો. માયાવાદનું પુનઃ એકવાર ખંડન થયું. ફરી એકવાર શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની વિજયપતાકા લહેરાઈ ઊઠી.

આમ શ્રીપુરુષોત્તમજીનું અગાધ પાંડિત્ય શ્રીબાલકૃષ્ણજીની અને શ્રીમદાચાર્યજીની કૃપાથી જ પ્રાપ્ત થયું છે એનું સૂચન પણ સ્વતઃ ભાષ્યપ્રકાશના ઈતિશ્રીના શ્લોકમાં કર્યું છે:

क्रीडन् श्रीबालकृष्णः परमकरुणया मन्मनः प्रेरयित्वा
भाष्यार्थं योतिगूढं प्रकटितमकरोत् संप्रदाये निवृत्ते ।
तं नित्याकुण्ठशाक्तिं वृतनिखिलनिजाज्ञानसंसारहारं
स्मृत्वा स्मृत्वोपकारं प्रमुदितमुदितः स्वप्रभुं संनमामि ।।१।।

मायावादादिवादैर्व्यवहितमिव तं ब्रह्मवादं प्रकाश्य
श्रीमत्कृष्णाज्ञया तद्रतिपथ उदितो दैवज़ीवावनार्थम् ।
यैस्तान् श्रीकृष्णरूपान् प्रथितगुणगणान् श्रीमदाचार्यवर्यान्
ध्यायंध्यायं नमामि स्वहितमवहितस्तत्कृपादृष्टिवृष्ट्या ।।२।।

વિદ્યાભ્યાસ [૧]

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનો ડિંડિમઘોષ કરીને દિગ્વિજય પ્રાપ્ત કરવાથી આપને શાંકર, રામાનુજીય, માધ્વ, ભાસ્કરીય, ભૈક્ષવ વગેરે પંડિતોનો સમાગમ થયો. એઓ દ્વારા તે તે સંપ્રદાયનાં પુસ્તકો પ્રાપ્ત થયાં. આ પુસ્તકોના અધ્યયનથી તે તે સંપ્રદાયનાં પ્રણાલિકા તથા સિદ્ધાંતોને યથાર્થ સમઝી લીધા. એ પછી આપશ્રીએ આ સિદ્ધાંતોનું સ્વરચિત ભાષ્યપ્રકાશમાં અવટંકન કર્યું અને ન્યાયપુરઃસર સમીક્ષા કરવાનું યથાયોગ્ય સામર્થ્ય પ્રાપ્ત થયું.

---

[૧] શ્રીપુરુષોત્તમજી મહારાજ લે. હરિશંકર ઓડકારજી શાસ્ત્રી 'વેદાંત વિશારદ'ના આધારે.

વાચસ્પતિ, જયતીર્થ, વેદાંતદેશિક જેવા સુપ્રસિદ્ધ વિદ્વાનોનું સાહિત્ય પણ આપશ્રીને સારી રીતે પરિચિત થયું.

વેદ-વેદાંતના અભ્યાસ સાથે ગૌતમ, કણાદ, કપિલ વગેરેનાં શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો. જૈન અને બુદ્ધ તત્ત્વજ્ઞાન સુપરિચિત થયું. પાણિનિ, પતંજલિ જેવા વિદ્વાનોની કૃતિઓનું અધ્યયન કર્યું. એક આશ્ચર્ય એ દેખાય છે કે શ્રીપુરુષોત્તમજીએ શ્રીનિંબાર્કાચાર્યજીનો ઉલ્લેખ ક્યાંય કર્યો નથી.

શ્રીપુરુષોત્તમજીએ 'પ્રહસ્તવાદ' નામનો ગ્રંથ લખ્યો છે એના મંગલાચરણમાં આપશ્રીએ પોતાના વિદ્યાધ્યનનું પરિણામ બતાવતાં કહ્યું છે :

''संवीक्ष्योपनिषच्छ्रुतिस्मृतिगणं भाष्याणि सूत्राण्यपि प्रस्थानैर्विविधैर्युतान्यथ मया वादावली तन्यते ।''

આ પદ્યની ટીકામાં આપશ્રી લખે છે -

''मार्गप्रवर्तकान् गुर्वादीन् नमस्कुर्वन् लोकदृष्ट्यापि स्वस्य ज्ञानप्रकारस्य बोधनपूर्वकं ग्रन्थकरणं प्रतिजानते तत्पुत्रानिति भाष्याणीति उपनिषदादीनाम्। सूत्राणीति, वैय्यासानि जैमिनीयानि च ।''

આનાથી એ સમઝાય છે કે આપે મોજશોખમાં સમય નષ્ટ કર્યો નથી, પણ ઉપનિષદોનાં ભાષ્ય, વ્યાસસૂત્રોનાં ઉપલબ્ધ ભાષ્યો તથા પૂર્વમીમાંસાનું સારી રીતે અધ્યયન કર્યું છે.

સાંપ્રદાયકિ ક્ષેત્રે પૂર્વકાલીન શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીના ગ્રંથો તેમજ સમકાલીન શ્રીહરિરાયજી, શ્રીદેવકીનંદનજી, શ્રીચાચા ગોપેશજી તથા શ્રીદ્વારકેશજીના સાહિત્યનું માર્મિક અધ્યયન કર્યું.

કાવ્યશાસ્ત્રોમાં 'કાવ્યપ્રકાશ' અને 'ધ્વન્યાલોક'ના પણ ઉલ્લેખો આપની કૃતિઓમાં જોવા મળે છે. આપશ્રીને આયુર્વેદ પણ પરિચિત હતો, આથી જ આપે આયુર્વેદના પ્રસિદ્ધ ગ્રંથ 'અર્કપ્રકાશ' નો પણ આપે ઉલ્લેખ કર્યો છે.

આપશ્રીએ લખેલ ‘દ્રવ્યશુદ્ધિ’ અને ‘ઉત્સવપ્રતાન’ ગ્રંથો જોતાં લાગે છે કે આપશ્રીનું ધર્મશાસ્ત્રોનું અધ્યયન ખૂબ જ તલસ્પર્શી હતું. આ ઉપરાંત પુરાણ-સાહિત્ય તથા શિષ્ટ સંસ્કૃત સાહિત્યના પણ આપ અભ્યાસી હતા.

ગૃહસ્થાશ્રમ

આપશ્રીનાં ત્રણ વખત લગ્ન થયાં હતાં. પ્રથમ પત્ની શ્રીરાણીજી વહુજી, બીજાં પત્ની શ્રીચંદ્રાવલી વહુજી અને ત્રીજાં પત્ની શ્રીપદ્‌માવતી વહુજી હતાં. આપશ્રીને બે પુત્રો અને એક બેટીજી થયાં હતાં. એમનાં નામ શ્રીયદુપતિજી, શ્રીદામોદરજી અને હરિપ્રિયાજી બેટીજી હતાં. આપશ્રીની ઉપસ્થિતિમાં આ ત્રણેય બાલકોએ લીલા વિસ્તારી હતી. આવું થવાનું કારણ શ્રીગંગાબેટીજીએ ગો.શ્રીવ્રજરાયજીને આપેલ શાપ મનાય છે.

આ માટેની કંઈક આવી વિગત પ્રાપ્ત થાય છે જે, ગો.શ્રીગિરધરાલાલજી મહારાજના ૫૯માં અને ૬૦માં વચનામૃતોના આધારે છે. આ વચનામૃતોમાં શ્રીબાલકૃષ્ણપ્રભુ વિશે તથા આપ સુરત કઈ રીતે પધાર્યા એ માહિતી પણ પ્રાપ્ત થાય છે.

આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત થયેલું. શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપ શ્રીગુસાંઈજીને ખેલવા માટે આપેલું. એક દિવસની વાત છે. મંગલભોગમાં એક ઠોર શ્રીબાલકૃષ્ણપ્રભુને ધરેલો. શ્રીબાલકૃષ્ણપ્રભુ આ ઠોર આરોગતા હતા. શ્રીગુસાંઈજી પણ આ ઠોર ઓરગવા લાગ્યા, આથી શ્રીબાલકૃષ્ણપ્રભુ બોલ્યા : આ તો મારો ઠોર છે. શ્રીગુસાંઈજી કહે : મારો છે. આમ બંને સ્વરૂપો વચ્ચે બાલકેલિ ચાલતી હતી, પરસ્પર ખેંચાતાણી કરતા હતા, એટલામાં શ્રીમહાપ્રભુજી ત્યાં પધાર્યા, આ બાલલીલાથી પ્રસન્ન થયા. આપે શ્રીગુસાંઈજીને સમઝાવ્યા કે આ ઠાકુરજી લડાયક છે, આથી એ જ જીતશે, આપ હારશો. આ ઘટના પછી મંગલભોગમાં બે ઠોર ધરાવવા લાગ્યા : એક શ્રીબાલકૃષ્ણપ્રભુ માટે, એક શ્રીગુસાંઈજી માટે.

શ્રીગુસાંઈજીએ આપશ્રીના સાત બાલકોને એક એક સ્વરૂપ પધરાવી આપ્યું. આ વખતે છઠ્ઠા લાલ શ્રીયદુનાથજીને આ શ્રીબાલકૃષ્ણપ્રભુ પધરાવી આપ્યા. આ વખતે શ્રીયદુનાથજીએ કહ્યું કે આ સ્વરૂપ તો ખૂબ જ છોટું છે, આ સ્વરૂપની સેવા મારાથી નહિ થાય. શ્રીગુસાંઈજીએ હસીને પ્રત્યુત્તર આપ્યો

કે આપ તો મોટા મહારાજજી છો. શ્રીઠાકોરજીમાં નાનું શું ને મોટું શું ? આ વખતે ત્રીજા લાલ શ્રીબાકૃષ્ણજીએ વિનંતી કરી કે કાકાજી, આ સ્વરૂપ અમારા શ્રીઠાકુરજી (શ્રીદ્વારિકાધીશજી)ની ગોદમાં બિરાજે તો ઘણું સારું. ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે તમારા નામ રાશિવાળા જ શ્રીઠાકુરજી છે, આથી ભલે તમારે ત્યાં બિરાજે, પણ આ ઠાકોરજી તો શ્રીયદુનાથજીના જ ભાગના છે, આથી એઓ માગે ત્યારે એમને પાછા આપશો.

તૃતીય લાલ શ્રીબાકૃષ્ણજીએ સંમતિ દર્શાવતાં કહ્યું કે શ્રીયદુનાથજી મારી સાથે જ રહેશે. જ્યારે મારા અને એમના વંશજોને નહિ બને ત્યારે એ જુદા રહેશે, ત્યારે એમના શ્રીઠાકુરજી પાછા આપી દઈશું. શ્રીયુદનાથજી પણ આમાં સહમત થયા. બંને ભાઈ સાથે પ્રેમથી રહ્યા. શ્રીદ્વારકાધીશજીની સાથે શ્રીબાલકૃષ્ણપ્રભુ પણ પધાર્યા.

થોડા સમય બાદ શ્રીયદુનાથજીના પુત્ર શ્રીમધુસૂદનજી થયા, શ્રીબાકૃષ્ણજીના પુત્ર શ્રીદ્વારિકેશજી થયા. આ બંને બાલકોમાં ઝઘડો થયો, બંને છૂટા થયા ત્યારે શ્રીમધુસૂદનજીએ શ્રીબાલકૃષ્ણપ્રભુને માંગ્યા, ત્યારે શ્રીદ્વારકેશજીએ કહ્યું કે મારા પિતાશ્રી શ્રીબાલકૃષ્ણજીએ મને આવી આજ્ઞા કરી નથી તેથી હું લાચાર છું.

આથી શ્રીમધુસૂદનજી શ્રીગુસાંઈજીના ચતુર્થ પુત્ર શ્રીગોકુલનાથજી પાસે ગયા અને શ્રીબાલકૃષ્ણપ્રભુ પધરાવી આપવા વિનંતી કરી, આથી શ્રીગોકુલનાથજીએ શ્રીદ્વારકેશજીને સમઝાવ્યા કે આગળ ઉપર આવી સમઝૂતી થઈ છે કે શ્રીયદૂનાથજીના વંશજો માગે ત્યારે એમના ઠાકુર પધરાવી આપવા, આથી શ્રીદ્વારકેશજીએ શ્રીબાલકૃષ્ણપ્રભુ શ્રીમધુસૂદનજીને સોંપ્યા.

આશરે એક વર્ષ સુધી શ્રીમધુસૂદનજીએ શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવા શ્રીગોકુલમાં રહીને કરી. એક વાર શ્રીબાલકૃષ્ણપ્રભુએ શ્રીમધુસૂદનજીને સ્વપ્નમાં આજ્ઞા કરી : ''મેં તમારો મનોરથ એક વર્ષ સુધી સિદ્ધ કર્યો છે, હવે મને પાછા શ્રીદ્વારકાધીશજી પાસે જ પધરાવો.'' આથી શ્રીમધુસૂદનજી શ્રીદ્વારિકેશજી પાસે પધાર્યા, સ્વપ્નની વાત કરી અને શ્રીબાલકૃષ્ણપ્રભુને પધરાવવા કહ્યું. શ્રીદ્વારિકેશજી તૈયાર ન થયા અને કહ્યું : 'ભગવત્સ્વરૂપ માટે વારંવાર ઝઘડો થાય એ ઠીક નહિ, આપના ઠાકોરજી આપ જ રાખો.'

શ્રીમધુસૂદનજી પાછા શ્રીગોકુલનાથજી પાસે ગયા અને સર્વ હકીકત કહી. શ્રીગોકુલનાથજીએ મધ્યસ્થી કરી. શ્રીદ્વારિકેશજીને સમઝાવ્યા અને શ્રીમધુસૂદનજીને આજ્ઞા કરી કે 'હવે તમને શ્રીબાલકૃષ્ણપ્રભુ પાછા નહિ મળે, શ્રીમધુસૂદનજીએ શ્રીગોકુલનાથજીને વિનંતી કરી : ''મને સેવા માટે મોટું સ્વરૂપ પધરાવી આપો.'' આથી શ્રીગોકુલનાથજીએ એમને, શ્રીકલ્યાણરાયજીનું સ્વરૂપ પધરાવી આપ્યું. આ સ્વરૂપ શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલનાથજીને ખેલવા માટે આપ્યું હતું.

દિવસો પસાર થાય છે. શ્રીદ્વારિકેશજીને ત્યાં શ્રીગિરિધરજી નામના લાલનું પ્રાકટ્ય થયું. શ્રીગિરિધરલાલજીને ત્યાં એક પુત્ર થયા, આપનું નામ શ્રીદ્વારકાનાથજી; એક પુત્રી થયા, આપનું નામ શ્રીગંગાબેટીજી. એઓ શ્રીગંગાનો અવતાર મનાતાં હતાં, ખૂબ સામર્થ્યવાળાં હતાં.

શ્રીદ્વારકાનાથજીનાં લગ્ન શ્રીજાનકીવહુજી સાથે થયાં. શ્રીદ્વારકાનાથજી વિદ્યાધ્યયન માટે કાશી પધાર્યા. અહીં આપે પોતાની જીભ પર 'સરસ્વતીમંત્ર' લખાવ્યો, જેથી કુશાગ્રબુદ્ધિ પ્રાપ્ત થાય. સાત વર્ષ વિદ્યાધ્યયન કરી આપ ગોકુલ પાછા પધાર્યા.

આ વખતે શ્રીદ્વારકાધીશપ્રભુએ શ્રીગિરધરજી મહારાજને સ્વપ્નમાં જણાવ્યું કે ''ગો.શ્રીદ્વારિકાનાથજીએ અન્યાશ્રય કર્યો છે, એઓ મારી સેવાના અધિકારી નથી રહેતા,'' આથી શ્રીદ્વારિકાનાથજી વ્રજમાં અજ્ઞાતવાસમાં ચાલ્યા ગયા.

ગો.શ્રીગિરધરજી મહારાજને બીજા પુત્ર ન હતા, આથી શ્રીગુસાંઈજીના તૃતીય લાલ શ્રીબાલકૃષ્ણના તૃતીય પુત્ર શ્રીવ્રજભૂષણજીના પુત્ર શ્રીવલ્લભજીના પુત્ર શ્રીવ્રજભૂષણજીનો દત્તક લીધા, ત્યારથી ગો.શ્રીગિરધરજીનાં પુત્રી શ્રીગંગાબેટીજી, પુત્રવધૂ શ્રીજાનકીવહુજી તથા દત્તક પુત્ર શ્રીવ્રજભૂષણજી શ્રીદ્વારિકાધીશપ્રભુ તથા શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવા કરવા લાગ્યા.

શ્રીગુસાંઈજીના તૃતીય લાલ શ્રીબાલકૃષ્ણજીના ચતુર્થ પુત્ર શ્રીપીતાંબરજી હતા, આપના પુત્ર શ્રીશ્યામલજી મહારાજ થયા અને આપશ્રીના

પુત્ર શ્રીવ્રજરાયજી મહારાજ થયા. જે વખતે શ્રીવ્રજભૂષણજી, ગો.શ્રીગિરધરજીની ગોદે ગયા ત્યારે ગો.શ્રીવ્રજરાયજી કાશી હતા. પોતે પણ તૃતીય ગૃહના જ છે, આથી પોતાને દત્તક લેવા જોઈએ આવી રજૂઆત આપે ગોકુલ આવી ગંગાબેટીજીની પાસે કરી. ઘરમેળે આ વિવાદ ઉકેલાયો નહિ, આથી ગો.શ્રીવ્રજરાયજીએ શ્રીગોકુલથી અઢાર કોશ દૂર આગ્રા જઈ પૃથ્વીપતિના ન્યાયાલયમાં શ્રીગંગાબેટીજી વિરુદ્ધ દાવો કર્યો. અહીં કચેરીમાં ગો. શ્રીવ્રજરાયજી હાર્યા. પૃથ્વીપતિએ શ્રીવ્રજભૂષણજી મહારાજને શ્રીદ્વારિકાધીશજીના ટિકેતપણાનો પરવાનો આપ્યો.

ફરી પાછા શ્રીવ્રજભૂષણજી, શ્રીગંગાબાઈ તથા શ્રીજાનકીવહુજી ગોકુલમાં શ્રીદ્વારકાધીશજી તથા શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવા કરવા લાગ્યાં, શ્રીવ્રજરાયજી આગ્રા જ રોકાયા. અહીં આપશ્રીએ એક ધાડપાડુ મુસલમાનને સાધ્યો અને શ્રીગોકુલમાં શ્રીદ્વારકાધીશજીના મંદિરમાં ધાડ પડાવી. ધાડપાડુઓ શ્રીઠાકુરજીને શ્રીપાદુકાજી સમેત લઈ ગયા, શ્રીઠાકુરજીનાં વસ્ત્રો વગેરે પણ લઈ ગયા.

આ કામ શ્રીવ્રજરાયજીનું છે એવું બધાંને લાગ્યું. આથી શ્રીગંગાબેટીજી આગ્રા પધાર્યાં. રાત્રિનો સમય થયેલો. રાજાની બેગમને મળ્યા, બધો વૃત્તાંત કહ્યો અને કહ્યું કે અમારા શ્રીઠાકોરજી આવશે પછી જ ભોજન કરીશું, બેગમ તરત જ રાજા પાસે ગયાં, બધી હકીકત કહી. રાજાએ વજીરને કહ્યું કે, ‘બેટીજીના દેવ સવાર સુધીમાં મળી જવા જોઈયે, એ પછી જ હું દાતણ કરીશ.’

વજીરે પાંચસો અસવાર દોડાવ્યા અને આગ્રાથી ત્રણ કોશ દૂર ગોઘાટ પર શ્રીવ્રજરાયજીને મળ્યા તથા રાજાનું ફરમાન વાંચી બતાવ્યું. આ રીતે શ્રીગંગાબેટીજીને તથા શ્રીવ્રજભૂષણજીને શ્રીઠાકુરજી તથા તમામ વસ્તુભાવ પર મળ્યા, પણ ગોકુળમાં રહેવું હવે સુરક્ષિત નથી એવું લાગતાં શ્રીવ્રજભૂષણજી, શ્રીજાનકીવહુજી અને શ્રીગંગાબેટીજી બધાં સ્વરૂપોને લઈ રાજનગર (અમદાવાદ) પધાર્યાં અને ગુપ્ત રીતે બિરાજ્યાં.

આ બાજુ શ્રીવ્રજરાયજીએ રાજા સાથે ઘરોબો વધુ કેળવ્યો. રાજા શિકાર કરવા જાય તોપણ સાથે જ રહેતા. આ રીતે છ મહિના ચાલ્યું. રાજાએ શ્રીવ્રજરાયજીને પૂછ્યું : ‘તમે આટલા સમયથી મારી સાથે આવીને રહો છો

તો તમારી ઈચ્છા શી છે ?' શ્રીવ્રજરાયજીએ કહ્યું : 'મોટા દેવ (શ્રીદ્વારકાધીશજી) ભલે તમે ગંગાબેટીજીને આપ્યા, નાના દેવ (શ્રીબાલકૃષ્ણપ્રભુ) તો મને મળવા જોઈયે.' આથી રાજાએ રાજનગરના સૂબા પર એક પરવાનો કર્યો અને એમાં જણાવ્યું કે 'શ્રીવ્રજરાયજીને શ્રીબાલકૃષ્ણપ્રભુ મળે એ માટે મદદ કરશો.'

રાજનગરના સુબાએ તપાસ શરૂ કરી. ચાર મહિના પછી એક તંબોળી દ્વારા પત્તો મળ્યો, કારણ કે શ્રીઠાકુરજી માટે પાન અહીંથી જતાં હતા. જે ભોંયરામાં શ્રીઠાકુરજી સાથે બધાં ગુપ્ત રીતે રહેતાં હતાં તે રસ્તો પણ મળી ગયો. શ્રીવ્રજરાયજી રાત્રે પાંચસો સિપાઈ લઈને એ જગ્યાને ઘેરી વળ્યા. સવારે ગ્વાલનો સમય થયો. શ્રીગંગાબેટીજી, શ્રીજાનકીવહુજી તથા શ્રીવ્રજભૂષણજી શ્રીબાલકૃષ્ણ પ્રભુને પલનામાં ઝુલાવતાં હતાં એ વખતે શ્રીવ્રજરાયજી ત્યાં પહોંચ્યા અને તરત જ શ્રીબાલકૃષ્ણજીને પલનામાંથી ઉઠાવી લીધા. આ જોઈને શ્રીગંગાબેટીજીએ એમને શાપ આપ્યો : ''તમે અમારા ઘરેથી પલનામાં બિરાજતા શ્રીઠાકુરજીને ઉપાડયા છે, આથી તમારે ત્યાં પલનું નહિ બંધાય.''

શ્રીવ્રજરાયજી મહારાજ શ્રીબાલકૃષ્ણપ્રભુને પધરાવી રાજનગર (અમદાવાદ) થી સુરત સં. ૧૭૨૭માં પધાર્યા, એ વખતે સુરત અંગ્રેજોના કબજામાં હતું. શ્રીવ્રજરાયજી મહારાજ શ્રીબાલકૃષ્ણપ્રભુને સુરત પધરાવી લાવ્યા ત્યારે શ્રીલલ્લુજીના મંદિરમાં શ્રીબાલકૃષ્ણપ્રભુને પધરાવ્યા હતા.પછી નાણાવટમાં નાનકડું મંદિર સિદ્ધ કરાવી એમાં પધરાવ્યાં. આપશ્રી ઘણાં વર્ષો ત્યાં જ બિરાજ્યા. ત્યારથી આજ સુધી શ્રીબાલકૃષ્ણપ્રભુ સુરતમાં જ બિરાજે છે.

શ્રીગંગાબેટીજી, શ્રીજાનકીવહુજી તથા શ્રીવ્રજભૂષણજી પણ રાજનગરમાં રહેવું ઉચિત નહી સમઝીને સાદડી થઈ મેવાડમાં આસોટિયા પધાર્યાં, મંદિર સિદ્ધ કર્યું, શ્રીઠાકુરજી મંદિરમાં પધાર્યા.

ગૃહસ્થાશ્રમ દરમ્યાન કેટલાક ઉલ્લેખનીય પ્રસંગો

પ્રસંગ - ૧

ગો.શ્રીપુરુષોત્તમજીને શ્રીબાલકૃષ્ણપ્રભુ ગો.શ્રીવ્રજરાયજીને ગોદે જતાં પ્રાપ્ત થયા. ગો.શ્રીગિરધરલાલજીના ૬૦માં વચનામૃતના આધારે કંઈક વિશેષ માહિતી પણ પ્રાપ્ત થાય છે.

ગો.શ્રીવ્રજરાયજીના દેહત્યાગનો સમય આવ્યો, ગો.શ્રીપુરુષોત્તમજીને લાગ્યું કે ગો.શ્રીવ્રજરાયજી કંઈક કષ્ટ પામી રહ્યા છે, આથી શ્રીપુરુષોત્તમજીએ વિનંતી કરી : 'જે આજ્ઞા હોય તે આપ મને કહો, એ પ્રમાણે હું કરીશ.' ત્યારે ગો.શ્રીવ્રજરાયજી પોઢ્યા હતા એ બેઠા થયા અને કહ્યું કે, ''શ્રીબાલકૃષ્ણપ્રભુને લઈને મેં ખૂબ જ શ્રમ કર્યો છે અને પધરાવ્યા છે, પણ મારે કંઈ પ્રજા નથી, આથી આ શ્રીઠાકુરજી તથા બધી સમૃદ્ધિ શ્રીદ્વારકાધીશજી પાસે જશે એનો વિચાર થાય છે.' શ્રીપુરુષોત્તમજીએ વિનંતી કરી કે 'એક વાર તો એઓની વસ્તુ છે તેથી ત્યાં જશે, પછી કંઈક યુક્તિ કરી હું પાછા પધરાવી લાવીશ. આ મારું વચન છે' ત્યાર પછી શ્રીવ્રજરાયજીએ લીલા વિસ્તારી. શ્રીપુરુષોત્તમજીએ ઉત્તરક્રિયા કરી. એ બદા શ્રીવ્રજભૂષણજીને આસોટિયા પત્ર લખ્યો એમાં શ્રીબાલકૃષ્ણપ્રભુને બધી ચીજવસ્તુ સાથે આસોટિયા પધરાવી જવા જણાવ્યું. શ્રીવ્રજભૂષણજી સુરત પધાર્યા, શ્રીબાલકૃષ્ણપ્રભુને પધરાવી ગયા અને શ્રીદ્વારકાધીશજી પાસે પધરાવ્યા.

ત્યાર પછી શ્રીપુરુષોત્તમજી સેવા માટે શ્રીજીદ્વાર પધાર્યા, ત્યાં શ્રીજીનાં સેવાશૃંગાર કર્યા, અહીંથી આસોટિયા પધાર્યા. એક મહિના સુધી શ્રીદ્વારકાધીશજીના શણગાર કર્યા. પરસ્પર બધા સ્નેહથી રહ્યા. શ્રીપુરુષોત્તમજીએ પોતે કરેલ ગ્રહણ અંગેનો નિર્ણય બતાવ્યો.

આ રીતે દોઢ વર્ષ સુધી શ્રીપુરુષોત્તમજી શ્રીજીદ્વાર તથા આસોટિયા બિરાજ્યા. આ દરમ્યાન આપે ગો.શ્રીવ્રજરાયજીને આપેલું વચન તો યાદ હતું જ, આથી એક વાર આસોટિયા વિદાયના શણગાર માટે પધાર્યા. શ્રીવ્રજભૂષણજીને કહ્યું કે, ''માજી મહારાજની તબિયત સારી નથી તેથી તરત સુરત જાઉ છું, એઓ સારા થતાં પાછો આવીશ.'' આમ કહીને સાંઝના સેન થયા બાદ શ્રીઠાકોરજીને પોઢાડતી વખતે શ્રીબાલકૃષ્ણપ્રભુને પોતાની

ચોટીમાં પધરાવી લીધા તથા શીઘ્રતાથી ઘુડવેલમાં બિરાજી રાત્રિના સમયે જ આસોટિયા છોડ્યું અને શ્રીબાલકૃષ્ણપ્રભુને લઈ સુરત પધાર્યા.

ગો.શ્રીગિરધરલાલજી વચનામૃતમાં આજ્ઞા કરે છે કે ‘શ્રીપુરુષોત્તમજીને લાલજી થયા નહિ, એક લાલજી થયા એમણે પણ લીલા વિસ્તારી. ચાર વહુજી થયાં, પણ લાલજી ન થયા.’

શ્રીપુરુષોત્તમજીના પુત્રો તથા વહુજીઓ વિશે બીજી જે માહિતી ઉપલબ્ધ છે તે ગૃહસ્થાશ્રમ વિશે લખતાં શરૂઆતમાં જ દર્શાવી છે.

શ્રીપુરુષોત્તમજીએ પોતાના ભત્રીજા શ્રીપુરુષોત્તમજીને ગોદે લીધા હતા. આ બાલક શ્રીગુસાંઈજીના તૃતીય પુત્ર શ્રીબાલકૃષ્ણજીના પાંચમા પુત્ર શ્રીવ્રજાલંકારજીના જ્યેષ્ઠ પુત્ર શ્રીવિઠ્ઠલેશજીના બીજા પુત્ર શ્રીમુરલીધરજીના જ્યેષ્ઠ પુત્ર થાય. આપશ્રી ભૂતલ પર ૭૦ વર્ષ બિરાજ્યાં હોવાનું મનાય છે.[૧]

પ્રસંગ - ૨[૨]

શ્રીપુરુષોત્તમજી શ્રીહરિરાયજીના ઉત્તર સમકાલીન હતા

શ્રીપુરુષોત્તમજીની પૂર્વાવસ્થા વખતે શ્રીહરિરાયજીની ઉત્તરાવસ્થા હતી. શ્રીહરિરાયજી વૃદ્ધાવસ્થામાં ખિમનોર બિરાજતા હતા. ખિમનોર સિંહાડ (શ્રીજીદ્વાર)થી નજીક છે. અહીં શ્રીહરિરાયજી ભગવદ્‌વિરહની તીવ્ર ભાવનાથી બિરાજતા હતા. શ્રીનાથજી બાવા જો પોતાને સ્વલ્પ પણ શ્રમ થાય તો એ શ્રીહરિરાયજી જતાવતા હતા. શ્રીહરિરાયજી પણ પ્રભુના સ્વલ્પ પણ શ્રમનું નિવારણ કરવા જવા માટે સદા સવારી તૈયાર રાખતા.

એકવાર શ્રીપુરુષોત્તમજી જુદા જુદા દેશ પધારીને છેલ્લે શ્રીજીદ્વાર પધાર્યા. પહેલી વાર આવેલી ભેટનો વિનિયોગ શ્રીનાથજીને કરવાની એક રીતિ હોય છે, આપે પ્રાપ્ત થયેલ ભેટના દ્રવ્યમાંથી શ્રીનાથજી માટે ગજમોતીની

---

[૧] શ્રીપુરુષોત્તમજીને ગોદે આવેલ શ્રીપુરુષોત્તમજી
શ્રીગુસાંઈજી, શ્રીબાલકૃષ્ણજી (તૃતીય લાલ), શ્રીવ્રજાલંકારજી (પાંચમા પુત્ર), શ્રીવિઠ્ઠલેશજી (પ્રથમુ પુત્ર), શ્રીમુરલીધરજી (બીજા પુત્ર), શ્રીપુરુષોત્તમજી (પ્રથમ પુત્ર).

[૨] શિક્ષાપત્રમાં આપેલ શ્રીહરિરાયજીના પ્રસંગોને આધારે.

સુંદર, પણ વજનમાં હલકી, મોજડીઓ સિદ્ધ કરાવી. શ્રીનાથજી બાવા આ મોજડીઓ અંગીકાર કરે એવો આપનો મનોરથ હતો. તત્કાલીન શ્રીજીના તિલકાયતશ્રીની આપે આજ્ઞા માગી. એ વખતે ઉષ્ણકાલ શરૂ થઈ ગયો હતો, આથી પ્રભુનું સુખ વિચારી મોજડીઓ ધરવાનો એ સમય ન હતો. શ્રીપુરુષોત્તમજીએ ભાવવશ ખૂબ આગ્રહ કર્યો, આથી શ્રીતિલકાયતશ્રીએ રાજભોગ પર્યંત શ્રીજીને મોજડીઓ ધરાવવા આજ્ઞા કરી. શ્રીપુરુષોત્તમજીને આથી સંતોષ ન થયો, આપે મુખિયાજીને સમઝાવીને ઉત્થાપન સુધી મોજડીઓ ધરાવી રાખવા કહ્યું, મુખિયાજીએ એમ કર્યું.

આમ થતાં સુકુમાર ઠાકોરજીને શ્રમ થયો. આપે ખિમનોરમાં બિરાજતા શ્રીહરિરાયજીને આ જતાવ્યું. શ્રીહરિરાયજી અપરસમાં જ અશ્વારૂઢ થઈ શ્રીજીદ્વાર પધાર્યા અને શ્રીજીને ધરાવેલી મોજડીઓ વડી કરી.

[૧] પ્રસંગ – ૩

એક વૃદ્ધ ડોસીએ શ્રીપુરુષોત્તમજીનો સંદેહ નિવૃત્ત કર્યો

શ્રીહરિરાયજી, સુબોધિની ઈત્યાદી આકરગ્રંથોના રહસ્ય સમઝતા હતા. આ રહસ્યો આપ સત્સંગમાં વૈષ્ણવોને પણ સમઝાવતા. આ સત્સંગમાં એક વૃદ્ધ ડોસી પણ જતી, શ્રીહરિરાયજીની કૃપાથી એને પણ આ રહસ્યો હૃદયારૂઢ થઈ ગયાં હતાં.

એક દિવસ શ્રીપુરુષોત્તમજી શ્રીસુબોધિનીજી ઉપર 'પ્રકાશ' લખતા હતા. આપને કંઈક સંદેહ થયો, આથી આપ ખિન્ન થયા. આ વખતે પેલી વૃદ્ધ ડોસી આપશ્રીની પાસે જ હતી. શ્રીપુરુષોત્તમજીને ખિન્ન જોઈ એણે પૂછ્યું : 'લાલ, આજ ખિન્ન કેમ છો ?' શ્રીપુરુષોત્તમજીએ ખિન્ન થવાનું કારણ કહ્યું, ત્યારે વૃદ્ધ ડોસીએ કહ્યું, 'જો આપની મહેર હોય તો શ્રીહરિરાયજી પાસે મેં જે શ્રવણ કર્યું છે તે હું આપને નિવેદિત કરું.' શ્રીપુરુષોત્તમજીએ હા કહી અને વૃદ્ધ ડોસીના નિવેદનથી શ્રીપુરુષોત્તમજીનો સંદેહ નિવૃત્ત થયો.

અગાધ વિદ્વત્તા સાથે આ દીનતા શ્રીપુરુષોત્તમજીમાં બિરાજતા વિરુદ્ધધર્માશ્રયનું દર્શન કરાવે છે તથા શ્રીમહાપ્રભુજીને અભિપ્રેત ગુરુલક્ષણો પૈકીનું દંભાદિ-રહિતપણું સ્ફુટ થાય છે.

---

૧. શિક્ષાપત્રમાં આપેલ શ્રીહરિરાયજીના જીવનપ્રસંગને આધારે.

આપશ્રીના ગૃહસ્થાશ્રમ દરમ્યાન સુરત શહેર જહોજલાલીની ટોચે હતું. આપશ્રીના અનેક ધનિક સેવકો દ્વારા અઢળક સંપત્તિ આપશ્રીને અંગીકાર કરવામાં આવતી. આ સર્વદ્રવ્યનો વિનિયોગ આપ શ્રીબાલકૃષ્ણપ્રભુની સેવામાં કરતા. આપ સાદું, સરળ અને સાત્ત્વિક જીવન ગાળતા. શ્રીમહાપ્રભુજી અભિપ્રેત ગુરુલક્ષણો પૈકી 'કૃષ્ણસેવાપરંવીક્ષ્ય' પણું આપણામાં સ્ફુટ થાય છે.

આપશ્રીની કલારુચિ[૧]

આપશ્રીને ચિત્રો દોરવાનો તથા પેપરકટિંગનો પણ શોખ હતો. સેવા અને શાસ્ત્રોના અવગાહન સાથે સાથે, સમય મેળવી, આપ સુંદર ચિત્રોનું સર્જન કરતા. આ કલા આપે હસ્તગત કરેલી. આપશ્રીએ કાગળમાંથી કોતરેલાં ચિત્રો આજે પણ સુરત મોટા મંદિરમાં બિરાજે છે. આ વિશે આછો ખ્યાલ નીચેની વિગતો પરથી મળી શકશે :

(૧) મુરલીમનોહરનું ચિત્ર : એ ત્રણ રંગોનું છે. ચિત્રમાં કૃષ્ણને વાંસળી વગાડતા બતાવ્યાં છે. એમના ચરણ પાસે બે હરણીઓ છે. આપે મસ્તકે મોરપીંછ ધર્યું છે. આ ચિત્રનો વિષય શ્રીમદ્ભાગરત (૧૦-૨૧-૧૧) પર આધારિત છે. શ્રીમદ્ભાગવતમાંના દસમા સ્કંધ (નિરોધલીલા)નો એકવીસમો અધ્યાય 'વેણુગીત' છે. એના અગિયારમાં શ્લોકમાં ગોપીજનો ગાય છે :

धन्यास्तु मूढमतयोऽपि हरिण्य एता
या नन्दनन्दमुपात्त विचित्रवेषम् ।
आकर्ण्य वेणुरणितं सह कृष्णासारा:
पूजां दधुर्विरचितां प्रणयावलोकै: ।।

શ્રીકૃષ્ણ વિચિત્ર વેષ ધારણ કરી બંસી બજાવે છે. બંસીની તાન સાંભળી મૂઢમતિવાળી હરિણીઓ પોતના પતિ કૃષ્ણસાર મૃગો સાથે નંદનંદનની પાસે આવી જાય છે, પોતાની પ્રેમસભર મોટી મોટી આંખોથી પ્રભુને નીરખે છે : જાણે કે આ મોટી મોટી આંખો શ્રીકૃષ્ણચરણો પર ન્યોછાવર કરી દે છે અને શ્રીકૃષ્ણની પ્રેમભરી દૃષ્ટિથી થયેલ એમના સત્કારને સ્વીકારે છે. વાત્સવમાં

---

૧. Purushottamaji : A Study ના આધારે. લેખક ડૉ. એ. ડી. શાસ્ત્રી

તો એમનું જીવન ધન્ય છે. આ ભાવનું આલેકન શ્રીમુરલીમનોહરનું સુંદર ત્રિરંગી ચિત્ર આપે તૈયાર કર્યું છે.

(૨) બીજા એક ચિત્રમાં આપે સફેદ કાગળ પર કોતરકામ કર્યું છે એમાં એક તાડનું ઝાડ બનાવ્યું છે. વૃક્ષના મૂળ પાસે એક ગાય અને એક ઘડાનું ચિત્ર છે. વૃક્ષ પર ચડતા બે મનુષ્યો બતાવ્યા છે, જેમની પાસે ઘડા છે. આહીં બોર્ડર - ડિઝાઈન પણ છે.

આ કોતરકામ ઝીણું, પણ ચોક્કસ રીતનું છે. વૃક્ષનાં પાન, બંને માણસોની પાઘડીઓ વગેરે ઝીણી વિગતો પણ સ્પષ્ટ આલેખાઈ છે. સફેદ કાગળનો ઉપયોગ કર્યો છે.

(૩) એક ચહેરો અને ચાર Ramsનું કોતરકામ. ચાર Rams આ રીતે બતાવ્યા છે, ╳ અને દોરેલો ચહેરો કોઈ પણ ?Ramમાં જુદી જુદી મુદ્રામાં બંધસેસતો કરી શકાય છે. ત્યાં પણ બોર્ડર - ડિઝાઈન છે. કાગળ કામ ખૂબ બારીક છે. ચિત્ર સુંદર અને કલાથી ભરેલું છે. સફેદ પેપરનો ઉપયોગ કર્યો છે.

(૪) સરુના ઝાડનું કોતરકામ : આ કોતરણીને કલાત્મક બોર્ડર છે. વૃક્ષ નીચે ચાર પક્ષીઓ બતાવ્યાં છે. બંને બાજુએ બબ્બે બબ્બે પક્ષીઓ છે. કોતરકામ ખૂબ બારીક છે. સફેદ કાગળનો ઉપયોગ થયો છે.

(૫) પાંદડા વગરના સુકાઈ ગયેલા વૃક્ષનું કોતરકામ-ખૂબ બારીક કામ છે. કાગળ સફેદ નથી, પણ ઘેરા રંગનો છે.

(૬) કંદબના ઝાડનું કોતરકામ : આ કોતરકામમાં બે વાનરો બતાવ્યા છે. એમાંનો એક ઝાડ પર ચડે છે : જ્યારે બીજો પાંદડા ચૂંટે છે. કોતરકામ એટલું સૂક્ષ્મ છે કે વાનરોની પૂંછડી પણ દેખાય છે. ઝાડ ખાસું મોટું છે. સરુ અને કદંબના વૃક્ષો નીચે ક્રમશઃ 'શ્રી' અને 'શ્રીઃ' શાહી વડે લખેલું છે. આ હસ્તાક્ષરો શ્રીપુરુષોત્તમજીના છે. આમ આ કાગળ - કામ શ્રીપુરુષોત્તમજીનું જ છે. શ્રીગોસ્વામી - પરંપરામાં જો 'શ્રી' લખેલું ન હોય તો એ કાગળ 'સેવા'માં ઉપયોગમાં લેવાતો નથી.

(૭) આ ઉપરાંત આપશ્રી બે ચિત્રો શ્રીવિઠ્ઠલેશજીનાં તથા એક શ્રીનાથજીનું ચિત્ર પણ બનાવ્યું છે.

આપનું લેખન કાર્ય તથા વિદ્યાનુરાગ

આપશ્રી જ્યારે સુરતમાં બિરાજતા ત્યારે મંદિરના ભોંયરામાં વિરાજી લેખો લખતા. કોક વાર સુરત પાસે ડૂમસમાં બિરાજીને પણ ગ્રંથલેખન કરતા.

આપશ્રી એક સાથે ત્રણ ચાર ગ્રંથોનું લેખન કાર્ય કરતા. આ માટે આપે નવેક લહિયા રાખેલા. આમ આપશ્રીએ નવ લાખ શ્લોકોનું (ત્રણ મહાભારત જેટલું) સાહિત્ય રચ્યું છે. આથી આપ 'લેખવાળા' પુરુષોત્તમજી તરીકે પ્રસિદ્ધ થયા.

શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીના ગ્રંથોનું આપ વારંવાર વાંચન કરતા. શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીદેવકીનંદનજી, શ્રીચાચાગોપેશજી અને શ્રીદ્વારકેશજી જેવા આપના પૂર્વકાલીન અને સમકાલીન વિદ્વાન આચાર્યચરણોના સાહિત્યનો પણ આપે માર્મિક અભ્યાસ કરેલો. શ્રીહરિરાયજી માટે આપશ્રીને ખૂબ જ ભાવ અને આદર હતા.

આપશ્રીનો વિદ્યાનુરાગ ગજબનો હતો. આપશ્રી પરદેશ પધારતા ત્યારે આશરે બત્રીસ ગાડાં ભરીને પુસ્તકો રાખતા. આપશ્રી મ્યાનામાં વિરાજી પ્રવાસ કરતા. સમય નકામો ન જાય એ માટે આ પુસ્તકોનું અવગાહન કરતા.

આપશ્રી સ્વરચિત ગ્રંથોની ત્રણ પ્રતિ કરાવતા : એક નકલ આપ રાખતા બીજી નકલ ચાંપાસેનીવાળા ગો.શ્રીવિઠ્ઠલરાયજીને મોકલતા, ત્રીજી નકલ ગો.શ્રીવ્રજોત્સવજીને અગર કોઈ યોગ્ય પાત્રને આપતા. આમાં ગ્રંથદાતાની ઉદારતાનું દર્શન આપના વ્યક્તિત્વમાં થાય છે.

શ્રીપુરુષોત્તમજી સુરતનિવાસી હતા, આથી આપશ્રીમાં વિનોદવૃત્તિ પણ હોય જ. આમ તત્ત્વજ્ઞાનના શુષ્ક ગ્રંથોમાં પણ આપે હાસ્યરસને અવકાશ આપ્યો છે; જો કે એઓશ્રીનો હાસ્યરસ સાધારણતઃ કટુ હોય છે. એક બે દૃષ્ટાન્ત જોઈએ.

વ્યાસસૂત્રમાં 'आनन्दमयोऽभ्यासात्'સૂત્ર છે. સૂત્રકાર કહે છે કે ભગવાન આનંદમય છે.

હવે શાંકરભાષ્યમાં શંકરાચાર્યજી પણ પ્રથમ તો આ જ જણાવે છે, પણ પછીથી કહે છે કે 'કોઈ એમ કહે કે હું આનંદી છું તો ત્યાં દુઃખની પણ ભાવના હોય છે. તેથી ભગવાન પણ આનંદમય નથી.'

આવું જ્યારે કોઈ કહે ત્યારે સ્વાભાવિક છે કે ક્રોધ આવે જ. કહેવાય કે 'अत एवं सत्यपि यत् तद्विचारेणानन्दमये दु:खास्तित्वकथनं तद्ग्रन्थकृतो महादु:खसंस्कारस्य प्राबल्यमेव गमयतीति दिक् ।'

એક સ્થળે વિજ્ઞાનભિક્ષુના નામ ઉપર શ્લેષ કરી લેખ છે કે 'अत इदं भिक्षावैराग्यदशायामवादीत्' વિજ્ઞાનભિક્ષુને ભિક્ષાવ્યગ્ર કહેવાથી શ્રીપુરુષોત્તમજી અને તત્સમયના અન્ય ગોસ્વામી મહારાજોનો વૈભવ સૂચવાય છે.

શ્રીપુરુષોત્તમજીના ગ્રંથો વાંચનારનું બે ત્રણ વસ્તુ અવશ્ય ધ્યાન આકર્ષે છે : પ્રથમ તો બ્રહ્મવિદ્યા જેવા ગહન વિષયમાં અતિ સરલતાથી પોતે લખે છે. સ્વલેખનનો ઉદ્દેશ પાંડિત્ય બતાવવા માટે નથી, પણ જિજ્ઞાસુને અર્થનું બોધન કરવા માટે છે. શાંકરભાષ્યના ટીકાકારો શાંકરભાષ્ય કરતાં ય વિશેષ ક્લિષ્ટ ભાષા લખે છે, જ્યારે શ્રીપુરુષોત્તમજી વિસ્તારપૂર્વક લખવા છતાં ટીકાકારોનો પ્રાથમિક ઉદ્દેશ ભૂલતા નથી.

શ્રીગુસાંઈજીએ શ્રીઆચાર્યજીના સર્વ ગ્રંથોનું વારંવાર મનન કર્યું છે, યોગ્ય લાગ્યું ત્યાં ટિપ્પણ કર્યું છે. સમય જતાં શ્રીગુસાંઈજીનું કરેલ ટિપ્પણ શ્રીઆચાર્યજીના ગ્રંથોમાંથી અલગ તારવવું દુર્લભ થયું.

શ્રીપુરુષોત્તમજીનો આ બંને આચાર્યોના ગ્રંથોનો અભ્યાસ ખૂબ જ પરિપક્વ હતો. સાથે દરેક સ્થલે આપ દર્શાવે છે કે અમુક ભાગ શ્રીગુસાંઈજી લિખિત છે. આ ઉપરાંત લેખકભ્રમથી ગ્રંથ ત્રુટિત થયેલો હોય તો એ પણ ત્યાં દર્શાવે છે.

'ભાગવતશંકાનિરાસવાદ' ગ્રંથમાં તો શ્રીપુરુષોત્તમજીની ઈતિહાસશોધકની તીક્ષ્ણ બુદ્ધિનું દર્શન થાય છે. શ્રીભાગવતની પ્રાચીનતા દર્શાવતા ગ્રંથકારોનો ક્રમશઃ કરેલો ઉપન્યાસ આપણને આશ્ચર્ય કરાવે છે.

આપશ્રીની લેખનશૈલી

આપશ્રીની લેખનશૈલી પણ આપશ્રી જેવી જ ચોક્કસ છે. અલ્પવિરામ માટે આપ વિરામ ચિહ્ન (.) મૂકે છે. પૂર્ણવિરામ માટે એક ઊભી રેખા (।) મૂકે છે, ફકરો પાડવાનો હોય ત્યાં બે ઊભી રેખા (।।) દોરી એક ઈન્ચ સ્થાન છોડે છે.

કૅપીટલ અક્ષર પર ગેરુ લગાવે છે. અક્ષર કાઢી નાખવાનો હોય ત્યાં પટી લાગવી એ પર ફરી લખે છે. ટિપ્પણી કરવી હોય ત્યાં શબ્દ પર બે આડી લીટી (=) કરે છે.

આપશ્રીનાં વ્યક્તિત્વની અને વિચારોની કેટલીક વિશેષતાઓ - વિશિષ્ટતાઓ

(૧) આપશ્રી ભાષાવિષયના વિશેષજ્ઞ હતા. ખાસ કરીને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી તથા શ્રીહરિરાયજીની ભાષા તરત ઓળખતા.

ભારતીય સંપ્રદાયપ્રણાલીમાં આચાર્યની એક ઓળખ એવી છે કે જે વેદ, શ્રીગીતા તથા બ્રહ્મસૂત્રો પર ટીકા - સાહિત્ય લખે તે 'આચાર્ય' કહેવાય.

ભાષાવિષય-વિશેષજ્ઞ શ્રીપુરુષોત્તમજીએ પ્રમાણપુરઃસર પ્રતિપાદિત કર્યું કે શ્રીમહાપ્રભુજી - લિખિત 'अणुभाष्य' (બ્રહ્મસૂત્ર પરની ટીકા)ના પાછળના દોઢ અધ્યાયનો ભાગ શ્રીગુસાંઈજીએ સંપન્ન કર્યો છે. આમ પુષ્ટિમાર્ગના આચાર્ય સાથે વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય તરીકે પણ શ્રીગુસાંઈજી દૃઢપણે ગણાયા.

(૨) આપશ્રીએ અનેક સ્વતંત્ર ગ્રંથો તથા ટીકાગ્રંથો લખ્યા છે. શ્રીમહાપ્રભુજીના પ્રત્યેક ગ્રંથ પર આપશ્રીની ટીકા છે જ, આથી જ સાંપ્રદાયિક વિદ્વાનો એવું દૃઢપણે માને છે કે જે ગ્રંથ શ્રીમહાપ્રભુજીના નામથી પ્રસિદ્ધ હોય તેના ઉપર શ્રીપુરુષોત્તમજીની ટીકા અવશ્ય હોય. જો આપશ્રીની ટીકા ન હોય તો એ ગ્રંથ શ્રીમહાપ્રભુજીપ્રણીત નથી એવું માનવામાં હિચકિચાટ રાખવો નહિ. આ ન્યાયે 'भगवत्पीठिका' ગ્રંથ જેના રચિયતા શ્રીમહાપ્રભુજી મનાય છે તે વાસ્તવમાં સાચું નથી, કારણ કે એ ગ્રંથ પર શ્રીપુરુષોત્તમજીની ટીકા પ્રાપ્ત થતી નથી. આપશ્રીના અન્ય ગ્રંથોમાં પણ આ ગ્રંથનો કોઈ જ જગ્યાએ ઉલ્લેખ નથી.

(૩) આપશ્રી શ્રીબાલકૃષ્ણપ્રભુને પરમ દૈવત સમઝે છે, આથી જ આપશ્રી ગ્રંથોના મંગલાચરણ તથા ઈતિશ્રીમાં શ્રીબાલકૃષ્ણજી તથા શ્રીનાથજીને જ સ્મરે છે, ભાગ્યે જ શ્રીકૃષ્ણના અન્ય સ્વરૂપનું સંસ્મરણ કરે છે.

(૪) આપશ્રીએ શ્રીમહાપ્રભુજીના લખેલ 'અણુભાષ્ય' પર 'પ્રકાશ' નામની ટીકા લખી છે. અહીં બ્રહ્મવાદ વિશે મંગલાચરણના શ્લોકમાં આપશ્રી દર્શાવે છે કે ભગવાને સૃષ્ટિના આરંભમાં બ્રહ્મવાદનો જે બોધ બ્રહ્માજીને કર્યો હતો, પુનઃ જે

બ્રહ્મવાદનો બોધ શ્રીકૃષ્ણે અર્જુનને ગીતામાં અને શ્રીઉદ્ધવજીને શ્રીભાગવતમાં કર્યો તે જ બ્રહ્મવાદનું સ્થાપન શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્રના ભાષ્ય દ્વારા કર્યું. આપશ્રીના મતે શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદની પરંપરા આ જ છે.

(૫) શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે ''श्रीम्कृष्णाज्ञया तद्रतिपथ उदितो दैवजीवावनार्थम्।'' આ પ્રમાણથી પુષ્ટિમાર્ગના સંબંધમાં આપશ્રી આજ્ઞા કરે છે કે દૈવીજીવના રક્ષણને માટે શ્રીવલ્લભાચાર્યજીએ શ્રીકૃષ્ણની આજ્ઞાથી રતિપથ - પ્રેમમાર્ગ - (પુષ્ટિમાર્ગ)નું પ્રાકટ્ય કર્યું છે. એઓશ્રીના મતે પુષ્ટિમાર્ગને વિષ્ણુસ્વામી સાથે સંબંધ નથી, પણ શ્રીકૃષ્ણની સાક્ષાત્ આજ્ઞા સાથે જ સંબંધ છે. શ્રીમહાપ્રભુજીની પણ આજ્ઞા છે કે વિષ્ણુસ્વામીનો મત તામસ છે, અમારો નિર્ગુણ છે. 'સિદ્ધાંતરહસ્ય'માં પણ ગોવિંદઘાટ પર મધ્યરાત્રિએ પ્રકટેલા શ્રીઠાકોરજી શ્રીવલ્લભને ''ब्रह्मसंबधन्धकरणात् सर्वेषां देहजीवयो:'' એવી આજ્ઞા કરે છે. આ પણ આપશ્રીની માન્યતાનું જ પ્રમાણ છે.

(૬) પ્રાચીન મહાનુભાવોએ શ્રીભાગવત તથા શ્રીગીતાના પાઠમાં સ્ત્રી - શુદ્રોને સંકોચ રાખવાનું જણાવ્યું નથી, પણ આ અંગે આપ વિશિષ્ટ આજ્ઞા કરે છે કે બ્રહ્મજ્ઞાનાંશથી વ્યક્તિરિક્ત ભાગનું પઠન (શ્રીગીતા તથા શ્રીભાગવતમાં) સ્ત્રી-શુદ્રોએ કરવું. જો એમ ન બને તો સ્ત્રીઓ તથા શૂદ્રો માત્સર્યાદિદોષોવાળા થઈ જશે. પરિણામે ભાગવતમાર્ગમાં પણ એઓ અધિકારી નહિ ઠરે. શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કંધ - અધિકારલીલામાં પણ હીન અધિકારી શ્રોતાના લક્ષણ પૈકી એક માત્સર્યરહિતપણું જ કહ્યું છે.

(૭) આપશ્રીને સ્મૃતિઓમાં કહેલાં વ્રતાચારોનો બહુ આગ્રહ હતો, આથી જ વર્ણાશ્રમધર્મના આપ ખૂબ આગ્રહી હતા. આપશ્રી શ્રીમહાપ્રભુજીની એ આજ્ઞાને દૃઢતાથી સ્વીકારતા કે ઘરમાં રહેનાર માટે જ્યાં સુધી દેહાભિમાન હોય, અહંતા મમતા દેહના સંબંધથી દૃઢ હોય ત્યાં સુધી તો શાસ્ત્રોક્ત વર્ણાશ્રમધર્મો જ સ્વધર્મ છે, ભગવદ્ધર્મ પરધર્મ છે, જ્યારે દેહાભિમાન શિથિલ થઈને આત્માભિમાન જાગ્રત થાય, જીવ પોતે કૃષ્ણનો દાસ છે એવું ભાન દૃઢ થાય ત્યારે ભગવદ્ધર્મો સ્વધર્મ બને છે, વર્ણાશ્રમધર્મો પરધર્મ બને છે.

(૮) આપશ્રીના સમયમાં યવની વાતાવરણ સાથે આંગ્લ અતિક્રમણ પણ શરૂ થયું હતું. અંગ્રેજી પહેરવેશ, રીત - રસમો આપને ગમતાં નહિ, આથી એનું અનુસરણ કરનારને આપશ્રી મૂર્ખ કહેતા.

(૯) આપશ્રી પોતાના સર્વ પૂર્વજોને આપશ્રી - રચિત ભાષ્યપ્રકાશમાં નમે છે. શ્રીગોપીનાથજી (શ્રીમહાપ્રભુજીના પ્રથમ લાલ)ને નમન કરનાર શ્રીગુસાંઈજી પછી આપ પહેલા જ બાલક છે. શ્રીગોપીનાથજી માટે આપશ્રી રચિત મંગલાચરણમાં આપ કહે છે :

श्रीवल्लभप्रतिनिधिं तेजोराशिं दयार्णवम् ।
गुणातीतं गुणनिधिं श्रीगोपीनाथमाश्रये ।।

શ્રીગોપીનાથજી શ્રીવલ્લભના પ્રતિનિધિ છે. શ્રીગોપીનાથજીએ વાસ્તવમાં શ્રીવલ્લભનું પ્રતિનિધિત્વ સુંદર રીતે કર્યું છે. (આપણા જ આચાર્ય 'શ્રીગોપીનાથજી'ની પુસ્તિકા આ માટે જોવા વિનંતી). આપ તેજનો પુંજ છે, દયાના સાગર છે, ગુણોથી અતીત અને (અપ્રાકૃત) ગુણોનો ભંડાર છે. આવા (અપ્રાકૃત) શ્રીગોપીનાથજીનો મારે આશ્રય છે.

અહીં 'तेजोराशिं' અને 'दयार्णवम्'આ બે વિશેષણોથી શ્રીગોપીનાથજીમાં રહેલ વિરુદ્ધધર્માશ્રયપણાનો નિર્દેશ છે. આ રીતે શ્રીગોપીનાથજીનું ભગવત્ત્વ સૂચવે છે.

શ્રીસર્વોત્તમજીમાં શ્રીગુસાંઈજી મંગલાચરણમાં પ્રભુને પ્રાકૃત ધર્મ વગરના, પણ અપ્રાકૃત ધર્મવાળા કહે છે. ઉપર લખેલા શ્રીગોપીનાથજી માટેના મંગલાચરણમાં શ્રીગોપીનાથજીને પણ (પ્રાકૃત) ગુણોથી અતીત અને (અપ્રાકૃત) ગુણોનો ભંડાર કહી આપનું (શ્રીગોપીનાથજીનું) પુરુષોત્તમપણું જ પ્રતિપાદિત કર્યું છે.

(૧૦) આપશ્રી ગતાનુગત નથી. જે જગ્યાએ આપને પ્રશ્ન ઉઠાવવા જેવું લાગ્યું છે ત્યાં આપશ્રીએ એ પણ કર્યું છે. સમર્થ શ્રીગોકુલનાથજીની કેટલીક ટીકાઓમાં આપશ્રીના વિચારો સાથે પોતે સહમત નથી એવું શ્રીપુરુષોત્તમજી કહી દે છે. આ બધો વિરોધ આપશ્રીએ સજ્જડ પ્રમાણો આપીને કર્યો છે. આમ શ્રીગીતા તથા શ્રીભાગવતમાં કહેલ અભયના બિરુદ માટે આપ લાયક છે.

(૧૧) અગાધ પાંડિત્ય હોવા છતાં વડીલો પ્રતિ પૂજ્ય ભાવ પણ એટલો જ છે, આથી કેટલાક ગ્રંથો આપે સ્વપૂજ્યોના નામથી યોજ્યા છે. દા.ત. (अ) પુષ્ટિપ્રવાહમર્યાદા ગ્રંથની ટીકા અને આવરણભંગ શ્રીપીતાંબરજી પિતૃચરણોના નામથી લખ્યાં છે. (ब) પૂર્વમીમાંસાના દ્વિતીય અધ્યાયના પ્રથમ ભાવાર્થપાદ ભાષ્યનું વિવરણ (સ્વપિતામહ) શ્રીયદુપતિજીના નામથી કર્યું છે. (क) ભાવ-પ્રકાશિકા (દીક્ષાગુરુ) શ્રીકૃષ્ણચંદ્રજીના નામથી લખી છે.

(૧૨) શ્રીમહાપ્રભુજીએ ('તત્ત્વાર્થદીપનિબંધ'ના) 'પ્રકાશ'માં આજ્ઞા કરી છે : ''शास्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः'' (વેદ - ગીતા - બ્રહ્મસૂત્રના સારરૂપ શ્રીમદ્‌ભાગવત્) શાસ્ત્ર સમઝીને મન - વાણી - દેહ વડે કૃષ્ણને સેવવા જરૂરી છે. આ સિદ્ધાંત છે, એના પ્રતિપાદન માટે શ્રીમહાપ્રભુજીના ષોડશ ગ્રંથો છે. આ ગ્રંથોનો ક્રમ અને ગ્રંથ-વિષય-ફલ શ્રીહરિરાયજી તથા શ્રીપુરુષોત્તમજીએ દર્શાવ્યાં છે. આપણા માર્ગમાં બહુધા શ્રીહરિરાયજીએ આપેલ ગ્રંથક્રમ અને ગ્રંથ-વિષય-ફલ પ્રચલિત છે.

શ્રીપુરુષોત્તમજીએ આપેલ ગ્રંથક્રમ તથા ગ્રંથ - વિષય - ફલ શ્રીહરિરાયજીના સંકલન કરતાં કંઈક ભિન્નતા ધરાવે છે.[૧]

ષોડશ ગ્રંથ	**શ્રીહરિરાયજીનું સંકલન**	**શ્રીપુરુષોત્તમજીનું સંકલન**
(૧) શ્રીયમુનાષ્ટક	એના રહસ્યને સમઝવાથી સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થાય છે.	સ્તોત્રપાઠથી બધાં પાપોનો નાશ અને ભગવાનમાં રતિ થાય છે.
(૨) બાલબોધ	એના રહસ્યને સમઝવાથી સ્વકીયતા સિદ્ધ થાય છે.	સર્વ શસ્ત્રોના અર્થ (પુરુષાર્થ) નો સંક્ષેપમાં નિર્ણય છે.
(૩) સિદ્ધાંત-મુક્તાવલી	એના રહસ્યને સમઝવાથી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની સમઝ થાય છે.	કૃષ્ણસેવા જ મુખ્ય સિદ્ધાંત સત્ય છે.
(૪) પુ.પ્ર.મ.	એના રહસ્યને સમઝવાથી આ માર્ગના જીવોના પ્રકારની સમઝ થાય છે.	શ્રીપુરુષોત્તમજી આ ગ્રંથને દસમો ક્રમાંક આપે છે. જીવોના પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા પ્રાકરો સમઝાવ્યા છે.
(૫) સિદ્ધાંત-રહસ્ય	એના રહસ્યને સમઝવાથી શું કરવું એના ભગવાને કરેલ ઉપદેશની સમઝ થાય છે.	શ્રીપુરુષોત્તમજી આ ગ્રંથનો ક્રમાંક ચોથો આપે છે. સેવામાં બાહ્ય અને આંતર શુદ્ધિ જરૂરી છે. બાહ્ય સેવામાં જરૂરી બાહ્ય પદાર્થોની શુદ્ધિ સિદ્ધ કરે છે.

---

[૧] પુષ્ટિપુલિન લે. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીના આધારે.

(૬)	નવરત્ન	એના રહસ્યને સમઝવાથી બ્રહ્મસંબંધ પછી ભગવાને પોતાનો અંગીકાર કર્યો છે કે નહી એવી ચિંતાને દૂર કરવા માટેની સમઝ થાય છે.	આપ આ ગ્રંથને પાંચમો ક્રમાંક આપે છે. આંતર સેવામાં ઉપયોગી ચિત્તની સ્વસ્થતાનું સંપાદન કરે છે.
(૭)	અંતઃકરણપ્રબોધ	એના રહસ્યને સમઝવાથી અંતરને ઉપદેશ આપવા માટેની સમઝ થાય છે.	આપ આ ગ્રંથને છટ્ઠો ક્રમાંક આપે છે. આંતર સેવાના ઉપયોગી ચિત્તની સ્વસ્થતાનું સંપાદન કરે છે.
(૮)	વિવેકધૈર્યાશ્રય	એના રહસ્યને સમઝવાથી અંતઃકરણપ્રબોધના અંગરૂપે વિવેક ધૈર્ય-આશ્રયની સમઝ થાય છે.	સાતમો ક્રમાંક બાહ્ય અને આંતર બે પ્રકારની સેવા (ઉપયોગી)નું નિરૂપણ કરે છે.
(૯)	કૃષ્ણાશ્રય	વિવેક ધૈર્ય આશ્રય ન હોવા છતાં કૃષ્ણાનું જ શરણ કરવું એ સમઝ થાય છે.	આઠમો ક્રમાંક. આશ્રયને સ્થિર કરવા માટે છે.
(૧૦)	ચતુઃશ્લોકી	એના રહસ્યને સમઝતાં કૃષ્ણશરણ વિના બીજા ધર્મો જ નથી એવી સમઝ થાય છે.	નવમો ક્રમાંક. સર્વ પુરુષાર્થોનું સંક્ષેપમાં નિરૂપણ કરે છે.
(૧૧)	ભક્તિવર્ધિની	એના રહસ્યને સમઝવાથી ભક્તિ કેવી રીતે વધે એવી ભગવચ્છાસ્ત્રની ગૂઢ સમઝ થાય છે.	ઉપર્યુક્ત ઉપદેશથી માનવહૃદયમાં ઉત્પન્ન થયેલી ભક્તિને વધારવાના ઉપાયો બતાવ્યા છે.
(૧૨)	જલભેદ	એના રહસ્યને સમઝવાથી ભગવચ્છાસ્ત્રના ઉપદેશક વિવિધ વક્તાઓની પરીક્ષા માટે સર્વ પ્રકારની સમઝ થાય છે.	ભક્તિ વધારવાના સાધનરૂપ શ્રવણના અંગરૂપ વક્તાના પ્રકારો કહે છે.
(૧૩)	પંચપદ્યો	એના રહસ્યને સમઝવાથી ભક્તજન સેવકોના પ્રકારની સમઝ થાય છે.	શ્રોતાઓના - ભક્તોના જુદા જુદા પ્રકારો - લક્ષણો દર્શાવ્યા છે.

(૧૪)	સંન્યાસ-નિર્ણય	એના રહસ્યને સમઝવાથી કૃષ્ણવ્યસનથી જીવન કૃતાર્થ થાય, ઘરમાં અરુચિ થાય, ગૃહત્યાગ થાય, આવો ત્યાગ કોણે અને ક્યારે કરવો, એની સમઝ થાય છે.	કૃષ્ણવ્યસનવાળા ભક્તે કરવાના ત્યાગનો પ્રકાર તેમ અધિકાર વગેરેનો નિર્ણય કરેલો છે.
(૧૫)	નિરોધ-લક્ષણ	એના રહસ્યને સમઝવાથી ત્યાગનાં સાધનોના ઉપદેશની સમજ થાય છે.	ભાવનાથી ભાવ સિદ્ધ થાય, અન્ય સાધનની જરૂર ન રહે, એવું વ્રજસ્થ ભક્તોના ભાવનું સ્વરૂપ કહ્યું છે.
(૧૬)	સેવાફલ	એના રહસ્યને સમઝવાથી આ બધા ઉપદેશાનુસાર જીવનાર ભક્તને મળતા ફલની સમઝ થાય છે. આ સ્વરૂપયોગ્યતાથી આરંભીને ફલલાભ સુધીનો જીવન-વિકાસ ક્રમ અહીં દર્શાવ્યો છે.	ભગવાન કૃષ્ણની સેવામાં પ્રાપ્ત થતા ફલનું વર્ણન છે. આમ પાપ-નિવૃત્તિ અને પ્રેમ-પ્રવૃત્તિ-પ્રવૃદ્ધિથી લઈને સેવામાં થતા ફલ સુધીનું અહીં નિરૂપણ છે.

(૧૩) સમકાલીન વિદ્વાનોમાં આપ વિશેષ પ્રતિભાસંપન્ન હોવાથી કેટલાક અલ્પજ્ઞ, અસહિષ્ણુ લોકો દ્વેષથી એમને ‘વેદપશુ’ કહેતા, પણ આપે કદી એના ઉપર લક્ષ્ય નથી આપ્યું, તેથી આપશ્રીને ‘વેદપશુ’ કહેનારને સંસારે સ્મૃતિપટલ પરથી સાફ કરી દીધા છે, જ્યારે આપશ્રીનું નામ ઈતિહાસના પાનાંઓ પર સુવર્ણ - અક્ષરોથી અંકિત છે.

(૧૪) પવિત્રાર્પણ વિશે શ્રીપુરુષોત્તમજીએ ‘ઉત્સવપ્રતાન’ ગ્રંથમાં ખાસ લખ્યું છે : સહુએ પોતાના વર્ણાશ્રમ પ્રમાણે શ્રાવણ સુદી એકાદશીએ પ્રભુને ભક્તિભાવપૂર્વક પવિત્રાં અવશ્ય અર્પણ કરવાં અને જો પવિત્રાં ન ધરાવાય તો વર્ષભરની સેવા વ્યર્થ થાય, માટે વલ્લભી વૈષ્ણવોએ પ્રતિવર્ષ પ્રભુને પવિત્રાં જરૂર ધરાવવાં. (વ્રતોત્સવભાવના, સંપાદક બાબુભાઈ વિ. સવાણીના આધારે, પાન નં. ૩૨)

આકૃતિર્ગુણાન્ કથયતિ

શ્રીમાન નર્મદાશંકર દેવશંકર મહેતાએ ‘ભારતીય દર્શનશાસ્ત્રોનો ઈતિહાસ’ નામના પુસ્તકમાં શ્રીપુરુષોત્તમજીની બુદ્ધિમત્તાનું અનુમાન કર્યું છે. આપશ્રીના ચિત્રજી પરથી એઓ કહે છે કે ‘શ્રીમદ્‌વલ્લભાચાર્યજીથી સાતમા આચાર્ય શ્રીપુરુષોત્તમજી મહારાજના ગ્રંથોને જોતાં મને એવું લાગે છે કે ઈ.સ. ૧૬૮૮માં આ મહાપુરુષે તત્ત્વદર્શનમાં ખૂબ જ સૂક્ષ્મ વિચાર કર્યો છે. આપની આકૃતિનું ચિત્ર ‘પ્રસ્થાનરત્નાકર’ના મુખપૃષ્ઠ પર આપવામાં આવ્યું છે, જેના પર દૃષ્ટિપાત કરવાથી જ જ્ઞાત થાય છે કે આપનું ભવ્ય લલાટ સૂક્ષ્મ વિચારોની છાયાથી યુક્ત છે, આપનાં વિશાલ નેત્ર પ્રતિવાદીના આક્ષેપોનો દૃઢ મનથી અસ્વીકાર કરે છે, આપશ્રીની તીક્ષ્ણ અગ્રયુક્તનાસિકા આક્ષેપોને સૂક્ષ્મ રીતિથી ઉડાડી દેવાની શક્તિ દર્શાવે છે, આપની સુંદર ચિબુક આપની અપૂર્વ દૃઢતા અને નિશ્ચયબલને બતાવે છે. તથા આપના હાથની જ્ઞાનમુદ્રા વ્યાખ્યાનકૌશલને સ્પષ્ટ દર્શાવે છે.’

આપશ્રીનો દિગ્વિજય

શ્રીપુરુષોત્તમજીએ સમગ્ર ભારતનો પ્રવાસ કર્યો. જ્યાં જ્યાં પધાર્યા ત્યાં ત્યાં વિદ્વાનો, પંડિતો, આચાર્યો સાથે પુનઃ એક વાર શ્રીવલ્લભના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સિદ્ધાંતોનો ડિંડિમઘોષ કર્યો. ઘણી જગ્યાએ શાસ્ત્રાર્થ કરીને વિજયને વર્યા, આથી આપ ‘દશદિગંતવિજયી’ શ્રીપુરુષોત્તમજી તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

સંવત ૧૯૮૫માં ‘શુદ્ધાદ્વૈત’ના તંત્રી શ્રીવસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રીએ ‘श्रीपुरुषोत्तमप्रभु का चरित्र और उनके वादग्रन्थ’ નામનું પુસ્તક પ્રકાશિત કરેલું. આ પુસ્તકના લેખક શ્રીહરિશંકર ઓઙ્કારજી શાસ્ત્રી (મીમાંસક, વેદાંતવિશારદ) હતા. એમણે શ્રીપુરુષોત્તમજીના દિગ્વિજય વિશે એમાં લખ્યું છે. અપ્પય દીક્ષિત નામના સંન્યાસીએ પુષ્ટિમાર્ગ પર આક્ષેપો કરેલા. એણે કરેલાં વિધાનોનું શ્રીપુરુષોત્તમજીએ કઈ રીતે નિરસન કર્યું છે અને આ માટે શ્રીપુરુષોત્તમજીએ લખેલ ‘પ્રહસ્તવાદ’ ગ્રંથનું વિવેચન કર્યું છે, આના આધારે હું માહિતી લખી રહ્યો છે.

આપશ્રીની સાથે પ્રત્યેક સંપ્રદાયના તથા પ્રત્યેક શાસ્ત્રના વિશેષજ્ઞ પંડિતો હંમેશા રહેતા. આપ ભારતવર્ષમાં બધી જ જગાએ સ્વયં પધારી એ પ્રાંતોના એ વખતના પંડિતોને શાસ્ત્રાર્થ માટે આહ્‌વાન કરતા.

ગુર્જર દેશમાં શ્રીતુલજારામ ભટ્ટજી કરીને વિદ્વાન હતા. એ પ્રસિદ્ધ સાંપ્રદાયિક પંડિત હતા અને શ્રીપુરુષોત્તમજીના શિષ્ય હતા. આ જ રીતે શ્રીવેણીભટ્ટ

પણ આપશ્રીના શિષ્ય હતા. આ શ્રીવેણીભટ્ટ કાશીના પ્રશ્નોરા નાગર બ્રાહ્મણ હતા. કેટલાક વિદ્વાનો માનતા હતા કે એમની સાથે શ્રીપુરુષોત્તમજીનો કાશીમાં શાસ્ત્રાર્થ થયો હતો, પણ એ માન્યતા ખોટી છે. વાદી-પ્રતિવાદીનો ન હતો પણ ગુરુશિષ્યનો હતો.

શ્રીવેણીભટ્ટજીની કન્યાના વિવાહ હતા એ વખતે શ્રીપુરુષોત્તમજીએ આપના અધિકારીને કાશી મોકલ્યો હતો અને એની સાથે એક આજ્ઞાપત્ર મોકલ્યું હતું એમાં કાશીના વૈષ્ણવોને આપે આજ્ઞા કરી હતી કે ‘આ વેણીભટ્ટજી સાંપ્રદાયિક વિદ્વાન છે, અમારા કૃપાપાત્ર છે, આથી એમની કન્યાના વિવાહમાં બધા વૈષ્ણવોએ મળીને સહાયતા કરવી.’

શ્રીવેણીભટ્ટે અનેક વિષયો પર ગ્રંથરચના કરી હતી. એમના ગ્રંથોના વિષય પ્રાયઃ નવ્યન્યાય રહેતા. વેદાંત અને પૂર્વમીમાંસાના વિષયમાં પણ એમણે ગ્રંથો લખ્યા છે એ પણ નવ્યન્યાયની શૈલીમાં જ લખ્યા છે.

એવું જણાય છે કે વેદાંત અને પૂર્વમીમાંસાના ગ્રંથ એમણે શ્રીપુરુષોત્તમજી મહારાજના સમાગમ બાદ લખ્યા છે. એઓ પહેલેથી જ રાધાકૃષ્ણના ઉપાસક હતા. પણ શ્રીપુરુષોત્તમજીના સમાગમ બાદ શ્રીગોવર્ધનનાથજીની અનન્ય ભક્તિ કરવા લાગ્યા હતા. એઓ શ્રીપુરુષોત્તમજી મહારાજ સાથે યાત્રામાં રહેતા. એમના લેખો જોતાં લાગે છે કે પહેલાં એઓ અન્ય સંપ્રદાયના વૈષ્ણવ હશે પણ શ્રીપુરુષોત્તમજીના સમાગમ બાદ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ બન્યા હશે. શ્રીપુરુષોત્તમજી સાથે પત્રવ્યવહાર કરતા. આ પત્રમાં શ્રીવેણીભટ્ટજી શ્રીપુરુષોત્તમજી માટે “श्रीज्ञानावतारणां गुरुवरश्रीपुरुषोत्तमगोस्वामिनां चरणेषु वेणीदत्तस्य कोटिशः प्रणतयः” એમ લખે છે.

શ્રીપુરુષોત્તમજીનો અપ્પય દીક્ષિત સાથે શાસ્ત્રાર્થ

શ્રીપુરુષોત્તમજી મહારાજ જેવા પ્રતિભાશાળી હતા તેવા જ એમના પ્રતિપક્ષીઓ પણ હતા. આપશ્રીના વિરોધી પંડિતો ઘણા હતા, પરંતુ ઉલ્લેખનીય બે છે : પંડિત ભાસ્કરરાય કે જે શાક્ત મતના હતા અને અપ્પય દીક્ષિત શાંકર પંડિત હતા.

અપ્પય દીક્ષિતના અનુયાયીઓ એમને શેષ અને શંકરનો અવતાર માનતા હતા. દીક્ષિતજી પહેલાં કટ્ટર શૈવ હતા, શૈવ ભાષ્ય પર ટીકા પણ લખી હતી, પછીથી શૈવ દર્શનનાં શત્રુ બન્યા હતા, પાછળથી એઓ કૈવલાદ્વૈતવાદી (શાંકર) બન્યા હતા. એઓ વૈષ્ણવ માતાપિતાનું સંતાન હતા એમ છતાં પણ એ પહેલાં શૈવ હતા.

શિવતત્ત્વવિવેક ગ્રંથ વિશે

આ ગ્રંથ ‘શિખરિણી’ વૃત્તમાં રચાયો છે, આથી એને ‘શિખરણી - માલા’ પણ કહે છે. અપ્પયે આના પર ટીકા પણ લખી છે એનું જ નામ ‘શિવતત્ત્વવિવેક’ છે, જેમાં ૬૪ શ્લોક છે. સંક્ષેપમાં એ આ પ્રકારે છે.

ઉપોદ્‌ઘાત પ્રકરણ

શ્લોક સંખ્યા	**પ્રતિપાદ્ય વિષય**
(૧)	મંગલાચરણ શિવ જ ધ્યાન યોગ્ય છે, વિષ્ણુ નહિ.
(૨)	શિવ જ પરમતત્ત્વ છે. ત્રણેય દેવોથી અતીત શિવ છે.
(૩)	‘यमादित्यो न वेद’ વગેરે શ્રુતિવાક્યોથી સિદ્ધ થાય છે કે બ્રહ્માદિ દેવતાઓને પણ પરબ્રહ્મ (અપ્પયના મતે પરમ શિવ)ની સ્તુતિનો અધિકાર નથી.
(૪)	વૈષ્ણવોપાસના અવૈદિક છે. શિવની ઉપાસના નહિ કરનારનો જન્મ નિષ્ફળ છે.
(૫)	પૂર્વશ્લોકમાં વૈષ્ણવોની નિંદા કરીને હવે ‘एष एव साधुकर्म कारयति’ વગેરે શ્રુતિ શિવપરક છે એવું કહે છે.
(૬-૭)	પૂર્વોક્ત અર્થનું જ સમર્થન કર્યું છે.
(૮)	‘नायमात्मा प्रवचनेन लभ्यः’ આ શ્રુતમાં આત્મશબ્દ શિવપરક છે.
(૯)	શિવની ભક્તિથી ચારેય પુરુષાર્થો પ્રાપ્ત થાય છે.
(૧૦)	દધીચિ ઋષિના શાપથી વૈષ્ણવોની બુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે.
(૧૧)	લોકમાં ભગવાન નારાયણ પર વિશ્વાસ કરનારા વધુ છે, શિવાના મહિમા પર વિશ્વાસ કરનાર ઓછા છે. સાથે એ ઓછી સંખ્યાવાળા અત્યંત વિરલ છે એવું પ્રતિપાદન કરે છે.

શ્રુત્યર્થ પ્રકરણ

(૧૨)	શિવ જ સંસારમાં બધાથી અધિક છે. આ સિદ્ધ કરવા માટે આગળ ઉપર એમની ઉપાધિ તથા ઉપાધિયુક્ત ગુણાદિક બતાવવાની ઈચ્છાથી શિવને જ ઉપાધિનિર્મુક્ત સિદ્ધ કર્યા છે.
(૧૩-૧૪)	નિરુપાધિ બ્રહ્મ (શિવ) પણ લોકાનુગ્રહની ઈચ્છાથી કલ્પિત ગુણોથી મુક્ત થઈ જાય છે. માયાની ઉપાધિવાળું એ બ્રહ્મ સર્વોત્તર અને સગુણ છે.

(૧૫-૧૭) શ્રુતિઓનું બલાબલ પરીક્ષણ.

(૧૮) શિવના કારણત્વનો વિચાર.

(૧૯-૨૦) કારણત્વપ્રતિપાદક બધી શ્રુતીઓ શિવમાં પર્યવસિત થાય છે.

(૨૧) બધાં ઉપનિષદોમાં શિવનું જ વર્ણન છે.

(૨૨-૨૩) વેદોક્ત પુરુષસૂક્તમાં પણ શિવનું જ વર્ણન છે.

(૨૪-૨૮) બધા વેદ રુદ્રપરક જ છે.

(૨૯-૩૦) શિવ જ સર્વના અંતર્યામી છે.

(૩૧-૩૫) બધી જ શ્રુતીઓએ શિવને જ પરબ્રહ્મ કહ્યું છે એવું પ્રતિપાદન. (અહીં પૂર્વાર્ધ સમાપ્ત થાય છે)

ઉત્તર ભાગ

પૂર્વ ભાગમાં કર્મકાંડ (પૂર્વકાંડ) અને ઉપનિષદ (ઉત્તરકાંડ)નો વિચાર કર્યો છે. હવે ઉત્તર ભાગમાં પુરાણાદિનાં વાક્યોનો વિચાર છે :

(૩૬) બધાં જ પુરાણ શિવનું વર્ણન કરે છે.

(૩૭) મહાભારત શિવપરક જ છે.

(૩૮) રામાયણ શિવના ઉત્કર્ષનું વર્ણન કરે છે, વિષ્ણુના નહિ.

(૩૯) મનુસ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રો શિવનું જ વર્ણન કરે છે. શિવનો ઉત્કર્ષ આ જ એક ધર્મ છે.

(૪૦) બ્રહ્મસૂત્રોમાં શિવને જ 'ઈશાન' શબ્દથી પ્રમાણ્યા છે. ઉમાપતિ શિવ જ પરબ્રહ્મ છે એવું સૂત્રકાર હૃદયથી માને છે.

(૪૧) બ્રહ્માદિ શબ્દ પણ શિવપરક જ છે.

(૪૨) શિવ કહેવાથી નિરતિશય ઐશ્વર્યયુક્ત શિવજીનો બોધ થાય છે.

(૪૩-૪૪) સર્વાધિક પદાર્થ શિવ સિવાય બીજું કોઈ નથી.

(૪૫) નારાયણ જગતના કારણ છે એ મતનું ખંડન.

(૪૬-૪૭) શિવપુરાણ અને શૈવાગમને પ્રમાણ નહિ કહેનારના મતનું ખંડન.

(૪૮) વિષ્ણુપરક શ્રુતિઓનું નિરસન.

(૪૯-૫૧) બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર આ ત્રિમૂર્તિમાં શિવનો જ ઉત્કર્ષ છે.

(૫૨-૫૫) ગાયત્રીમાં પણ શિવનું વર્ણન છે.

(૫૬) બ્રાહ્મણોએ શિવભજન કરવું આવશ્યક છે.

(૫૭) ક્ષત્રિયોએ પણ લિંગાર્ચન કરવું જોઈએ.

(૫૮) વૈશ્યોના આરાધ્ય દેવ શિવ જ છે. બધી કામના પૂર્ણ કરવા શિવનું અર્ચન કરવું ઉચિત છે.

(૫૯) નિઃશ્રેયસરૂપ અપ્રાકૃત ફલ પ્રાપ્ત કરવા શિવારાધન કરવું.

(૬૦) બધાં જ પ્રાણીઓ માટે સેવ્ય શિવ જ છે.

(૬૧) શિવભજનથી વિમુખ રહેનાર મૂર્ખને પાપ લાગે છે.

(૬૨) શિવભજનથી નિરતિશય પુરુષાર્થસિદ્ધિ થાય છે.

(૬૩) રચેલું આ સ્તોત્ર માલના રૂપમાં શિવજીનો ઉપહાર છે.

(૬૪) સ્તોત્રરચનામાં અપ્પય દીક્ષિત પોતાનું મંદમતિત્વ અને મૂઢત્વને પ્રદર્શિત કરી સ્વીકાર કરે છે.

(ઉત્તરભાગ સમાપ્ત)

આ રીતે અપ્પય દીક્ષિતે જાણી જોઈ વૈષ્ણવોને ખોદ્યા છે, આ ગ્રંથમાં પોતાના પાંડિત્યનો દુરુપયોગ કરી સત્યાર્થ છુપાવવાનો જટિલ પ્રયત્ન કર્યો છે.

શ્રીપુરુષોત્તમજીનો પ્રહસ્તવાદ

અપ્પય-વિરચિત 'શિવતત્ત્વવિવેક'ના ખંડન માટે શ્રીપુરુષોત્તમજીએ એક ગ્રંથ રચ્યો, એનું નામ 'પ્રહસ્તવાદ'. 'પ્રહસ્ત' શબ્દનો અર્થ થાય 'તમાચો'. આનું નામ 'પ્રહસ્ત' રાખવાનું એક કારણ છે : અપ્પયે જાણી જોઈ વૈષ્ણવોની નિંદા 'શિવતત્ત્વવિવેક'માં કરી. અપ્પય વિવેકશૂન્ય થઈને 'શિવતત્ત્વવિવેક' લખે છે, આથી આ વૈષ્ણવદ્વેષીને 'પ્રહસ્ત' નામના વાદથી જ ઠીક કરવો પડે.

'પ્રહસ્તવાદ'માં શિવતત્ત્વવિવેક'ના પ્રત્યેક પ્રકરણ તથા શ્લોકનો શાસ્ત્રીય દૃષ્ટિથી વિચાર કર્યો છે, વેદાંતદર્શન તથા મીમાંસાદર્શનના આધાર પર 'શિવતત્ત્વવિવેક'ની પરીક્ષા કરી છે.

શ્રીપુરુષોત્તમજીએ 'પ્રહસ્તવાદ'ને ત્રણ ભાગોમાં વહેંચ્યો છે : પહેલો ભાગ વેદાંતતાત્પર્યનિરૂપણ, બીજો ભાગ ભ્રાંતશૈવનિરાકરણ, ત્રીજો ભાગ મૂલસ્વરૂપનિર્ધાર.

વેદાંતતાત્પર્યનિરૂપણમાં શાંકર મતના ઉપાધિવાદનું ખંડન છે. શાંકર મતમાં બ્રહ્મને નિર્ગુણ કહી એની પાછળ એવૈદિક ઉપાધિ જોડી દીધી છે. વેદમાં કે સૂત્રોમાં ક્યાંય પણ શાંકર મત અનુસાર ઉપાધિનું સમર્થન નથી કર્યું. શાંકરોની ઉપાધિના વિષયમાં જેટલી યુક્તિઓ છે તે બધીનું ખંડન કરી ‘વિરુદ્ધધર્માશ્રય ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર જ પરબ્રહ્મ છે’ એવું શ્રુતિ તથા સૂત્રોથી સિદ્ધ કર્યું છે.

ભ્રાંતશૈવનિરાકરણ ભાગમાં તેરમા શ્લોકથી પ્રત્યેક શ્લોકનું ખંડન આવે છે. અપ્પય દીક્ષિતે ‘શિવતત્ત્વવિવેક’માં જેમતેમ બકવાસ કર્યો છે. શ્રીપુરુષોત્તમજી મહારાજે શ્લોકક્રમાનુસાર ખંડન નથી કર્યું, પણ વિષય-વિભાગ કરી પ્રતિપાદ્ય વિષયનું ખંડન કર્યું છે, આથી શ્લોકક્રમથી ખંડન નથી.

વેદાંતતાત્પર્યનિરૂપણ

પ્રહસ્તમાં આ પહેલું પ્રકરણ છે. અહીં માહાત્મ્યજ્ઞાનનો વિચાર છે. શ્રુતિઓમાં ભગવાનના મહિમાનું નિરૂપણ છે કે નહિ એ વિશે વિચારો પ્રસ્તુત છે.

પૂર્વપક્ષ : (અપ્પય દીક્ષિત) કહે છે કે શ્રુતિઓએ ભગવાનના મહિમાનું વર્ણન નથી કર્યું. જે સગુણ હોય તેનો મહિમા હોઈ શકે, બ્રહ્મ નિર્ગુણ છે, આથી વેદોમાં એનો મહિમા નથી. વેદોમાં જ્યાં બ્રહ્મનો મહિમા કહેવાય છે તે બધાં વાક્યો સોપાધિક બ્રહ્મનું નિરૂપણ કરે છે.

સિદ્ધાંતઃ (શ્રીપુરુષોત્તમજી) કહે છે : બ્રહ્મ સોપાધિક હોઈ જ ન શકે. સોપાધિક બ્રહ્મના મહિમાનું વર્ણન ન હોય, નિરુપાધિક બ્રહ્મનું જ વર્ણન છે, વિરુદ્ધધર્માશ્રય બ્રહ્મનું વર્ણન છે. બ્રહ્મ જ જગતનું કારણ છે. એ બધાની અંદર છે. એ જ બ્રહ્મ ભોક્તા છે, અંતર્યામી છે. સોપાધિક બ્રહ્મને સ્વીકારિયે તો અનેક દોષોની સૃષ્ટિ બને. ઉપાધી અનાદિ છે કે સાદિ? જો ઉપાધિને આદિ સહિત (સાદિ) માનીયે તો તમારા શાંકર મતનું જ ખંડન થાય છે, કારણ કે તમે ઉપાધિગ્રસ્ત (ઉપહિત) ઈશ્વરને માનો છો. ઉપાધિને આદિ સહિત ગણતાં ઈશ્વર પણ સાદિ જ થઈ જાય. આમ થાય તો સાંખ્ય મતના કાર્યેશ્વરવાદને માનવો પડે. એમ થતાં તો વેદાંતસિદ્ધાંતનો જ ભંગ થઈ જાય.

હવે જો ઉપાધિને અનાદિ માનિયે તો જ અનાદિ છે તે અવશ્ય અનંત હોય છે. આ નિયમથી ઉપાધિથી ક્યારેય છુટાશે નહિ. અનાદિ સાંત પક્ષ પણ ઠીક નથી. આ પક્ષમાં પણ બ્રહ્મ સર્વજ્ઞ છે, હિરણ્યગર્ભ (બ્રહ્મા) વગેરેના ગુરુ છે તથા

બધા વેદોના જાણકાર છે એવું સ્વીકારવું પડશે, આથી એ બ્રહ્મની અપેક્ષા પ્રમાણે ઉત્કૃષ્ટ અધિકારી નહિ હોવાથી કોઈનેપણ સાક્ષાત્કાર નહિ થાય.

એક પક્ષ એવો છે કે જે 'ઈશ્વર અપરોક્ષ છે' એવું માને છે તેમના માટે બ્રહ્મનો સાક્ષાત્કાર આવશ્યક છે. એમની મુક્તિ થતાં પ્રપંચનો પણ ભંગ થશે. આનો અર્થ એ થાય કે એકની મુક્તિના અભાવમાં અન્યને અપરોક્ષજ્ઞાન નહિ થાય. આમ કરતાં ઈશ્વરમાં જઘન્યદોષ ઉપસ્થિત થશે, આથી બ્રહ્મને સોપાધિક માનવું બિલકુલ અનુચિત છે.

શ્રીપુરુષોત્તમજી મહારાજે અવિદ્યાનો વિચાર પણ કર્યો છે અને એનું ખંડન પણ કર્યું છે.

ભ્રાન્તશૈવનિરાકરણ પ્રકરણ

'શિવતત્ત્વવિવેક'માં પુરાણાદિ પણ શિવપરક છે એવું વર્ણન છે. શિવજીથી જ બધું થયું છે એવું કહે છે. આનું ખંડન નીચે મુજબ શ્રીપુરુષોત્તમજી મહારાજ કરે છે.

હવે એ વિચાર કરિયે છિયે કે અનંતસ્વરૂપ બ્રહ્મનાં બધાં રૂપ સમાન છે કે પછી એ મુખ્ય અને અન્ય ગૌણ ?

કોઈ કહે છે કે બ્રહ્મ નિરાકાર છે, એ માયાને લીધે અનેક આકોરમાં દેખાય છે. એ બધા આકારોને સમાન રૂપ માનવામાં કે એમાં ન્યૂનાધિક ભાવ માનવામાં કોઈ ફેર નથી. સમાન માનિયે કે ન્યુનાધિક ભાવ માનવામાં કોઈ ફેર નથી. સમાન માનિયે કે ન્યૂનાધિક, છેવટે તો બ્રહ્મને માયિક જ કહેવાનું ને ? આથી આમાં કોઈ વિશેષતા નથી. એક મત એવું કહે છે કે માયિક આકારોમાં વિષ્ણુ ઉત્કૃષ્ટ છે તો કોઈ શિવને ઉત્કૃષ્ટ માને છે.

ભેદભાવમાં માનનારઓનો મત એ છે કે બ્રહ્મના ચૈતન્યાદિ તે તે ભેદ જ બ્રહ્મ છે, બાકીના જીવ છે.

વાસ્તવિક્તાએ છે કે બ્રહ્મ ત્રિગુણાતીત છે, માયાનું નિયામક છે; ઉપનિષદો દ્વારા એ સિદ્ધ થાય છે. બ્રહ્મ વિરુદ્ધધર્માશ્રયવાળું છે, સ્વાભાવિક રીતે જ સર્વ આકારવાળું છે, કર્તુ, અકર્તુ છે.

આમ હોવાથી ભિન્ન ભિન્ન વાદોને સ્થાન નથી. બ્રહ્મમાં કોઈ પણ પ્રકારનો દોષ સિદ્ધ થતો નથી. બ્રહ્મનું અનેક વાદો દ્વારા સિદ્ધ થયેલ સ્વરૂપવર્ણન 'અંધહસ્તિન્યાય' જેવું છે.

આગળ કરેલા ઉપાધિપક્ષનું નિરસન કરતા માયાવાદનું પણ નિરસન થઈ જાય છે. ભેદવાદ શ્રુતિસંમત નથી, એમાં પ્રતિપાદિત કેવલ તારતમ્ય વિશે આપ વિચાર કરે છે કે એમાં મહામહિમશાલી પરબ્રહ્મ છે, એનાથી બીજા વિભૂતિરૂપ છે, અન્યરૂપ તો વિભૂતિથી પણ ન્યૂન છે.

મહામહિમશાલી સ્વરૂપ ક્યાં છે ? એ વિશે અપ્પય અને શ્રીપુરુષોત્તમજીના વિચારો જોઈએ.

‘શિવતત્ત્વવિવેક’ના તેરમા શ્લોકમાં અપ્પય દીક્ષિત કહે છે કે બ્રહ્મઉપનિષદ, તાપનીય શ્રુતિઓ, મૈત્રાયણીયોપનિષદ તથા યોગિયાજ્ઞવલ્કયનાં વાક્ય, શ્રીભાગવત, વિષ્ણુપુરાણાદિમાં તથા અન્યત્ર પણ એવાં અનેક વાક્યો છે કે જે બ્રહ્મા, વિષ્ણુ અને શિવથી પણ અતીત એક ચોથા જ તત્ત્વનું પ્રતિપાદન કરે છે. એ પરમશિવ છે, એ બધાં વાક્યો શિવજીનું વર્ણન કરે છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે કે આવું કહેવું એ વિચારશીલતા નથી. તમે જે તત્ત્વને પરબ્રહ્મ માનીને એના પરક વાક્યોથી શિવજીને જણાવો છો તે માનવા જેવા નથી, કારણ કે તમારું બ્રહ્મ માયાની ઉપાધિવાળું છે, પરબ્રહ્મ ઉપાધિવાળું (સોપાધિક) નથી. તમે જેને બ્રહ્મ કહો છો તે તો સોપાધિક છે, આથી એ બ્રહ્મનો મહિમા ગાતાં જેટલાં વાક્યો છે તે બધાં એ માયાને જ એ રીત ઓળખાવે છે. તમે વિચાશૂન્ય છો એનું આ એક પ્રમાણ છે. માયાની ઉપાધિવાળા બ્રહ્મનો મહિમા વેદપુરાણાદિમાં નથી, એમાં તો નિર્વ્યાજ પરબ્રહ્મના જ મહિમાનું વર્ણન છે.

શ્રીપુરુષોત્તમજી આગળ કહે છે કે તમે માયાવદને સ્વીકારી સગુણ બ્રહ્મને જગતનું કારણ માનો છો; આ સિદ્ધાંત પણ શાસ્ત્રસંમંત નથી, કારણ કે શાસ્ત્રો પણ નિર્વ્યાજ બ્રહ્મને જ જગતનું કારણ ગણે છે. ‘‘तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः’’વગેરે વાક્યો સૃષ્ટિ, નિર્વ્યાજ બ્રહ્મથી જે એવું પ્રતિપાદન કરે છે.

શાંકર ભાષ્યમાં પણ કહ્યું છે ‘‘विष्णोर्व्यापनशीलस्य ब्रह्मणः परमात्मनः, वासुदेवाख्यस्य प्रकृष्टं पदं स्थानं सत्त्वमित्येतत्पदमाप्नोति’’ અર્થાત્ - વ્યાપનશીલ જે સર્વત્ર વ્યાપ્ત છે તે જ પરમાત્મા પરબ્રહ્મ વાસુદેવ શ્રીવિષ્ણુનું જ પ્રકૃષ્ટ-સર્વશ્રેષ્ઠ સ્થાન સત્ત્વ છે.

અપ્પય ‘શિવતત્ત્વવિવેક’માં કહે છે કે શાસ્ત્રોમાં શિર, શંભુ, રુદ્ર, ઈશાન, મહેશ્વર, વગેરે શબ્દ માયાઉપાધિયુક્ત પરમશિવના વાચક છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે અપ્પય દીક્ષિતનું આ પ્રયોજન વરાહપુરાણના એક વાક્ય સાથે સંબંધ ધરાવે છે. વરાહપુરાણમાં કહ્યું છે કે "नारायण: शिवो विष्णु: शंकर: परमेश्वर: । एतैस्तु नामभिब्रह्म परं पोक्तं सनातनम् ।।" આ શ્લોકનો નારાયણ શબ્દ શિવવાચક છે, વિષ્ણુ શબ્દ શંકરનો વાચક છે અને આ જ પરમ ઈશ્વર એટલે કે પરમ શિવ છે એવું દીક્ષિતજી કહે છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે કે એમનું આ મંતવ્ય પણ દોષવાળું છે. એમણે કરેલો ઉપર મુજબનો અર્થ ગૌણી વૃત્તિથી થાય છે; દા.ત. પૂર્વકાંડની શ્રુતિઓમાં સ્તુતિરૂપ કહ્યું છે કે "यजमानो वै प्रस्तर:" "यजमानो वै पुरोडाश:" આ વાક્યોમાં પ્રસ્તરનું કાર્ય યજમાનથી લેવાનું નથી કહ્યું અને ન યજમાન પુરોડાશની માફક છે, પણ આ વાક્યનો અર્થ એમ થાય છે કે જેમ પ્રસ્તર અને પુરોડાશ યજ્ઞનાં સાધન છે તે જ રીતે યજમાન પણ યજ્ઞનું સાધન છે, આથી યજમાન ગુણીભૂત છે. અહીં યજમાનની સ્તુતિ યાગના સાધનરૂપે કરી છે, આ જ રીતે બ્રહ્મની પણ શિવાદિ શબ્દોમાં સ્તુતિ કરી છે.

અપ્પયજી કહે છે કે અમરકોશમાં "शिव: शूली महेश्वर: ईश्वर: सर्व ईशान: शंकरश्चन्द्रेशेखर:" વગેરે પર્યાયવાચક શબ્દો છે. આનાથી સિદ્ધ થાય છે કે ઈશાનાદિ શબ્દો શિવના છે, આને તમે પરબ્રહ્મવાચક કઈ રીતે માની શકો ?

શ્રીપુરુષોત્તમજી આ શંકાનું સમાધાન કરતાં કહે છે કે પાતંજલ મહાભાષ્યમાં કહ્યું છે કે વાસ્તવિક રીતે 'સર્વ' શબ્દ સર્વ - અર્થનો વાચક છે. એનો અર્થ એ થાય કે યાવત્ શબ્દ જે બધું થઈ શકે છે તેનો વાચક છે અને જે બધું થઈ શકે છે તે પરબ્રહ્મ જ છે, અર્થાત્ શિવાદિ શબ્દોથી પણ પરમાત્માનો જ બોધ થાય છે.

અમરકોશમાં લખેલ ઉપરના વાક્યનું કારણ કોશકારનો શક્તિસંકોચ છે. આ દ્વારા કોઈ એક નિશ્ચિત પદાર્થના પર્યાયરૂપ આ બધા શબ્દો કહ્યા છે. વાસ્તવિક રીતે તો બધાં જ શબ્દ પરબ્રહ્મના જ વાચક છે.

શ્રીપુરુષોત્તમજી કહે છે મીમાંસકોના મતથી શબ્દોની શક્તિ ધર્મમાં જ માની છે. ધર્મવાચક 'ભાવ' શબ્દ સત્તા અને વ્યાપકત્વનો બોધ કરે છે, અર્થાત્ દારાદિ શબ્દ સત્ અને વ્યાપક ધર્મવાળા છે, એનાથી જ એ વ્યવહારક્ષમતાવાળા થાય છે. આ ધર્મો ધર્મી દ્વારા એઓને મળે છે. આ ધર્મીનું આ રીતે સત્ અને વ્યાકપણાનું જ્ઞાન થાય છે. આવો ધર્મી પરબ્રહ્મ જ છે, બીજું કોઈ નહિ. આનાથી

પણ સિદ્ધ થાય છે કે બધા શબ્દ ભગવદ્વાચક જ છે. દરેક શબ્દ પ્રણવની વિકૃતિ છે, આથી જ દરેક શબ્દ પરબ્રહ્મનો જ બોધ કરે છે, આથી કહ્યું છે ''वेदैश्च सर्वैरहमेव वैद्यः'' ''सर्वे वेदा यत्पदमामनन्ति'' અર્થાત્ સંપૂર્ણ વેદો મને જ ઓળખાવે છે, બધા વેદો જેના પદને માને છે. આ વાક્યો અમે કહેલા અર્થને સિદ્ધ કરે છે. ઈશાન, ઈશ્વર, સર્વેશ્વર, પરમેશ્વર, મહેશ્વર, શંભુ, શિવ, શંકર વગેરે બધા શબ્દ મુખ્ય વૃત્તિથી પરબ્રહ્મમાં જ સમાવિષ્ટ થાય છે, શિવજી કે અન્ય કોઈ અર્થમાં એનો થતો પ્રયોગ ભગવલ્લીલા - સાધન - વ્યવહાર માટે જ શક્તિસંકોચથી છે. કોઈ એક પિતા પોતાના બાળકનું નામ શિવેશ્વર, નરસિંહ વગેરે રાખી દે છે. આ રીતે વ્યવહારાર્થ કોઈ પ્રકારના શક્તિસંકોચથી પૂર્વે કહેલ શબ્દોનો અર્થ કરી શકાય છે.

શ્રીપુરુષોત્તમજી સમઝાવે છે કે 'અબ્જયોનિ' નામનો એક શબ્દ છે એનો અર્થ થાય 'મહાપ્રલયમાં જગત જલમગ્ન થઈ ગયું હતું ત્યારે નારાયણના નાભિકમલમાંથી નીકળેલા બ્રહ્માજી.' આ શબ્દનો અર્થ કોશકાર બ્રહ્મા અને કામદેવના અર્થમાં કરે છે. આમ કોશમાં 'અબ્જ' શબ્દનો અર્થ દેવતા-આદિના અર્થમાં વ્યવહારની સિદ્ધિ માટે બતાવ્યો છે. આ જ રીતે ઈશાનાદિ શબ્દ પણ છે. આ રીતે સમાખ્યાવાદીઓના મતનું પણ નિરસન થઈ જાય છે.

અપ્પયજી કહે છે કે વેદોક્ત પુરુષસૂક્તમાં પણ શિવનું વર્ણન છે, આ એમનો આસ્તિક જનતા સાથે ધોખો છે. આ વિષયમાં શ્રીપુરુષોત્તમજી મહારાજે વિસ્તૃત વિવેચન કર્યું છે. બધા જ જાણે છે કે પુરુષસૂક્ત વિષ્ણુનું જ વર્ણન કરે છે.

કાલના અધિષ્ઠાતા પણ ભગવાન જ છે, શિવજી નથી. नारायणपरं ब्रह्म तत्त्वं नारायणः परः આ શ્રુતીનો અર્થ દીક્ષિતજી કહે છે કે જે નારાયણથી પર છે તે તત્ત્વ બ્રહ્મ છે. આવો અર્થ એમણે પંચમી - તત્પુરુષ સમાસથી કર્યો છે. આ સમાસ માટેનું કોઈ પ્રમાણ નથી આપી શકતા. આ જ એમનો ધોખો છે.

શ્રીગીતામાં ભગવાન વાસુદેવે જે સ્વરૂપ અર્જુનને બતાવ્યું તે રૂપ શિવજીનું હતું, શ્રીઅપ્પયજી આવું કહે છે. પ્રમાણમાં શ્લોક ટાંકે છે ''दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम्'' અર્થાત્ ઈશ્વરનું રૂપ બતાવ્યું. શ્રીદીક્ષિતજી કહે છે કે 'ઈશ્વર' શબ્દ મહાદેવવાચક છે, આથી સિદ્ધ થાય છે કે એ સ્વરૂપ મહાદેવજીનું હતું.

શ્રીપુરુષોત્તમજી મહારાજ આનો પ્રત્યુત્તર આપતાં કહે છે કે અર્જુને પ્રાર્થના કરી છે કે ''द्रष्टुमिच्छामि ते रूपम्'' અર્થાત્ 'ભગવાન! હું આપના સ્વરૂપને જોવા

ઈચ્છું છું.' આમ અર્જુનની પ્રાર્થના શ્રીકૃષ્ણના સ્વરૂપના દર્શન માટે છે અને શ્રીકૃષ્ણે પોતાનું વિરાટ સ્વરૂપ બાતવ્યું. હવે માની લઈયે કે ભગવાને શિવજીનું રૂપ બતાવ્યું તોપણ વાંધો શો છે ? આનાથી શ્રીકૃષ્ણ ભગવાન શ્રેષ્ઠ સિદ્ધ થાય છે, કારણ કે પોતાના સામર્થ્યથી પોતાનામાં બ્રહ્માંડ સાથે શિવજીને પણ બતાવ્યા. આમ આખું બ્રહ્માંડ જેમ શ્રીકૃષ્ણ ભગવાનમાં સ્થિત છે તેમ શિવજી પણ શ્રીકૃષ્ણમાં સ્થિત છે.

આ જ રીતે મહાભારતાદિ પુરાણોમાં પણ શિવજીનું વર્ણન છે એમ કહેવું ક્ષુદ્રતા છે. અઢારે પુરાણોમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના યશનું વર્ણન છે.

દીક્ષિતજી તો કહે છે કે ગાયત્રી મન્ત્ર પણ શિવજીની સ્તુતિ છે.

શ્રીપુરુષોત્તમજીએ પ્રતિપાદન કર્યું કે ગાયત્રીમાં સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમનું જ વર્મન છે. ગાયત્રી તો વેદવૃક્ષનું બીજ છે. વેદ જ જ્યાં પરબ્રહ્મનું પ્રતિપાદન કરતા હોય ત્યાં ગાયત્રી બીજ હોવાથી અન્યનું પ્રતિપાદન ન જ કરે.

અંતમાં શ્રીપુરુષોત્તમજી એ સિદ્ધ કરે છે કે વેદ અને પુરાણોમાં નિરુપાધિક મહામહિમશાલી પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ વિના અન્યનું પ્રતિપાદન નથી. પરબ્રહ્મ સર્વાકાર છે, પણ એનું મુખ્ય સ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ જ છે, અન્ય સ્વરૂપો વિભૂતિરૂપ છે. વિભૂતિઓમાં પણ શિવ મુખ્ય વિભૂતિ છે. આ જ બધાં શાસ્ત્રોનો નિર્ણય છે.

આ રીતે 'ભ્રાન્તશૈવ નિરાકરણ' પ્રકરણની સમાપ્તિ કરી મૂલ રૂપનો નિર્ધાર કર્યો છે.

શ્રીઆચાર્યચરણોની એ જ આજ્ઞા છે કે આદિમૂર્તિ શ્રીકૃષ્ણ જ છે.

ગ્રંથની સમાપ્તિ કરતાં શ્રીપુરુષોત્તમજી મહારાજ કહે છે કે વૈષ્ણવોના માર્ગમાં ખલ પુરુષોએ જે કીચડ ફેંકેલો તે શ્રીવલ્લભાચાર્યમતાનુવર્તી અને આપના દાસાનુદાસ પુરુષોત્તમે દૂર કરી વૈષ્ણવોના માર્ગને સાફ સૂથરો કરી દીધો છે.

આ વાક્યથી શ્રીપુરુષોત્તમજીની સરલતા સ્પષ્ટ રૂપથી દેખાય છે.

શ્રીપુરુષોત્તમજી - લિખિત ગ્રંથો [1]

पीताम्बरसुतः ख्यातः पुरुषोत्तमसंज्ञकः ।
भाष्यादिग्रन्थजातस्य व्याख्याता वेदशास्त्रविद् ।।

શ્રીપતાંબરજીના શ્રીપુરુષોત્તમજી નામના પુત્ર પ્રસિદ્ધ છે. આપશ્રી ભાષ્ય વગેરે ગ્રંથોના વ્યાખ્યાતા અને વેદશાસ્ત્રોના જાણનાર હતા.

શ્રીપુરુષોત્તમજીએ નવ લાખ શ્લોકોનું સાહિત્ય લખ્યું છે. આ પૈકી કેટલાક ગ્રંથો નીચે પ્રમાણે છે :

શ્રીવલ્લભાચાર્યજી અને આપના વંશજો તથા અનુયાયીઓએ ખૂબ સાહિત્ય સર્જન કર્યું છે. આનાથી વૈદિક સાહિત્ય સમૃદ્ધ બન્યું છે. આ સંપ્રદાયના લેખકોમાં શ્રીપુરુષોત્તમજી એક આગવું અને ઉચ્ચ સ્થાન ધરાવે છે એવું કહેવામાં જરાય અત્યુક્તિ નથી. શ્રીપુરુષોત્તમજીએ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતના લગભગ બધા વિષયોને આવરી લઈ સાહિત્ય સર્જ્યું છે. આપશ્રીએ સ્વતંત્ર સાહિત્ય પર ટીકાગ્રંથો લખ્યા છે. શ્રીપુરુષોત્તમજીની કીર્તિ લેખન-જગતમાં એટલી બધી છે કે આપશ્રીની ટીકાના આધારે શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઈજીના લેખનની ઓળખની સમઝ પડે છે, આથી જ શ્રીપુરુષોત્તમજીએ જે ગ્રંથો પર ટીકા ન લખી હોય તે ગ્રંથો શ્રીમહાપ્રભુજી રચિત જ હોય એ વિશે કંઈક શંકા થાય છે.

શ્રી એચ. ઓ. શાસ્ત્રી અને શ્રી એમ. ટી. તેલીવાલા (શ્રીમૂળચંદભાઈ તેલીવાલા)ના આધારે શ્રીપુરુષોત્તમજીનું સાહિત્ય નીચે પ્રમાણે છે.

અવતારવાદાવલિ (૧) પ્રહસ્તવાદ, (૨) પ્રહસ્તવાદ પર ટીકા, (૩) પંડિત કરભિંદિપાલવાદ, (૪) ભેદાભેદસ્વરૂનિર્ણય, (૫) પ્રતિકૃતિપૂજનવાદ, (૬) સૃષ્ટિભેદવાદ, (૭) ખ્યાતિવાદ, (૮) અંધકારવાદ, (૯) બ્રાહ્મણત્વઆદિદેવતાવાદ, (૧૦) જીવપ્રતિબિંબત્વખંડનવાદ, (૧૧) આવિર્ભાવ તિરોભાવવાદ, (૧૨) પ્રતિબિંબવાદ, (૧૩) ભકત્યુત્કર્ષવાદ, (૧૪) ખલાલાપનવિધ્વંસવાદ, (૧૫) નામવાદ, (૧૬) મૂર્તિપૂજનવાદ, (૧૭) ઊર્ધ્વપુન્ડધારણવાદ, (૧૮) શંખચક્રધારણવાદ, (૧૯) તુલસીમાલધારણવાદ, (૨૦) ઉપદેશવિષયસારિકાનિરાસાવાદ, (૨૧) ભગવત્સવરૂપવિષયકસારિકાનિરાસવાદ, (૨૨) સ્વવૃત્તિવાદ, (૨૩) જીવવ્યાપકત્વખંડનવાદ, (૨૪) અભાવવાદ (૨૫) વસ્ત્રસેવાવાદ, (૨૬) આત્મવાદ, (૨૭) ભક્તિરસત્વવાદ.

---

[1] Purushottamji : A Study ના આધારે, લેખક ડૉ. એ. ડી. શાસ્ત્રી (સુરત)

બીજા કેટલાક સ્વતંત્ર ગ્રંથો (૨૮) પ્રસ્થાનરત્નાકર, (૨૯) સમર્પણનિર્ણય, (૩૦) મુક્તિચિંતામણિ, (૩૧) દ્રવ્યશુદ્ધિ, (૩૨) ઉત્સવપ્રતાન, (૩૩) ઉત્સવભાવાનુક્રમ.

શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલના ગ્રંથો પર ટીકા-સાહિત્ય : (૩૪) અણુભાષ્યપ્રકાશ, (૩૫) ન્યાયમાલા, (૩૬) સુવર્ણસૂત્ર, (૩૭) આવરણભંગ યોજના, (૩૮) શોડષપ્રકાર ગ્રંથસંગતિની, (૩૯) શ્રીયમુનાષ્ટક પર ટીકા, (૪૦) બાલબોધ પર ટીકા, (૪૧) સિદ્ધામુક્તાવલિ પર ટીકા, (૪૨) પુષ્ટિપ્રવાહમર્યાદા પર ટીકા, (૪૩) સિદ્ધાંતરહસ્ય પર ટીકા, (૪૪) નવરત્ન પર ટીકા, (૪૫) અંતઃકરણપ્રબોધ પર ટીકા, (૪૬) ભક્તિવર્ધિની પર ટીકા, (૪૭) જલભેદ પર ટીકા, (૪૮) પંચપદ્યાનિ પર ટીકા, (૪૯) સન્યાસ નિર્ણય પર ટીકા, (૫૦) નિરોધલક્ષણ પર ટીકા, (૫૧) સેવાફલ પર ટીકા, (૫૨) અને (૫૩) ભક્તિહંસ પર ટીકાઓ, (૫૪) ભાવાર્થઅધિકરણ ભાષ્યપ્રકાશ, (૫૫) પૂર્વમીમાંસાકારિકા-વિવરણ, (૫૬) સુબોધિની પ્રકાશ, (૫૭) અને (૫૮) શ્રીભાગવત પર સૂક્ષ્મ ટીકાઓ, (૫૯) ગાયત્રી આદિ અર્થપ્રકાશ-કારિકા-વિવરણ, (૬૦) ન્યાસોદશ-વિવરણ, (૬૧) પત્રાવલંબની ટીકા, (૬૨) વલ્લભાષ્ટક વિવરણ.

બીજા ગ્રંથો પર ટીકાસાહિત્ય : (૬૩) માંડુક્યોપનિષદદીપિકા, (૬૪) નૃસિંહતાપિનીઉપનિષદ દીપિકા, (૬૫) કૈવલ્યોપનિષદ-અર્થસંગ્રહ, (૬૬) બ્રહ્મોપનિષદ-અર્થસંગ્રહ, (૬૭) ગીતાજીની અમૃતતરંગિણીની ઓળખ.

અવતારવાદાવલિ[૧]

અવતારવાદાવલિ કોઈ એક ગ્રંથ નથી પણ ઘણા વાદગ્રંથોનો એમાં સમાવેશ છે. એક મત પ્રમાણે શ્રીપુરુષોત્તમજીએ ૫૨ (બાવન) વાદગ્રંથો લખ્યા છે. બીજા એક મત પ્રમાણે આપશ્રી એ ૨૪ (ચોવીસ) વાદો લખ્યા છે. આ ૨૪ ને વિષ્ણુના ચોવીસ અવતારો સાથે સામ્યપણું છે આથી આ ગ્રંથોના સમૂહને અવતારવાદાવલિ કહે છે. આ પૈકીના બધા વાદગ્રંથો ઉપલબ્ધ થતા નથી.

---

[૧] Purushottamji : A Study ના આધારે, લેખક ડૉ. એ. ડી. શાસ્ત્રી (સુરત)

‘‘અવતારવદાવલિ’’ની શરૂઆતમાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે ઉપનિષદ, શ્રુતિઓ, સ્મૃતિઓ, ભાષ્ય અને સૂત્રો સહિતના જુદાં જુદાં પ્રસ્થાનોના ચીવટપૂર્ણ અભ્યાસ પછી આ ગ્રંથ લખું છું. આપશ્રી કહે છે કે તત્ત્વદીપનિબંધ, અણુભાષ્ય વગેરે ગ્રંથોમાં રહેલા આ વાદોને હું દર્શાવું છું.

समवीक्ष्योपनिषच्छ्रुतिस्मृतिगानम्, भाष्याणि, सुत्राण्यपि,

प्रस्थानैर्विविधैर्यतान्यथ मया वादावली तन्यते (પ્રહસ્ત)

ये तत्त्वदीपभाष्यप्रभुतिषु सौक्ष्म्येण सुसिष्ठा वादः

पद्ये तान् अवतार्य प्रकटीकुरवेऽत्र युक्तिमद्वाक्यैः (પ્રહસ્ત શ્લોક ૪થો)

વાદગ્રંથમાં કોઈ એક વિષયને સંપૂર્ણ રીતે નિબંધ-સ્વરૂપે રજુ કરવામાં આવ્યો છે. ગ્રંથની શરૂઆતમાં શ્રીપુરુષોત્તમજી એ ગ્રંથનો પરિચય આપે છે. ત્યાર પછી પૂર્વપક્ષે પ્રશ્ન કર્યો હોય એના જવાબ રૂપે એ ગ્રંથની શરૂઆત કરે છે. આપશ્રી આ બધા વિષયોની ચર્ચા માટે અણુભાષ્ય અને તત્ત્વદીપનિબંધની આજ્ઞાઓનો આધાર લે છે.

પ્રહસ્તવાદ અને એની ટીકા[1] :

પહેલા વાદને ‘પ્રહસ્ત’ તરીકે ઓળખવામાં આવે છે. શ્રીપુરુષોત્તમજીના સાહિત્ય પૈકીનો આ એક ખૂબ જાણીતો ગ્રંથ છે. ‘પ્રહસ્ત’નો અર્થ થાય છે. ‘તમાચો’. આવા શીર્ષક પાછળ આ ગ્રંથની રચના માટેની પરિસ્થિતિ કારણભૂત છે. અપ્પય દીક્ષિત શૈવ મતના શિષ્ય હતા. એમણે ૬૪ શ્લોકોમાં ‘શિવ-તત્ત્વ-વિવેક’ ગ્રંથની રચના કરી. આ ગ્રંથમાં એમણે શિવજીને વિષ્ણુ તથા બ્રહ્માથી પણ મોટા ગણાવ્યા છે, શિવજીને જ પરમતત્ત્વ કહ્યું છે. આનાથી સાંપ્રદાયિક સંઘર્ષ થયો. વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ આ વાત સહન કરી શક્યા નહિ. શ્રીપુરુષોત્તમજીએ આની સામે પ્રતિક્રિયા-રૂપે જુવાનીના ઉત્સાહમાં ‘પ્રહસ્તવાદ’ની રચના કરી.

‘પ્રહસ્તવાદ’ ત્રણ વિભાગમાં છે : :(૧) વેદાંતતતાત્પર્ય નિરૂપણ, (૨) ભ્રાંતશૈવનિરાકરણ, (૩) મૂલરૂપનિરધાર. ગ્રંથના શરૂઆતના શ્લોકમાં આ ત્રણે ચર્ચાઓની રજૂઆત છે.

---

[1] ૧. Purushottamji : A Study ના આધારે, લેખક ડૉ. એ. ડી. શાસ્ત્રી (સુરત)

પહેલા વિભાગમાં બ્રહ્મ વિશેની ચર્ચા છે. વેદાંત બ્રહ્મની સમજ આપે છે. બ્રહ્મમાં ઉત્કૃષ્ટ ગુણધર્મો છે. બ્રહ્મ લૌકિક ધર્મો વગરનું છે. શ્રીપુરુષોત્તમજી ઉપાધિવાદ અને માયાવાદનું નિરસન કરે છે અને અવિકૃતપરિણામવાદને સાચો સિદ્ધાંત ગણે છે.

બીજો વિભાગ ખૂબ અગત્યનો છે. અહીં શ્રીપુરુષોત્તમજીએ અપ્પય દીક્ષિતનાં બધાં વિધાનોનું નિરસન કર્યું છે. અપ્પય દીક્ષિતે આપેલાં વિવિધ પ્રમાણોનો અભ્યાસ કરી આપશ્રીએ એવું તારણ આપ્યું છે કે આ બધાં પ્રમાણો વિષ્ણુના જ ગુણાનુવાદ કરે છે.

શિવ તો વિષ્ણુની મુખ્ય વિભૂતિ છે.

परब्रह्मणास तद एव मुख्यम् स्वरूपम्, इतराणि तु तरतमभावापन्नानि
विभूतिरूपाणि, तेषु शिवो मुख्यविभूतिरूप इत्येव सकलशास्त्रीयनिश्चय:
(પ્રહસ્ત)

ત્રીજા વિભાગમાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે શ્રીકૃષ્ણ જ પરમ વાસ્તવિકતા છે. શ્રીપુરુષોત્તમજીએ તાપનીય, ભાગવત પુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ અને છાંદોગ્ય ઉપનિષદના આધારે આ પ્રતિપાદિત કર્યું છે, શ્રીકૃષ્ણસ્વરૂપ એક ભ્રાંતિ છે એવા આરોપને ખોટો પુરવાર કર્યો છે. અંતમાં આપશ્રી કહે છે કે કેટલાક અપ્રામાણિક અને સિદ્ધાંતવિહોણા લોકો પોતાની જાતને વૈદિક કહેવડાવે છે, પણ આ બધા સત્યનો દ્રોહ જ કરે છે. આ રીતે શ્રીપુરુષોત્તમજીનો આ 'તમાચો' આવા લોકો તરફ ઉગ્રતાથી ઊંચકાયો છે, જેથી એ લોકો તાકાતવિહોણા થાય. (પ્રહસ્ત)

શ્રીપુરુષોત્તમજી 'પ્રહસ્તવાદ'ને ખૂબ મહત્ત્વ આપે છે આથી જ આપશ્રીએ એના પર ટીકા લખી છે. આપશ્રી આજ્ઞા કરે છે કે જેની સમઝ પરિપક્વ નથી તેને 'પ્રહસ્તવાદ' સમઝાય એ માટે એની ટાકી લખી છે.

बालबोधविधायेऽधुना मया वादावारविवृत्तिर्वितन्यते (પ્રહસ્ત વિવૃતિ)

बालावबोधनकृते टिकाम् (પ્રહસ્ત-વિવૃતિ)

છેલ્લો શ્લોક જોતાં જણાય છે કે આ 'પ્રહસ્તવાદ'ની ટીકા ગો.શ્રીવિઠ્ઠલરાય માટે આપશ્રીએ લખી છે. कृत्वा एताम् प्रहस्तकटीकाम् विठ्ठलराय-प्रमोदाय (પ્રહસ્ત-વિવૃતિ). પ્રહસ્તવાદની ટીકાના પ્રથમ શ્લોકને જોતાં સમઝાય છે કે આપશ્રીએ દરેક વાદગ્રંથ પર ટીકા કરવાનું નક્કી કર્યું છે.

वादावार-विवृतिर्वितन्यते (પ્રહસ્ત-વિવૃતિ)

‘પ્રહસ્તવાદ’ના ત્રણે વિભાગોના અંતે આવતા શ્લોકો શ્રીપુરુષોત્તમજીના આ નિર્ણયને પુષ્ટિ આપે છે.

आद्यम् वादम् निजकृतौ व्यावृणोत् पुरुषोत्तम: (પ્રહસ્ત-વિવૃતિ)

द्वितीयम् व्यावृणोद् वादम् स्वकृतौ पुरुषोत्तम: (પ્રહસ્ત-વિવૃતિ)

तृतीयवादम् स्वकृतौ व्यावृणोत् पुरुषोत्तम: (પ્રહસ્ત-વિવૃતિ)

અહીં શબ્દ વપરાયો છે ‘નિજકૃતૌ’ અથવા ‘સ્વકૃતૌ’ આ શબ્દોનો ચોક્કસ અર્થ શો હોઈ શકે એ પ્રશ્નાર્થ છે. એનો અર્થ ‘અવતારવાદાવલિ’ હોય કે ‘પ્રહસ્તવાદ’ ? Purushottamji : A Study ના લેખકના મતે એનો અર્થ અવતાવાદાવલિ છે.

‘પ્રહ્સતવાદ’માં શરૂઆતનો શ્લોક છે, ‘श्रुतिशिरसि यस्य महिमा’ વગેરે ટીકાની શરૂાતામાં પરિચયના ચાર શ્લોકો છે. આ શ્લોકો માટે શ્રીપુરુષોત્તમજી કહે છે કે आद्यम् वादम् अवतारयति श्रुतिति आदि (પ્રહસ્ત-વિવૃતિ) Purushottamji : A Study ના લેખક એવું માને છે કે શ્રીપુરુષોત્તમજીએ શરૂઆતામાં બધા વાદો પર ટીકા લખવાનું વિચાર્યું હશે, પણ પછી એ આપશ્રીને જરૂરી ન લાગતાં ‘પ્રહસ્તવાદ’ પર જ ટીકા લખી, કારણ કે આપશ્રી માટે આ અગત્યનો વાદગ્રંથ છે. આપે વિવૃતિ ગો.શ્રીવિઠ્ઠલરાયજીને સમર્પિત કરી. લેખક કહે છે કે મારા આ વિચાર સામે વાંધો પણ લઈ શકાય. ‘સ્વકૃતૌ’ અથવા ‘નિજકૃતૌ’નો અર્થ ‘પ્રહસ્ત’ અને એના વિભાગ આદ્ય, દ્વિતીય અને તૃતીય, જે અંતમાં તો આ વાદના જ ભાગ છે એમ જણાય છે.

ઉપર મુજબ તો ‘પ્રહસ્તવાદ’ના ત્રણ વિભાગ છે અને એની ટીકામાં આ વાત સ્પષ્ટ છે જ.

अत्रावान्तरास त्रयो वाद: पूर्व: वेदान्ततात्पर्यनिरूपण: रूप:

सर्वमूलत्वादस्य प्रथम्याम् द्वितीयस् तु भ्रान्तशैवनिराकरणरूप:

तृतियस्तु भगवतोमूलरूपनिर्धारक: (પ્રહસ્ત વિવૃતિ)

આ ત્રણે વિભાગની ચર્ચાની શરૂઆતમાં માત્ર એક જ ઓળખ આપતો શ્લોક છે. વિવૃતિમાં શ્રીપુરુષોત્તમજી કહે છે કે પ્રહસ્તવાદ, તત્ત્વદીપનિબંધના આધારે લખેલ છે. ભલે ત્રણે વિભાગોની શરૂઆત માટે એક જ શ્લોક શરૂઆતમાં

હોય, પણ આ ત્રણેય વિભાગો એકબીજાથી સ્વતંત્ર છે. ત્રણેય વચ્ચે કંઈક સમન્વય એ રીતે દર્શાવી શકાય કે પ્રથમ વિભાગમાં બ્રહ્મની ચર્ચા છે, જે વેદ-આધારિત છે, બીજો વિભાગ નકારાત્મક છે, કારણ કે એમાં શિવ પરમતત્ત્વ નથી એવું સાબિત કર્યું છે, જ્યારે ત્રીજા વિભાગમાં શ્રીકૃષ્ણ એ જ પરમ બ્રહ્મ છે એવી રજૂઆત છે. આ રીતે 'પ્રહસ્તવાદ' અપ્પય દીક્ષિતના વિચારોનું નિરસન કરી વૈષ્ણવોની સ્થિતિ મજબૂત કરે છે. Purushottamji : A Study ના લેખક કહે છે કે 'સ્વકૃતૌ' અથવા 'નિજકૃતૌ' શબ્દ 'અવતારવાદાવલિ' માટે સમઝવો રહ્યો.

પ્રહસ્તવાદની ટીકા માટે વિશેષ કાંઈ નથી કહેવાનું, મૂળ ગ્રંથને જ એ સમઝાવે છે. મૂળ ગ્રંથમાં જ્યાં સમઝાય એવું નથી તે અહીં અગત્યની ચર્ચાઓથી સમઝાવવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના વિષયની અહીં પુનરુક્તિ કરવામાં નથી આવી.

સેવ્યસ્વરૂપ શ્રીબાલકૃષ્ણજી

શ્રીમહાપ્રભુજીના વિદ્યાગુરુ શ્રીવિષ્ણુચિત્ સ્વામી હતા. એમની પાસેથી શ્રીમહાપ્રભુજીને શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ પ્રાપ્ત થયેલું એવું માનવામાં આવે છે.

પ્રભુએ પોતાના પ્રાકટ્ય પછી તામસ વ્રજભક્તોના કરેલ નિરોધનું વર્ણન પહેલાં જન્મપ્રકરણ પછીના બીજા તામસ પ્રકરણમાં છે. પ્રભુએ પોતાની લીલાઓ દ્વારા વ્રજભક્તોમાં ક્રમશઃ પ્રેમ, આસક્તિ અને વ્યસનનું સંપાદન કરી રાસનું દાન કર્યું છે. આ વર્ણનો ક્રમશઃ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ એવા પેટા પ્રકરણોમાં જોવા મળે છે.

વ્રજભક્તોમાં પોતાના પ્રતિ પ્રેમ સંપાદન કરાવવા પ્રભુએ જે સ્વરૂપ ધારણ કર્યું તે જ સ્વરૂપ શ્રીબાલકૃષ્ણજીનું. આ સ્વરૂપથી પ્રભુએ પૂતનાવધ, શકટભંજન અને તૃણાવર્તવધની લીલા કરી છે.

પૂતનાવધની લીલામાં ભગવાનનો વીર્ય ગુણ છે. ભગવાને અતિમાનુષ લીલા કરીને મહિમાજ્ઞાન કરાવ્યું છે. આ દ્વારા સ્નેહ નિરૂપિત થયો છે. આ કથા છઠ્ઠા અધ્યાયમાં છે.

શકટભંગ અને તૃણાવર્તવધ-લીલામાં ભગવાનનો યશોગુણ છે. ભગવાને અહીં કૌતુક કર્યું છે, સર્વની દુઃખનિવૃત્તિ કરી છે. આ રીત સ્નેહનિરૂપણ કર્યું છે. આ કથા સાતમાં અધ્યાયમાં છે. આ અધ્યાયના અંતે શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે.

पूतनासुपयःपाता बालदुःखनिवारकः।
प्रपञ्चस्मृतिहन्ता च गोकुले राजते हरिः ।।१।।
स्वासक्त्यर्थं शकटभित् तृणावर्तविनाशकः ।
सामर्थ्यज्ञापनार्थाय विश्वाधारः प्रसीदतु ।।२।।

પૂતનાના પ્રાણરૂપ દૂધનું પાન કરનારા, બાળકોનાં દુઃખનું નિવારણ કરનારા, પ્રપંચ (સંસાર)ની સ્મૃતિરૂપ અવિદ્યાનો નાશ કરનારા શ્રીહરિ ભગવાન ગોકુલમાં બિરાજમાન છે.

પોતાના સ્વરૂપમાં આસક્તિ સિદ્ધ કરાવવા માટે શકટ (ગાડા)નું ભંજન કરનારા અને પોતાનું સામર્થ્ય બતાવવા માટે તૃણાવર્તનો નાશ કરનારા, વિશ્વના આધારરૂપ શ્રીકૃષ્ણ પ્રસન્ન હો.

શ્રીબાલકૃષ્ણજીનું સ્વરૂપ કોના કોના હાથે સેવાયું એની યાદી

૧. શ્રીવલ્લભાચાર્યજી

૨. શ્રીવિઠ્ઠલેશજી

૩. શ્રીયુદનાથજી (શ્રવિઠ્ઠેલેશજીના ષષ્ઠ પુત્ર)

૪. શ્રીબાલકૃષ્ણજી (શ્રીવિઠ્ઠલેશજીના તૃતીય પુત્ર)

૫. શ્રીદ્વારકેશજી (શ્રીબાલકૃષ્ણના પુત્ર)

૬. શ્રીમધુસૂદનજી (શ્રીયદુનાથજીના પુત્ર)

૭. શ્રીદ્વારકેશજી (શ્રીબાલકૃષ્ણજીના પુત્ર)

૮. શ્રીગિરધરજી (શ્રીદ્વારકેશજીના પુત્ર)

૯. શ્રીદ્વારકાનાથજી (શ્રીગિરધરજીના પુત્ર)

૧૦. શ્રીગંગાબેટીજી (શ્રીદ્વારકાનાથજીના બહેન),
શ્રીજાનકીજી (શ્રીદ્વારકાનાથજીનાં પત્ની)
શ્રી વ્રજભૂષણજી (શ્રીવલ્લભજીના પુત્ર)

૧૧. શ્રીવ્રજરાયજી (શ્રીશ્યામલાલાજીના પુત્ર)

૧૨. શ્રીપુરુષોત્તમજી (શ્રીપીતાંબરજીના પુત્ર)

૧૩. શ્રીપુરષોત્તમજી (શ્રીમુરલીધરજીના પુત્ર)

૧૪. શ્રીગોવર્ધનેશજી (શ્રીપુરુષોત્તમજી નં. ૧૩ના પુત્ર)

૧૫. શ્રીમહારાણી વહુજી (શ્રીગોવર્ધનેશજીના વહુજી)

૧૬. શ્રીગોકુલોત્સવજી (શ્રીમહારાણીજી વહુજી દ્વારા ગોદ લેવાયા)

ગુરૂ તરીકે શ્રીપુરુષોત્તમજી

ગુરુ માટેની બે વ્યાખ્યાઓ આપણા સંપ્રદાયમાં ઊડીને આંખે વળગે છે.

એક વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીએ આપી 'तत्त्वार्थतदीपनिबन्धसर्वनिर्णयप्रकरण'માં:

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम्।
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ।।

કૃષ્ણસેવામાં જે તત્પર હોય, દંભ વગેરેથી રહિત હોય, નર હોય અને શ્રીભાગવતના તત્ત્વને જાણતા હોય તેવાનો ગુરુ તરીકે જિજ્ઞાસુ મનુષ્યે આશ્રય કરવો.

આ બધાં લક્ષણો આપણે આપશ્રીના વ્યક્તિત્વમાં આગળ પણ જોયાં છે.

બીજી વ્યાખ્યા શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ આપી.

पुष्टिमार्गीयसर्वज्ञः करुणारसपूरितः ।
श्रेष्ठफलप्रदाता च तस्मै श्रीगुरवे नमः ।।

પુષ્ટિમાર્ગના સકલ રહસ્યને જાણનાર, અત્યંત કરુણાવાળા અને શ્રેષ્ઠ ફલનું દાન કરનાર શ્રીગુરુદેવને નમન હો.

આ લક્ષણો પણ આપશ્રીના જીવનદર્શનમાં સ્પષ્ટ છે જ.

સુરત જેવા મોજીલા અને વિલાસી શહેરમાં બિરાજીને પણ આપ જલકમલવત્ જીવ્યા છે. આપશ્રીના આચાર-વિચાર અને વ્યવહારમાં મન વચન અને કર્મની એકવાક્યતા જણાય છે. પોતાના બંને પુત્રો નાની વયમાં લીલામાં પધાર્યા છતાં પુત્રવિયોગના કારમા આઘાતને સહજ રીતે જીરવી ગયા.

આપશ્રી શ્રીબાકૃષ્ણ પ્રભુની સેવામાં સદા તત્પર હતા. આપશ્રી વિદ્વાન પણ હતા, છતાં આપશ્રીમાં દંભ અભિમાન વગેરે દુર્ગુણોનો સદંતર અભાવ હતો. આપશ્રી સત્યવક્તા અને સ્પષ્ટવક્તા હતા. શુદ્ધાદ્વૈત-દર્શનનું સદા પ્રતિપાદન કરતા છતાં અન્ય મતોના વિદ્વાનોની સાચી વિદ્વત્તાના ગુણગ્રાહી પણ હતા.

વૃદ્ધ માજી તથા સુબોધિનીજીની કારિકાવાળા પ્રસંગથી સ્પષ્ટ થાય છે કે જો આપશ્રીને કોઈ પણ ગ્રંથ સમઝવામાં શંકા પડે અને ત્યાં કોઈ સાચો અર્થ દર્શાવે તો એ સ્વીકારી લેતા. આવા નિરભિમાન હતા.

આપશ્રી પોતાનામાં અને પોતાના સેવકોમાં ખૂબ ઊંચા પ્રકારનાં નૈતિક ધોરણોની અપેક્ષા રાખતા હતા. ઈંદ્રિયનિગ્રહનો આખોયે પ્રશ્ન આપે ખૂબ ભારપૂર્વક અને વિસ્તારપૂર્વક 'આવરણભંગ'માં ચર્ચ્યો છે.

આપશ્રીએ પરદેશ પધારી વૈષ્ણવોની જે સેવા અંગીકાર કરી હતી તે સેવાનો વિનિયોગ શ્રીબાકૃષ્ણપ્રભુના સુખ માટે જ આપશ્રી કરતા. આપશ્રીના સમયમાં અનેક કુટુંબો આપની પ્રતિભાથી અંજાઈ શરણે આવ્યાં. આપશ્રીએ શ્રીબાલકૃષ્ણપ્રભુનો વૈભવ પણ વધાર્યો.

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिक स्नेहो भक्तिरिति प्रोक्तः આ ન્યાયે પોતાના સેવકોને પ્રભુના માહત્મ્યજ્ઞાન વિષે સમઝ આપવા તથા ભક્તિનું વર્ણન કરવા આપશ્રી નિત્ય રાતે ભગવદ્‌વાર્તા કરતા.

આપશ્રી સોનગઢ પધારેલા ત્યારે ત્યાંના વૈષ્ણવોમાં પણ સ્વમાર્ગ વિશે જાગૃતિ આણવા આપે પ્રયત્નો કર્યા હતા. ત્યાંના એક વૈષ્ણવ બ્રાહ્મણને આજ્ઞા કરી કે વૈષ્ણવોને આ ગ્રંથો સમઝાવવા. એના બદલામાં અગ્ર પૂજાનો હક્ક પણ આપલો.

આપશ્રીમાં ગુરુ તરીકેનાં સર્વ લક્ષણો બિરાજે છે, આથી આપ આચાર્યત્વની અભિલાષા કરી શક્યા હોત, પણ આપશ્રીએ એવું નથી કર્યું. 'પ્રહસ્તવાદ'માં તો છેલ્લે આપ પોતાને શ્રીવલ્લભના દાસાનુદાસ તરીકે ઓળખાવે છે.

कृष्णसेवापरं આ કારિકાની ટીકામાં આપ લખે છે કે આ સંપ્રદાયનું ગુરુત્વ યા આચાર્યત્વ તો શ્રીઆચાર્યજીએ 'સ્વ'માં જ નિશ્ચિત કર્યું છે, આથી આપશ્રી પોતાને 'ગુરુદ્વાર' કહે છે. શ્રીઆચાર્યજીના દાસ્યની આપશ્રી વારંવાર પ્રાર્થના કરે છે અને કહે છે : જીવબુદ્ધિથી જો કંઈ સદ્‌અસદ્‌ લખાઈ ગયું હોય તો પ્રભુ ક્ષમા કરો. પ્રબલ પાંડિત્ય પણ કેવું દૈન્યપૂર્ણ ! આ વિરુદ્ધધર્માશ્રય આપશ્રીનું ભાગવતત્વ પ્રતિપાદિત નથી કરતો ?

આપશ્રી ભૂતલે ૭૦ વર્ષ બિરાજ્યા. 'લેખવાળા' અને 'દશદિગંતવિજયી' શ્રીપુરુષોત્તમજી 'ટીકાસાગર'નું બિરુદ પામ્યા. આપશ્રીએ સંપ્રદાયની નિવૃત્તિ અટકાવી છે.

રૂપસેવા અને નામ સેવા કરતાં કરતાં પ્રભુના વિયોગરસનો પણ અનુભવ કર્યો અને નિત્ય સંયોગરસ પ્રાપ્ત કરવા સં. ૧૮૨૦માં જન્મભૂમિ ગોકુલમાં નિત્યલીલાપ્રવેશ કર્યો.

જેમ શંકરાચાર્યના માયાવાદમાં સાયણ માધવનું સ્થાન અદ્વિતીય છે, જૈન મતમાં જેમ શ્રીહેમચંદ્રાચાર્યજીનું સ્થાન અદ્વિતીય છે તે રીતે શુદ્ધાદ્વૈત -બ્રહ્મવાદમાં શ્રીપુરુષોત્તમજીનું સ્થાન અદ્વિતીય છે.

શ્રીહરિરાયજી મહાપ્રભુજીની દષ્ટિમાં શ્રીપુરુષોત્તમજી[1]

શ્રીહરિરાયજી શયનની સેવા પહોંચીને અંતરંગ સેવકો સાથે એકાંતમાં બિરાજતા હતા. આ સેવકોમાં હરજીવનદાસ, પ્રેમજીભાઈ તથા આપશ્રીના સજાતીય કુટુંબી વિઠ્ઠલનાથ ભટ્ટ ખાસ હતા.

એકવાર વિઠ્ઠલનાથ ભટ્ટે વિનંતી કરી : 'પ્રભુ ! હવે વલ્લભવંશની સ્વરૂપભાવના જાણવાનું મન છે તો કૃપા કરીને સમઝાવો.'

શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી. 'શ્રીમહાપ્રભુજી નિર્ગુણધર્મી - સ્વરૂપ છે. આ નિર્ગુણ સ્વરૂપના અલૌકિક સત્ત્વ, રજસ્ તથા તમસ્ ગુણ ધર્મો છે. આ ત્રણ અલૌકિક ધર્મો ધારણ કરી શ્રીગુસાંઈજી પ્રકટ થાય, આથી આ બંને સ્વરૂપ શુદ્ધ તથા ત્રણ અલૌકિક ધર્મોના મિશ્રણથી સ્વવંશમાં વારંવાર પ્રકટે છે. ત્રીજી પેઢીએ ધર્મરૂપથી એ જ લાલજી પુનઃ પુનઃ પધારે છે. શ્રીમહાપ્રભુજી પોતાના એક એક વિરુદ્ધ ધર્મથી સમયે સમયે સ્વવંશમાં પ્રકટ થઈ, એ ધર્મ અનુસાર અસાધારણ કાર્યો કરાવી જગતમાં પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે.

વિઠ્ઠલનાથ ભટ્ટે પુનઃ પૂછ્યું : 'કૃપાનાથ ! શ્રીમહાપ્રભુજીએ કયા કયા ધર્મરૂપથી કયાં કયાં કાર્યો કર્યાં છે ?'

શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી, : 'ભટ્ટજી ! શ્રીમહાપ્રભુજી પોતાના રાજસધર્મથી શ્રીગોકુલેશજી-સ્વરૂપે પ્રકટ્યા. એ દ્વારા ભાવાત્મક સેવાઓની ભાવનાઓનો વિસ્તાર કર્યો. એ પ્રમાણે મનોરથોનો વિસ્તાર પણ કર્યો. રાજસધર્મપ્રધાન દાસ્યભાવે આપે માળાતિલકની ક્રિયાત્મક સ્વરૂપથી રક્ષા કરી, શ્રીમહાપ્રભુજીની આચારમાર્યાદા આપે મર્યાદારૂપથી દઢ કરી.

'શ્રીમહાપ્રભુજી તામસભાવથી હાલ સુરતમાં શ્રીપુરુષોત્તમજીસ્વરૂપે બિરાજમાન છે. આપ શ્રીમહાપ્રભુજીના ગ્રંથો પર પ્રકાશ, વિવૃતિ આદિ રચીને ભગવલ્લીલાજ્ઞાનનો વિસ્તાર કરે છે અને માયાવાદીઓને પરાજિત કરી બ્રહ્મજ્ઞાનનો વિસ્તાર કરે છે.

વિઠ્ઠલનાથ ભટ્ટે પૂછ્યું : 'કૃપાનાથ ! શ્રીમહાપ્રભુજીના સાત્ત્વિકધર્મસ્વરૂપ કોણ ?'

જવાબમાં શ્રીહરિરાયચરણો મૌન રહ્યા ત્યારે હરજીવનદાસે કહ્યું : 'એ શ્રીહરિરાયજી પોતે જ પોતે પોતાની વાત ન કરે માટે મૌન રહ્યા.'

શ્રીપુરુષોત્તમજીની અદ્વિતીયતા

શ્રીમહાપ્રભુજીએ 'તત્ત્વાર્થદીપનિબંધ' લખ્યો છે એમાં શાસ્ત્રાર્થ પ્રકરણ સર્વનિર્ણય પ્રકરણ તથા ભાગવતાર્થ પ્રકરણ એમ ત્રણ પ્રકરણો છે.

પ્રાયઃ ૩૦૦૦ મૂલ કારિકા શાસ્ત્રાર્થ પ્રકરણથી પ્રારંભી ભાગવતાર્થ પ્રકરણના અંત પર્યંત આ તત્ત્વાર્થદીપનિબંધમાં વિદ્યમાન છે.

શ્રીમહાપ્રભુજીએ આ કારિકાઓ ઉપર પ્રકાશ કરતું પ્રાસાદિક વ્યાખ્યાન કર્યું છે, જે 'તત્ત્વર્થપ્રકાશ' તરીકે ઓળખાય છે શાસ્ત્રાર્થ તથા સર્વનિર્ણય પ્રકરણો ઉપર સમગ્ર પ્રકાશ વિદ્યમાન છે. ભાગવતાર્થ પ્રકરણમાં એ સમગ્રતઃ નથી, પ્રથમ સ્કંધથી પાંચમા સ્કંધની કારિકા ૧૨૨ પર્યુંત જ એ ઉપલબ્ધ થાય છે. પાંચમાં સ્કંધની ૧૨૩મી કારિકાથી બારમા સ્કંધ સુધી 'તત્ત્વાર્થપ્રકાશ' પ્રાપ્ત થતો નથી, માત્ર મૂલ કારિકાઓ જ બિરાજે છે.

દીપને ઉજ્જવલ કરવા શ્રીમહાપ્રભુજીએ 'પ્રકાશ' નામનું વ્યાખ્યાન કર્યું. શ્રીપુરુષોત્તમજીએ 'તત્ત્વાર્થપ્રકાશ'ને દેદીપ્યમાન કરવા, વધુ સ્પષ્ટ કરવા 'આવરણભંગ' નામની ટીકા કરી.

શ્રીપુરુષોત્તમજીએ 'આવરણભંગ' ટીકા શ્રીમહાપ્રભુજીના તત્ત્વદીપનિબંધ ઉપર લખી છે, ભાગવતાર્થ પ્રકરણના પાંચમા સ્કંધની ૧૨૨મી કારિકા સુધી.

ભાગવતાર્થ પ્રકરણની ૧૨૨મી કારિકા પછી શ્રીપુરુષોત્તમજીએ પોતાની ટીકાનું નામ 'યોજના' રાખ્યું છે, કારણ કે એ પછી તત્ત્વાર્થપ્રકાશ ઉપલબ્ધ થતો નથી. આથી માત્ર તત્ત્વાર્થદીપ કારિકાઓનો અર્થ યોજી આપવાનું કાર્ય આપશ્રીનું છે.

સંપ્રદાયમાં આ ધુરંધર ગોસ્વામીશ્રીની નામસેવા ઉત્કૃષ્ટ છે. તત્ત્વાર્થપ્રકાસના અભાવે મૂલ કારિકાનો અર્થ અસ્પષ્ટ રહે છે, આથી યોગ્ય દિશા દર્શાવનાર કોઈ વિશ્વસનીય ટીકાકાર જોઈએ, સદ્ભાગ્યે શ્રીપુરુષોત્તમજીએ આ ખોટ પૂરી પાડી છે.

પત્રાવલંબન ગ્રંથમાં પણ ૩૧મી કારિકામાં પણ શ્રીપુરુષોત્તમજીએ પૂર્તિ કરી છે. શંકા કરનારા કહે છે કે ધર્મો પોતાની મેળે સ્વરૂપ વડે ધર્મીથી ભિન્ન છે. ત્યાં સમાધાન કર્યું છે : ધર્મી પોતે જ પ્રથમ ધર્મરૂપ પ્રકટ થાય છે. જેમ જુદા જુદા રૂપે પ્રકટ થયેલાં નડતાં બે રૂપોમાં ભેદ નથી છતાં ફક્ત ભેદ જણાય છે તેમ (અહીં 'પત્રાવલંબન'નો મૂળ ગ્રંથ ખંડિત છે એમ શ્રીપુરુષોત્તમજીને લાગે છે તેથી એઓ પોતે ત્રુટિત ભાગ પૂરો કરી આપે છે) આ પ્રમાણે જ્યારે કહિયે ત્યારે તો પ્રાથમ્ય-પહેલાપણું-કાળની દૃષ્ટિએ થયેલું હોવાથી ભેદ ઉત્પન્ન કરે તેથી એનું ખંડન કરવા માટે 'सदेव सोम्येदमग्र आसीत्' આ પહેલાં હે સૌમ્ય ! સત્ જ હતું' - એ શ્રુતિમાં કહેલા કાળનો (અગ્રે) બોધ કરવાના હેતુથી પ્રતિપાદન થયેલું છે એટલે ભેદનું નિરાકરણ થાય છે. એના પ્રસંગમાં 'એક' પદનો અર્થ મુખ્ય છે એ બાબતનું નિરાકરણ થયું તેથી अस्ति भाति प्रियं रूपं नाम च - છે, દેખાય છે, પ્રિય છે, રૂપ છે, નામ છે આ પાંચ અંશો છે. પહેલા ત્રણ અંશો બ્રહ્મરૂપ છે (સચ્ચિદાનંદરૂપ છે) અને બાકીનાં બે માયિક છે. આ મત જગત બ્રહ્મ નથી એ સિદ્ધ કરવા માટે પ્રથમ દર્શાવી નામ અને રૂપ એ બે માયિક નથી એમ સિદ્ધ કર્યું. આ પ્રમાણે ભેદવાદ અને માયાવદનું નિરાકરણ થતાં આ અબ્રહ્મરૂપ - બ્રહ્મરહિત- છે એવો અર્થ જણાતો નથી (પણ સર્વ બ્રહ્મ છે એવો અર્થ પ્રતીત થાય છે.)

આ હેતુથી મીમાંસકોએ કરેલી (अथातो धर्मजिज्ञासा જૈ.સૂ. ૧-૧-૧ એ સૂત્રમાં) ધર્મજિજ્ઞાસા વેદાંતે સ્વીકારી નહિ, તેથી એ નિશ્ચિત કુંઠિત થાય.

('પત્રાવલંબનમ્' ગુર્જરાનુવાદ પ્રા. ગોવિંદલાલ હ. ભટ્ટ એમ.એ. - સંપાદક શ્રીવૈષ્ણવ મિત્ર મંડળ મુંબઈમાંથી સાભાર)

પં.ગટ્ટુલાલજી દ્વારા 'સર્વતંત્રસ્વતંત્ર'નું બિરુદ પામનાર શ્રીપુરુષોત્તમજી મહારાજને કોટિ કોટિ વંદન.

હે શ્રીપુરુષોત્તમજી મહારાજ ! હું જીવ તો સ્વભાવ દુષ્ટ છું. મૂઢ મતિ છું. આપનું સ્વરૂપ અને આપની કૃતિઓ ગૂઢ છે. હરિ, ગુરુ અને વૈષ્ણવથી પ્રેરાયેલા મેં એક આ અલ્પ પ્રયાસ કર્યો છે. મારો આ પ્રયાસ મારા પ્રમાદથી અધુરો છે, તેને મધુરો કરવા આપની કૃપા વાંચ્છુ છું.

આપ શ્રીમાનોને પીયૂષના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

બિનધાર્મિક સંસ્થા ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા જી.એન.એફ.સી. કોર્પોરેટ બિલ્ડીંગમાં **ડૉ. શ્રીપીયૂષભાઈ પરીકે 'વિવેક-ધૈર્ય-આશ્રય'** વિષય ઉપર **શ્રીમદ્ વલ્લભાચાર્યજીના સિદ્ધાંતો**ના આધારે ત્રણ ચરણમાં સુંદર, રસપ્રદ, મનનીય વકતવ્ય આપ્યું.

- ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા આયોજિત સાંધ્ય વાર્તાલાપ (સત્સંગ) **'શ્રીકૃષ્ણાશ્રય'** પણ દ્વિતીય ચરણમાંથી હવે આગળ ઉપર તૃતીય ચરણમાં પ્રવેશશે.

તા. ૭-૧૨-૨૦૦૩, રવિવારે શ્રીગોવર્ધનનાથજી પ્રભુને બડો મનોરથ - છપ્પનભોગ મહોત્સવ સંધ્યાએ પૂજ્ય આચાર્યચરણો **પૂ.પા.ગો. ૧૦૮ શ્રીપરાગજીકુમારજી મહોદયશ્રી, પૂ.પા.ગો. ૧૦૮ શ્રીનૈમિષકુમારજી મહોદયશ્રી અને પૂ.પા.ગો. ૧૦૮ શ્રીતિલક બાવાશ્રી**ની સમુપસ્થિતિમાં સંપન્ન થયો. આપશ્રીના વરદ્ કરકમળો દ્વારા સુંદર માહિતીસભર પુસ્તિકા તથા ભરૂચના અગ્રણી વૈષ્ણવ **શ્રીવૈકુઠભાઈ ભગત** રચિત **'શ્રીહરિરાયવર્યલીલાસ્તવનમ્'** પુસ્તિકાનું વિમોચન થયું. તદ્ઉપરાંત પુષ્ટિમાર્ગીય પુસ્તકો, ગ્રંથો તેમજ અન્ય સાહિત્યના વેચાણ કેન્દ્રનો વૈષ્ણવોએ લાભ લીધો. પુષ્ટિમાર્ગીય ધાર્મિક મેગેઝીનના લવાજમ સ્વીકારવામાં આવ્યા, તેમજ પરિષદની સભ્ય સંખ્યામાં વૃદ્ધિ માટે સભ્યોની નોંધણી કરવામાં આવી.

- **શ્રીગુસાંઈજીના પ્રાગટ્યોત્સવ** પ્રસંગે **શ્રીવલ્લભસદન**, મુંબઈમાં **ડૉ. શ્રીપીયૂષભાઈ પરીખ** અને ભરૂચના કીર્તનીયા વૃંદે હવેલીસંગીત આધારીત કીર્તન-ગાન અને રસાસ્વાદ કાર્યક્રમ રજૂ કર્યો.

- તા. ૩૧-૧૨-૨૦૦૩ના રોજ **પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી**ના **જન્મ મહોત્સવના દિવસે** આપશ્રીના સાંનિધ્યમાં **'ગુરુ-ભક્તિ'** વિષય ઉપર **ડૉ. શ્રીપીયૂષભાઈ**નું પ્રેરણાત્મક, મનનીય એવં ચિંતનીય વકતવ્ય રજૂ થયું.

વર્ષ ૨૦૦૪ : **તા. ૬-૨-૨૦૦૪**ના રોજ ભરૂચ ડિસ્ટ્રીક્ટ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા જી.એન.એફ.સી. ઓડિટોરિયમમાં **આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ શાખા**ના માધ્યમથી **શ્રીમદ્ વલ્લભાચાર્યજીના તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો**ને આધારે **પૂ.પા.ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી**નું અલૌકિક પ્રવચન **'આધ્યાત્મિક વ્યવસ્થાપન'** રજૂ થયું.

- આ દિવસે **ડૉ. શ્રીપીયૂષભાઈ પરીખ** દ્વારા **'વિવેક-ધૈર્ય-આશ્રય'**, માનવમાત્રના વ્યવહારમાં અને વ્યવસાયમાં કેવી રીતે ઉપયોગી છે તે વિષયના ત્રણ પ્રવચનોને સાંકળતી અંગ્રેજી ભાષાની પુસ્તિકાનું વિમોચન **પૂ.પા.ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી**ના વરદ્ કરકમળો દ્વારા થયું.

- **તા. ૭-૨-૨૦૦૪**ને સવારે શ્રીઆચાર્યજી મહાપ્રભુજી બેઠકજીએ **પૂ.પા.ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી**એ બ્રહ્મસંબંધ દીક્ષાનું દાન કર્યું.

- આ દિવસે સાંજે પંડિત ઓમકારનાથજી ઠાકુર ઓડિટોરિયમમાં પુષ્ટિ નાટક **'તમારા શરણે આવી હું, શ્રીજી!'**નો ૧૧૪મો પ્રયોગ **પૂ.પા.ગો. ૧૦૮ ડૉ. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી**ના સાંનિધ્યમાં રજૂ થયો.

- **ડૉ. શ્રીપીયૂભાઈ પરીખ** દ્વારા લિખિત સાંપ્રદાયિક પુસ્તિકા **'આપણા જ આચાર્ય - શ્રીપુરુષોત્તમજી લેખવાલા'**નું **વિમોચન** પૂજ્ય **મહારાજશ્રીના વરદ્ કરકમળો** દ્વારા કરવામાં આવ્યું તથા આપશ્રીએ **પ્રોત્સાહક** અને **પ્રેરણાત્મક વચનામૃતથી વૈષ્ણવોને અલૌકિક આનંદમાં રસતરબોળ કર્યા.**

સંકલન : **આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ શાખા.**